वर्ष : 5 ◆ અંક : 4
જુલાઈ-ઑગસ્ટ 2015
સળંગ અંક : 28

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

'સર્વશક્તિમાન ઈશ્વરને બે બોલ ! મારી પ્રજાને પરસેવો પાડવા માટે પ્રેરિત કરો. એમની મહેનતથી ઘણા બધા અગ્નિ સર્જન પામે જે દૂષણોનો જડમૂળથી વિનાશ કરે. મારા દેશમાં શાંતિ અને સમૃદ્ધિ પ્રસરે. મારા દેશવાસીઓ હળીમળીને જીવે. મને ભારતના એક ગૌરવશાળી નાગરિક તરીકે એની ધૂળમાં મળી જવા દો જેથી ફરીથી જન્મ લઈને તેની યશગાથા માણી શકું.'

'હે ઈશ્વર ! મારા દેશવાસીઓનાં મનમાં એવા વિચાર અને કર્મની ભાવના જગાડો કે તેઓ હળીમળીને રહી શકે. મારા દેશના તમામ ધાર્મિક નેતાઓ ને પ્રજાને એવી શક્તિ આપવા માટે પ્રેરિત કરો, જેથી વિભાજનના બળનો તે સામનો કરી શકે. નેતાઓ અને પ્રજાના મનમાં આ ભાવ જગાડો કે દેશ વ્યક્તિ કરતાં વધુ મહાન છે. હે ઈશ્વર ! દેશને ઝડપથી સમૃદ્ધ બનાવવા માટે મારા લોકોને કર્મશીલ બનાવવા આશીર્વાદ આપો.'

**ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ**

*

વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી
માથે ધરું ધૂળ વસુન્ધરાની.

*

ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાધશે !

*

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !

**ઉમાશંકર જોશી**



## મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટર
## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું ગૌરવ
## I. A. S. થયા



### શ્રી અનિલ તુલસીભાઈ ધામેલિયા (પટેલ)

મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટર, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના વિદ્યાર્થી શ્રી અનિલ તુલસીભાઈ ધામેલિયા (પટેલ) (જ. તા. 25-5-1986)એ ચાલુ વર્ષે લેવાયેલ ઇન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષા ઑલ ઇન્ડિયા રેન્ક – AIR-23મા ક્રમે પાસ કરી I.A.S. થયા. તેમનું મૂળ વતન ભાવનગર જિલ્લાનું ગારિયાધર છે. તેમના પિતા વતનમાં ખેતી કરે છે. તેમણે પ્રાથમિક શિક્ષણ સારંગીપુર, માધ્યમિક શિક્ષણ શ્રીજી વિદ્યાલય, સાતપડા (જિ. ભાવનગર), ઉચ્ચ માધ્યમિક શિક્ષણ વલ્લભવિદ્યાનગરની બી. એન. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલમાંથી મેળવ્યા બાદ વ્યારાની હોમિયોપેથી કૉલેજમાંથી સ્નાતકની ડિગ્રી મેળવીને સિવિલ સર્વિસ પરીક્ષાનું પ્રશિક્ષણ સ્પીપા, અમદાવાદમાંથી મેળવ્યું હતું. ત્યાર બાદ સઘન તૈયારી માટે મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરમાં વર્ષ 2012માં જોડાયા હતા. તેમણે વૈકલ્પિક વિષય તરીકે ગુજરાતી સાહિત્ય પસંદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે કૉલેજ શિક્ષણ દરમિયાન જ સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરવાનો નિર્ધાર કર્યો હતો અને આ પરીક્ષા કઠોર પરિશ્રમ બાદ ચોથા પ્રયત્ને પાસ કરી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર શ્રી અનિલ ધામેલિયાને તથા તેમનાં માતા-પિતાને ઉચ્ચતમ સિદ્ધિ હાંસલ કરવા માટે હાર્દિક અભિનંદન પાઠવે છે.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૫, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૫; સળંગ અંક : ૨૮

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : ચાલો, ૭ ઑગસ્ટ ઉજવીએ... મણિભાઈ પ્રજાપતિ ૧
- શ્રદ્ધાંજલિ : વૈષ્ણવજન અને આર્ષદ્રષ્ટા વૈજ્ઞાનિક ડૉ. અબ્દુલ કલામની ચિર વિદાય... ૩

૧. ગ્લૅડ ગેઈમ — મોહનલાલ પટેલ ૯

૨. છું જુગજૂનો હું અધ્યાપક "શીખવું" મારું અદકું અણુવ્રત — ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી ૧૧

૩. ઉમાશંકર જોશી — ભોળાભાઈ પટેલ ૧૪

૪. હમ્બોલ્ટ સ્ટેટમાં પ્રથમ બે વર્ષ : શિક્ષક બનવાની મથામણ — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૭

૫. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ
- ઓગણીસમી સદીના ગ્રંથ અને ગ્રંથકાર ૩૨
- ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા ૩૫

૬. સંસ્થા સમાચાર
- યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૩૮
- શાળા વિભાગ ૪૪


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### ચાલો, ૭ ઑગસ્ટ ઉજવીએ...

૭ ઑગસ્ટ એટલે ગુર્જર ભારતીય સાહિત્યના ગૌરવપુરુષ એવા સંવેદનશીલ પ્રબુદ્ધ સર્જક, બહુભાષાવિદ્, અદના શિક્ષક અને માનવીય ગૌરવના ઉપાસક પદ્મશ્રી ભોળાભાઈ પટેલની જન્મતિથિ. તેમણે નિબંધ, પ્રવાસ-નિબંધ, વિવેચન, અનુવાદ, સંપાદન વગેરે સંબંધી ૧૦૫થી અધિક સત્ત્વશીલ કૃતિઓ સાહિત્યજગતને આપી છે. તેઓશ્રી હિન્દી ભાષા – સાહિત્ય તથા તુલનાત્મક સાહિત્યના પ્રતિભાસંપન્ન વિદ્વાન અધ્યાપક તરીકે સારાય ભારતવર્ષમાં ખ્યાતિપ્રાપ્ત હતા. પૂર્વોત્તર ભારતીય ભાષાઓ – સવિશેષતઃ બંગાળી, ઉડિયા અને અસમિયામાંથી ઉત્તમ અંશોનું અવતરણ કરીને ગુજરાતી ભાષાને તેમણે સમૃદ્ધ કરી છે. તેમનું નિબંધ-સાહિત્ય – પ્રવાસ-નિબંધો ગુજરાતી સાહિત્યનું આગવું ઘરેણું છે. આ નિબંધોમાં તેમની છલકતી રસિકતા, સૌંદર્યાન્વેષી દૃષ્ટિ અને ઐતિહાસિક – સાંસ્કૃતિક – સંદર્ભોનું ગહન જ્ઞાન તથા સ્થળવિશેષની લોકપ્રચલિત માન્યતાઓની ઔચિત્યપૂર્ણ સ-રસ ગૂંથણી ઊડીને આંખે વળગે છે. તેમના પ્રવાસ નિબંધો વાંચતાં જ જે-તે સ્થળ વિશેષનો પ્રવાસ કરવાની ઉત્કટ ઇચ્છા થાય અથવા જો તે સ્થળ જોયું હોય તો પ્રશ્ન ઉદ્ભવે કે આવું તો આપણે કશું ન જોયું ? ન સાંભળ્યું ? ન અનુભવ્યું ? નિબંધોની રચનારીતિ પણ એવી કે જાણે તે બોલે છે અને આપણે સાંભળીએ છીએ. અભિવ્યક્તિ સરળ અને હૃદ્ય. ભાયાણીસાહેબની સ્મૃતિ તાજી રાખે તેવો તેમનો કાવ્યશાસ્ત્રવિનોદ. બસ ! સાંભળતા જ રહીએ. તેમનું વિવેચન ગુણાનુરાગી અને

આસ્વાદમૂલક રહ્યું છે. બીજા શબ્દોમાં તેઓશ્રી 'વિકસિત સંવેદનશીલતા અને પરિષ્કૃત રસ-રુચિના વિવેચક' તરીકે ખ્યાતિપ્રાપ્ત હતા. આધુનિકતા અને પાશ્ચાત્ય પ્રભાવના વિશેષ સંદર્ભમાં 'અજ્ઞેય : એક અધ્યયન' (૧૯૭૭) પીએચ. ડી.ની ડિગ્રી માટે તેમણે તૈયાર કરેલ શોધપ્રબંધ અજ્ઞેય ઉપરનાં આજ સુધીનાં સંશોધનોમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. 'પરબ'ના તંત્રીલેખોમાં સાહિત્યિક પત્રકારત્વના આદર્શની દિશા ખોલી આપી છે. તેમજ જ્યાં જરૂર જણાઈ છે ત્યાં દો ટૂંક શબ્દોમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કરતાં ખચકાયા નથી. વિદગ્ધ અને પ્રભાવક વકતા તથા વિદ્યાર્થી વત્સલ અધ્યાપક તરીકે પણ વિશેષ ખ્યાત. એમનાં નિર્દોષ – ઉલ્લાસમય હાસ્ય તથા પાંડિત્યના ભારવિહીન સહૃદયતા અનન્ય. સૌ કોઈ તેમને સરળતાથી મળી શકતું, પોતાની વાત કરી શકતું અને શાતા મેળવી શકતું હતું. 'મળી માતૃભાષા મને ગુજરાતી' અને 'આવ ગિરા ગુજરાતી' તેમના આ બે ગ્રંથો માતૃભાષા ગુજરાતી પ્રત્યેની નિસબતના પ્રતીતિકારક છે. ઉલ્લેખનીય છે કે ભોળાભાઈના પ્રદાનને ધ્યાને લઈ અનેકવિધ સાહિત્યિક સંસ્થાઓએ તેમના સર્વોચ્ચ સમ્માનોથી તેમજ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'પદ્મશ્રી'થી તેમને સમ્માનિત કરવામાં આવ્યા હતા.

આવા ગરવા સ્વનામધન્ય પ્રતિભાસંપન્ન સર્જક ભોળાભાઈ પટેલની જન્મતિથિ ગુજરાતી ભાષા–સાહિત્યના એક ગૌરવ પર્વ – સાહિત્યપર્વ તરીકે પ્રતિવર્ષ ઊજવવી જોઈએ. તેમની કાયમી સ્મૃતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તેમની સ્મૃતિમાં 'ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવી છે, જે આવકાર્ય, અભિનંદનીય અને શ્લાઘનીય છે. આ દૃષ્ટિવંત કાર્ય માટે પરિષદના કર્ણધારોને શત્ શત્ અભિનંદન સહ વંદન. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય પાસેના ચોકનું 'પદ્મશ્રી ભોળાભાઈ પટેલ ચોક' નામાભિધાન કરીને સ્તુત્ય કાર્ય કર્યું છે. આ માટે તત્કાલીન સાહિત્ય અને કલાપ્રિય મેયર શ્રી અસિત વોરા વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે. આ સાથે ભોળાભાઈનું સમગ્ર સાહિત્ય – હસ્તપ્રતો, પત્રવ્યવહાર સહિત – એક સ્થળે ઉપલબ્ધ થાય – એક અધ્યયન કેન્દ્ર સ્થપાય તેવી વ્યવસ્થા પણ આવકાર્ય બની રહેશે. રવીન્દ્રનાથનું સમગ્ર સાહિત્ય સસ્તી કિંમતે ઉપલબ્ધ કરાવીને બંગાળ સરકારે જે ઉદાહરણ સ્વરૂપ કાર્ય કર્યું છે તેને કે ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ દ્વારા 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (૯ ખંડો, પ્રથમ આવૃત્તિ)નું પ્રકાશન કરવામાં આવ્યું છે તેને અનુસરીને ગુજરાત સાહિત્ય અકાદમી પણ ભોળાભાઈના સમગ્ર સાહિત્યને સામાન્ય વ્યક્તિને પણ પોષાય તેવી સસ્તી કિંમતે પ્રકાશિત કરશે તો આ કાર્ય ગુજરાતી સાહિત્યની મૂલ્યવાન સેવા પુરવાર થશે.

આજે આપણે આપણા ઘણા પ્રાચીન–મધ્યકાલીન ભારતીય સાહિત્યકારો કે જેઓશ્રી વિશ્વ સાહિત્યમાં પોતાનું આગવું સ્થાન શોભાવી રહ્યા છે. તેમની જન્મભૂમિ, જન્મતિથિ કે તેમના જીવનચરિત્રથી પ્રાયઃ અજ્ઞાત છીએ, જેનો હૃદયથી વસવસો પણ અનુભવીએ છીએ અને તેને પ્રસંગોપાત્ત વ્યક્ત પણ કરતા રહીએ. આ ઉપરાંત પશ્ચિમના દેશોની યાત્રા સમયે ત્યાંના સુપ્રસિદ્ધ સર્જકોનાં વતન ઉદા. તરીકે ઇંગ્લૅન્ડમાં શેક્સપિયરનું સ્ટ્રેટફર્ડ અપન એવન, વર્ડ્ઝવર્થનું લેક ડિસ્ટ્રિક્ટના ગ્રાસમિયર સરોવરના કાંઠે 'ડવ કોટેજ', ચાર્લ્સ ડિકન્સનું લંડનમાં નિવાસસ્થાન' પૅરિસમાં બોદલેરનાં ઘરો, રોમના સ્પેનિશ ચોકમાં કવિ કીટ્સે જ્યાં અંતિમ શ્વાસ લીધેલો એ ઘર, ફ્લોરેન્સમાં કવિ દાન્તે વગેરેનાં નિવાસસ્થાનો – સમારકોને ત્યાંની પ્રજાએ તીર્થભૂમિ તરીકે પ્રસ્થાપિત કરીને સાહિત્ય અને સાહિત્યકારો પ્રત્યે જે આદર – સન્માનભાવના વ્યક્ત કરી છે તેની મુલાકાત લઈને ત્યાંની પ્રજાને મનોમન અભિનંદન આપીને તેમની સંસ્કારિતાની કદર પણ કરીએ છીએ. પરંતુ, કોઈ પણ વિચાર કે જ્ઞાન કાર્યમાં ન પરિણમે ત્યાં સુધી તે અર્થહીન છે. આ દૃષ્ટિએ ભોળાભાઈ પ્રત્યેના સ્નેહાર્દ આદર-ભાવનાને માત્ર શબ્દોમાં વ્યક્ત કરી અટકી ન જતાં ઇતિહાસબોધ ગ્રહણ કરીને આપણે કંઈક કરી છૂટવા કૃતનિશ્ચિયી બની રહીએ.

ઉલ્લેખનીય છે કે સ્વનામધન્ય સર્જક શ્રી ભોળાભાઈનું વતન સોજા, તા. કલોલ, જિલ્લો, ગાંધીનગર. તેમનો જન્મ તેમના વતનમાં તા. ૭-૮-૧૯૩૪ના રોજ થયો હતો અને તેમનું અવસાન અમદાવાદમાં તા. ૨૦-૫-૨૦૧૨ના રોજ થયું હતું.

**મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

## વૈષ્ણવજન અને આર્ષદ્રષ્ટા વૈજ્ઞાનિક ડૉ. અબ્દુલ કલામની ચિર વિદાય...

ભક્તકવિ નરસિંહ મહેતાને અભિપ્રેત એવા વૈષ્ણવજન, ભારતના મહાન વૈજ્ઞાનિકો પૈકીના એક, રાષ્ટ્રભક્ત અને પૂર્વ રાષ્ટ્રપતિ (૨૦૦૨-૨૦૦૭) ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ (Avul Pakir Jainalubdeen Abdul Kalam)ના એકાએક તા. ૨૭ જુલાઈના રોજ થયેલા નિધનથી સમગ્ર રાષ્ટ્ર શોક સંતપ્ત બની ગયું. રાષ્ટ્રે એક મહાન દેશભક્ત અને આર્ષદ્રષ્ટા વૈજ્ઞાનિક ગુમાવ્યો ! તેઓશ્રી પોતાને એક શિક્ષક તરીકે ઓળખાવવામાં ગર્વ અનુભવતા હતા. વ્યવસાયિક જીવનમાંથી નિવૃત્તિ બાદ અને રાષ્ટ્રપતિ તરીકેના કાર્યકાળ દરમિયાન અને ત્યાર બાદ હંમેશાં તેમણે વિદ્યાર્થીઓને મળવાનું, તેમની સાથે ચર્ચા કરવાનું અને કેટલાક પ્રશ્નોના ઉકેલો તેમની પાસેથી મેળવવાનું રાખીને તેમનાં દિલોદિમાગને સતત પ્રજ્વલિત રાખવાનો જ્ઞાનયજ્ઞ જીવનની અંતિમ ક્ષણ સુધી ચાલુ રાખ્યો હતો. પરિણામસ્વરૂપે તેઓશ્રી 'હરતી ફરતી યુનિવર્સિટી', 'પિપલ્સ પ્રેસિડેન્ટ', 'મિસાઈલમૅન' વગેરે હુલામણાં નામોથી ઓળખાતા હતા. તેમણે પોતાની બધી જ બચત સેવાકાર્યો કાજે દાનમાં આપી દીધી છે. ભારતને આણ્વિક શસ્ત્રો અને પ્રક્ષેપાત્ર શક્તિ ધરાવતા રાષ્ટ્ર તરીકે વિકસાવવામાં તેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેઓ સ્પષ્ટ મંતવ્ય ધરાવતા કે 'આપણે આપણી ક્ષમતાઓ પ્રગટ કરીએ અને પશ્ચિમને દેખાડી દઈએ કે આપણે તેમની સમકક્ષ છીએ.' ૨૦૨૦માં વિકસિત ભારત વિકસાવવાનું પડકારભર્યું કાર્ય એ તેમનું સ્વપ્ન હતું. દેશદાઝને વાચા આપતા તેમના શબ્દો કે જે પ્રત્યેક ભારતીય અને સવિશેષતઃ રાજકીય નેતૃત્વએ કાને ધરવા જેવા છે : ''એક વિકસિત રાષ્ટ્ર તરીકે જોરથી આગળ ધપો અથવા શાશ્વત ગરીબીમાં નાશ પામો, કે રાજકીય તેમ જ આર્થિક રીતે વિશ્વ પર નિયંત્રણ કરતા થોડા દેશોની ખુશામત કરતા રહો. દેશની તાકાત બતાવવાનો એકમાત્ર રસ્તો છે એની રક્ષા કરવાની ક્ષમતા હોવી. તાકાત જ તાકાતને માન આપ છે, નબળાઈ નહિ. તાકાત એટલે સૈન્ય બળ અને આર્થિક સધ્ધરતા, સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદના નિર્ણયો અને નીતિઓ એ લોકો નક્કી કરે છે જેમની પાસે પરમાણુ શસ્ત્ર પહેલેથી જ છે'' ધ્યાનાર્હ બની રહે છે.

તેમની સરળતાનું એક ઉદાહરણ એ કે ઈ.સ. ૧૯૮૦માં SLV-૩ની સફળતા બાદ તત્કાલીન પ્રધાનમંત્રી શ્રીમતી ઇંદિરા ગાંધીએ અન્યોની સાથે પ્રા. સતીશ ધવન અને તેમને મળવા બોલાવ્યા ત્યારે તેઓશ્રી મુંબઈમાં હતા અને આ સંદર્ભે પ્રા. ધવનના ફોનના અનુસંધાનમાં તેમણે જણાવ્યું કે મેં સાદાં કપડાં પહેર્યાં છે અને પગમાં સ્લીપર્સ છે અર્થાત્ વડાપ્રધાનને મળવા માટેનો યોગ્ય પોશાક પહેર્યો નથી. ત્યારે પ્રા. ધવને હસતાં હસતાં કહ્યું હતું કે ''You are beautifully clothed in your success''. આ સભાના અંતમાં પ્રા. ધવનના આભાર પ્રસ્તાવ બાદ એકાએક શ્રીમતી ઇંદિરાજીએ કલામને સસ્મિત વદને કહ્યું કે 'અમે તમને સાંભળવા ઇચ્છીએ છીએ' ત્યારે ખચકાટ સાથે તેમણે આપેલ પ્રતિભાવ ''દેશના ઘડવૈયાઓની આ ભવ્ય સભામાં હાજર રહેવા બદલ હું ખરેખર મારી જાતને ભાગ્યશાળી માનું છું. હું તો માત્ર આપણા દેશમાં રૉકેટ વ્યવસ્થા તૈયાર થાય, દેશમાં જ તૈયાર થયેલ ઉપગ્રહને તે ૨૫,૦૦૦ કિ.મી.ની ગતિએ કેમ છોડે – તેટલું જ જાણું છું'' તેમના Vision અને Missionના દ્યોતક બની રહે છે. આ પ્રસંગની તેમણે પોતાની આત્મકથામાં નોંધ કરી છે.

ભારતમાતાના આ મહાન સપૂતનો જન્મ તેમના વતન રામેશ્વરમ (તામિલનાડુ રાજ્ય)માં તામિલ પરિવારમાં તા. ૧૫ ઑક્ટોબર, ૧૯૩૧ના રોજ થયો હતો. અને તેમનું અવસાન આઈઆઈએમ, શિલાંગ (મેઘાલય)માં પ્રવચન આપતા હતા ત્યારે હાર્ટઍટેકથી તા.

૨૭ જુલાઈ, ૨૦૧૫ના રોજ થયું હતું. તેમને ઇસ્લામ ધર્મ અનુસાર સુપર્દ-એ-ખાક (દફન) રામેશ્વરમમાં રાજકીય સન્માન સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વગેરેની ઉપસ્થિતિમાં તા. ૩૦ જુલાઈ, ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યા હતા. તેમના પિતા જૈનુલબ્દીન અને માતા આશિયામ્મા ધર્મપરાયણ હતાં. તેમણે પ્રાથમિક શિક્ષણ રામેશ્વરમ, હાઈસ્કૂલ શિક્ષણ રામનાથપુરમ, B. Sc. ત્રિચિની સેન્ટ જોસેફ કૉલેજમાંથી અને એરોનોટિકલ એન્જિનિયરિંગની ડિગ્રી 'મદ્રાસ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રૅકનૉલૉજી'માંથી મેળવ્યા બાદ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડમાંથી પ્રત્યક્ષ કાર્યાનુભવની તાલીમ મેળવી હતી. અભ્યાસ બાદ સંરક્ષણ ખાતાના D. T. D. & (AIR)માં સિનિયર સાયન્ટિફિક આસિસ્ટન્ટ તરીકે જોડાઈને નોકરીની શરૂઆત કરી અને ક્રમશઃ 'ધ ઇન્ડિયન કમિટી ફૉર સ્પેસ રિસર્ચ'માં રૉકટ ઇજનેર, ISROમાં SLV-૩ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા, D. R. D. L.માં તેમના વડપણ હેઠળ સ્વદેશી મિસાઈલ્સ 'અગ્નિ' અને 'પૃથ્વી' બનાવવામાં વિશિષ્ટ સિદ્ધિ, વૈજ્ઞાનિક બાબતોના ભારત સરકારના મુખ્ય સલાહકાર અને ૧૯૯૮માં ભારત દ્વારા પોખરણમાં ન્યુક્લિયર ટેસ્ટ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરવી વગેરે ક્ષેત્રોમાં તેમણે યશસ્વી સેવાઓ આપી હતી. તેમની ઉચ્ચતમ સિદ્ધિઓને ધ્યાને લઈને ભારત સરકાર દ્વારા સમયાન્તરે 'પદ્મભૂષણ', 'પદ્મવિભૂષણ' અને 'ભારતરત્ન'થી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત દેશ-વિદેશની ૪૦ જેટલી યુનિવર્સિટીઓએ તેમને D. Sc. કે D. Litt.ની માનદ્ ડિગ્રીઓ એનાયત કરીને અલંકૃત કર્યા હતા.

ડૉ. કલામનાં નોંધપાત્ર પુસ્તકો 'Wings of Fire', 'India-2020', 'Ignited Minds', 'The Indomitable Spirit' 'Reignited', 'The Scinentific Indian', 'Beyond 2020 : A Vision for Tomorrow's India' વગેરે પૈકી કેટલાકના ગુજરાતી અનુવાદો પણ પ્રગટ થઈ ચૂક્યા છે. આ બધાં પુસ્તકો રાષ્ટ્રનાં પ્રજાજનો અને સવિશેષતઃ યુવાઓ માટે ઉદાહરણસ્વરૂપ અને પ્રેરણાદાયી બની રહે તેવાં શ્રેષ્ઠ પુસ્તકો છે. આ બધાં પુસ્તકોમાં તેમનાં અણીશુદ્ધ રાષ્ટ્રભક્તિ અને મૂઠીઊંચેરા મહામાનવનાં સહજમાં દર્શન થાય છે. અહીં એક રાષ્ટ્રભક્ત નાગરિક, વૈજ્ઞાનિક અને રાષ્ટ્રપતિ તરીકે તેમણે પ્રસંગોપાત્ત જ્ઞાનજગતના અનેકવિધ વિષયો ઉદા., તરીકે ભારતનું વિકસિત રાષ્ટ્ર તરીકેનું સ્વપ્ન, રાષ્ટ્રનિર્માણ, આર્થિક સમૃદ્ધિ, શિક્ષણ, વિજ્ઞાન અને ટૅકનૉલૉજી, કળા અને સાહિત્ય, ગ્રામ્યવિકાસ, સશક્ત નારી, ઉદ્યોગો, જ્ઞાનસમૃદ્ધ સમાજ, પુસ્તકો અને પુસ્તકાલય, નેતૃત્વ વગેરે હેઠળ કરેલ ચિંતનનો અર્ક પ્રસ્તુત કરેલ છે, જે તેના નિષ્ક્રિય વાચકને પણ જીવંત – ચિંતન કરતો બનાવી દે તેટલાં ઉત્કટ છે. તેમણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની માફક એક સશક્ત અને સમૃદ્ધ રાષ્ટ્ર માટે આવશ્યક એવા ઘણા વિષયો વિશે ચિંતન કર્યું છે, જે ભાવિ પેઢી માટે દિશાસૂચક બની રહેશે. આ ઉપરાંત તાજેતરમાં અર્થાત્ ૧૫ જૂન, ૨૦૧૫ના રોજ પોતાના આધ્યાત્મિક ગુરુ પ્રમુખ સ્વામી સાથેના તેમના આધ્યાત્મિક અનુભવોને અભિવ્યક્ત કરતા ગ્રંથ 'Transcendence – My Spiritual Experiences with Pramukh Swamiji'નું વિમોચન કરવામાં આવ્યું હતું, જે અધ્યાત્મ ક્ષેત્રે રસ ધરાવતા સૌ કોઈ માટે પાથેય બની રહેશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગરના ચૅરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર ભારતમાતાના આ મહાન સપૂતના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી આર્તસ્વરે પ્રાર્થના કરે છે.

* * * * *

આવો, આપણે ડૉ. કલામસાહેબની પ્રખર રાષ્ટ્રભક્તિ અને માનવીય ગૌરવને ઉજાગર કરતી ચિંતન-કણિકાઓનું રસપાન કરીએ અને તેને આચરણમાં ઉતારીને ભારતમાતાના આ મહાન સપૂતને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ :

**ચેતવણી :**

- એક વિકસિત રાષ્ટ્ર તરીકે જોરથી આગળ ધપો અથવા શાશ્વત ગરીબીમાં નાશ પામો, કે રાજકીય તેમ જ આર્થિક રીતે વિશ્વ પર નિયંત્રણ કરતા થોડા દેશોની ખુશામત કરતા રહો.
- દેશની તાકાત બતાવવાનો એકમાત્ર રસ્તો છે એની રક્ષા કરવાની ક્ષમતા હોવી. તાકાત જ તાકાતને માન આપે છે, નબળાઈ નહિ. તાકાત એટલે સૈન્ય

બળ અને આર્થિક સધ્ધરતા, સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદના નિર્ણયો અને નીતિઓ એ લોકો નક્કી કરે છે જેમની પાસે પરમાણુ શસ્ત્ર પહેલેથી જ છે.

**ઉદ્યોગ સાહસિકતા :**

- એક વિકસિત દેશનું બીજું પાસું છે તેના ઉદ્યોગોનું આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિસ્પર્ધાપણું. તે માત્ર ઘરગથ્થુ બજારોની જરૂરિયાત પૂરી પાડવા માટે નથી પણ તેની બહારનું વિશાળ બજાર પણ તેમનું લક્ષ્ય હોવું જોઈએ. આથી, જીડીપી પ્રત્યે તેનું યોગદાન પણ ખૂબ વિશાળ છે.
- સ્પર્ધાત્મકતા અને નવીનીકરણ ઔદ્યોગિક વિકાસના આધારસ્તંભો છે. ઉદ્યોગો સાથે મળીને કામ કરીને બહુરાષ્ટ્રીય સંસ્થાઓ ઊભી કરી શકે છે જેનાથી પ્રવર્તમાન પ્રવૃત્તિ પલટો ખાશે.
- એક ઉદ્યોગ-સાહસિકમાં પાયાનાં લક્ષણો છે ઇચ્છા, પ્રેરણા, શિસ્ત અને દઢતા.

**કળા અને સાહિત્ય :**

- સાહિત્ય મનને ઊર્ધ્વ બનાવે છે. લેખકો સમાજના હિતચિંતકો અને રક્ષકો તરીકે કામ કરે છે.
- કળા જીવનના સૌંદર્યને તેના શ્રેષ્ઠત્તમ સ્વરૂપમાં પ્રગટ કરે છે અને તેને ઉચ્ચ, વધારે ઉત્તમ અને સંસ્કૃત સ્તરે લઈ જાય છે. માનવ-અસ્તિત્વને અર્થ અને ઊંડાણ અર્પે છે અને જે હેતુસર જીવન ઉદ્‌ભવ્યું, તેને યથાર્થ અને વાજબી ઠરાવે છે.

**ગ્રામ્ય વિકાસ :**

- વિકસિત ભારત એ શહેરોનો દેશ નહિ હોય. એ સમૃદ્ધ ગામડાનું એક નેટવર્ક હશે, જ્યાં ટેલિ મેડિસિન અને ટેલિ એજ્યુકેશન તથા ઈ-કૉમર્સ પ્રાપ્ત થશે. જીવતકનિકી, જીવવિજ્ઞાન તથા કૃષિવિજ્ઞાન અને ઔદ્યોગિક વિકાસથી જ નૂતન ભારતનો ઉદય થશે.
- ખેડૂતોએ પોતાનો પરસેવો પાડીને આ દેશને અતિશય ખાદ્ય પદાર્થ પૂરા પાડ્યા છે. કૃષિ ક્ષેત્રે બે બનાવોનો સમય પાકી ગયો છે. એક, બધી જ ખેતપેદાશોની મૂલ્યવૃદ્ધિ. બીજું, ખેતપેદાશની ગુણવત્તા સુધારીને વિશ્વના બજારમાં સ્પર્ધામાં ઊભા રહેવું.

**જ્ઞાન**

- જ્ઞાનવાન સમાજના બે મહત્ત્વપૂર્ણ ઘટકો સામાજિક અને સંપત્તિ – નિર્માણથી પ્રેરિત થાય છે. સામાજિક સંક્રમણ આમ તો શિક્ષણ, સ્વાસ્થ્ય- સુરક્ષા, કૃષિ અને શાસનના સંદર્ભમાં છે. એ જ રોજગાર સર્જન, ઉચ્ચ ઉત્પાદકતા અને ગ્રામીણ સમૃદ્ધિ તરફ દોરી જશે.
- એકવીસમી સદીમાં હવે એક નવા સમાજનો ઉદય થઈ રહ્યો છે જ્યાં મૂડી અને શ્રમને બદલે જ્ઞાન એ ઉત્પાદનનું મુખ્ય સંસાધન છે.

**દૈનિક ક્રિયા :**

- હું સવારે ચાર વાગે મારા શિક્ષક શ્રી સ્વામીયર પાસે ગણિત શીખવા જવા ઊઠી જતો. જ્યારે ટ્યૂશનમાંથી પાછો આવતો, ત્યારે મારા પિતા મને નમાજમાં લઈ જવા તથા મદરેસામાં 'કુરાને-શરીફ' શીખવા લઈ જવા રાહ જોતા હોય. તે પૂરું કર્યા પછી હું ત્રણ માઈલ દૂર આવેલા રામેશ્વરમ રોડ રેલવે સ્ટેશને છાપાનાં બંડલ લેવા પગે ચાલીને જતો. આખા શહેરમાં છાપાં વહેંચનાર હું પ્રથમ હોઉં. ત્યાર પછી આઠ વાગે હું ઘેર પાછો આવતો.
- જ્યાં હું જાઉં ત્યાં સવારમાં પાંચ કિલોમીટર ચાલવાનો પ્રયત્ન જરૂર કરું છું, હું ખાસ કરીને સૂર્યોદયનું સૌંદર્ય, સૂર્ય ઊગતા પહેલાંની લાલિમાને નિહાળવા ઉત્સુક રહું છું.

**નૈતિકતા અને ભ્રષ્ટાચાર :**

- વ્યક્તિમાં ભેટ પ્રત્યે આકર્ષિક ન થવાનું વલણ દઢ કરવું જોઈએ જેથી તે ભેટ લેવાની ઇચ્છા સાથે દઢ રહેવાની તાકાત કેળવે. એમ પણ કહેવાય છે કે ભેટ સ્વીકારવાથી વ્યક્તિમાં રહેલ દૈવી પ્રકાશ હોલવાઈ જાય છે.
- ભ્રષ્ટાચાર આપણા અંગત અને સામાજિક બંને સર્વાંગી સ્પર્શતી જીવનપદ્ધતિ બની ગઈ છે. અહીં માત્ર નાણાકીય ભ્રષ્ટાચારની જ વાત નથી, તેનાં અન્ય સ્વરૂપો પણ આવી જાય છે. અનૈતિક રીતે સ્થાનો દબાવી રાખવાં અને સત્તાનો દુરુપયોગ કરવો એ બધા માટે હલકા મનના લોકોમાંથી જાણે અપરાધભાવની ગ્રંથિ ચાલી જ ગઈ છે. કેવી ભયંકર સ્થિતિ !

- કયું કર્મ શ્રેષ્ઠ છે ? : માનવતા હૃદયને આનંદ આપવાનું, ભૂખ્યાને અન્ન આપવાનું, દુઃખીને સહાય કરવાનું, પીડિતની પીડા ઘટાડવાનું અને અન્યાય થયો છે તેને ન્યાય આપવાનું.

**પુસ્તકો અને પુસ્તકાલયો :**

- પુસ્તકોએ મને સ્વપ્નો આંજ્યાં, આ સ્વપ્નો મિશનમાં પરિણમ્યાં. સુંદર પુસ્તકો મારા માટે દેવદૂત હતાં. પુસ્તકો જ તમારા ઉત્તમ મિત્રો છે.
- લોકોએ, ખાસ કરીને યુવાનોને, પુસ્તકો જ ભેટ આપવાની ટેવ કેળવવી જોઈએ. આ કૃત્ય યુવાનોને સમૃદ્ધ કરશે અને સમાજને જ્ઞાન – સમાજમાં પરિવર્તિત કરવામાં મદદરૂપ થશે.
- ડિજિટલ પુસ્તકાલય એ વર્તમાન પુસ્તકાલયનો પર્યાય નથી. તેમાં તો, પુસ્તકો ઉપરાંત હસ્તપ્રતો અને સામયિકો સાથે જ્ઞાનના આંતરિક સ્રોતો– વક્તવ્યો, લોકસંગીત, ચિત્રકલા અને શિલ્પ જેવા આપણા વારસાનાં વિવિધ સ્વરૂપોનો પણ સમાવેશ થશે. એ મહત્ત્વનું છે કે આપણે જ્ઞાન અને સંસ્કૃતિનાં આ બધાં સ્વરૂપોને ડિજિટલ પુસ્તકાલયમાં સંકલિત કરવાનું મિશન હાથમાં લઈએ.
- ડિજિટલ પુસ્તકાલયનો લાભ એ છે કે સ્થળ, જાતિ, રંગ કે આર્થિક હોદ્દાને ધ્યાનમાં લીધા સિવાય બધા જ લોકો તેનો ઉપયોગ કરી શકે છે. ડિજિટલ પુસ્તકાલય બધાને જોડે છે, નહીં કે તોડે છે.

**પ્રભાવ :**

- મારાં માતા-પિતા અને શિક્ષકો ઉપરાંત એવી પાંચ વ્યક્તિઓ અને તે બધા વિજ્ઞાનીઓ : પ્રો. વિક્રમ સારાભાઈ, પ્રો. સતીશ ધવન, પ્રો. બ્રહ્મપ્રકાશ, પ્રો. એમ. જી. કે. મેનન અને ડૉ. રાજા રમણ જેમણે મને પ્રેરણા આપી છે અને પ્રભાવિત કર્યો છે. આ સર્વેને હું 'મહાત્માઓ' જ કહું છું. હું પ્રા. સારાભાઈને ભારતીય વિજ્ઞાનના મહાત્મા ગાંધી માનું છું.
- એવા પાંચ લોકો – કે જેમનાં હું અગાધ વખાણ કરું છું : મહાત્મા ગાંધી, આલ્બર્ટ આઇન્સ્ટાઇન, સમ્રાટ અશોક, અબ્રાહમ લિંકન અને ખલીફા ઉમર.
- ચાર પુસ્તકો મારા દિલથી ખૂબ નજીક રહ્યાં છે : નોબેલ પુરસ્કાર વિજેતા ડૉ. એલેક્સિસ કેરલે લખેલા 'Man the Unknown', તિરુવલ્લુવરનું 'તિરુકકુરલ', લિલિયન આઈશલર વૉટ્સનનું 'Lights from Many Lamps' અને 'પવિત્ર કુરાન'.

**પ્રશાસનીય વ્યવસ્થા :**

- ભારત માટે આ સૌથી મોટું અભિયાન હશે કે તેની નદીઓને એવી રીતે જોડવી કે જેથી પાણીની અછતવાળાં રાજ્યોને પણ પાણી મળે. આ બાબતમાં દીર્ઘદષ્ટિની જરૂર છે.
- જ્યાં જ્યાં નિપુણ પ્રશાસનીય વ્યવસ્થા, શિક્ષણનું ઊંચું ધોરણ અને લઘુત્તમ રાજકીય દખલગીરી વિકાસ પ્રવૃત્તિમાં હોય છે ત્યાં પ્રગતિ ઝડપી હોય છે.

**યુવાનો :**

- જ્યાં સુધી આપણા વિદ્યાર્થીઓ અને યુવાનો વિશ્વાસ નહિ ધરાવે કે તેઓ વિકસિત ભારતના નાગરિક બનવાને લાયક છે ત્યાં સુધી તેઓ જવાબદાર અને પ્રબુદ્ધ નાગરિક કેવી રીતે બનશે ?
- સ્વપ્ન એ નથી જે તમે ઊંઘમાં જુઓ છો, સ્વપ્ન એ છે જે તમારી ઊંઘ ઉડાડી મૂકે.
- જો સ્વપ્ન જ નહિ હોય તો ક્રાન્તિકારી વિચારો પણ નહિ હોય, જો વિચારો જ નહિ હોય તો કોઈ કર્મ પણ નહિ ઉદ્ભવે. આથી, વાલીઓ અને શિક્ષકોએ તેમનાં બાળકોને સ્વપ્નો સેવવાની મંજૂરી આપવી જોઈએ. સ્વપ્નો પર જ સફળતા ટકી રહે છે.
- જેઓ પોતાનું હૃદય રેડ્યા વિના કામ કરે છે, તેઓ પૂરી સફળતા મેળવી શકતા નથી.
- પડકારો તકોને ફેંકે છે. એક વાર વ્યક્તિ એક કાર્ય પસંદ કરે છે ત્યારે તેણે તેમાં ડૂબી જવું જોઈએ. તમે સફળ થાઓ કે નિષ્ફળ, એ જોખમ તો હંમેશાં રહેશે. પરંતુ એ ડરથી તમારે કામ અટકાવી દેવું જોઈએ નહિ.
- નવીનિકરણ હિંમત માગે છે : અલગ રીતે વિચારવાની હિંમત, શોધ કરવાની હિંમત, અશક્યને શોધવાની હિંમત, સમસ્યાઓ સામે બાથ ભીડવાની અને સફળ થવાની હિંમત.
- અજેય ચેતનાનું બીજું ઘટક છે કોઈ પણ લક્ષ્યને પૂરું કરવા માટે માર્ગમાં આવતી બધી જ

આડખીલીઓને પસાર કરવાની ક્ષમતા. જો ધ્યેય સિદ્ધ કરવા માટે નિશ્ચિત દઢતા હશે તો, ગમે તેવી સમસ્યાઓ વચ્ચે પણ વ્યક્તિ સફળ થશે જ.

- જીવનમાં અવરોધો આપણને પાયમાલ કરવા માટે નથી આવતા પણ આપણા છુપાયેલા સામર્થ્ય અને શક્તિઓને બહાર કાઢવામાં આપણી મદદ કરવા માટે આવે છે. મુશ્કેલીઓને બતાવી દો કે તમે તેના કરતાં પણ વધુ મજબૂત છો.

**રાજકીય નેતા :**

- મેં મહાભારત વાંચ્યું છે. હું ખાસ કરીને વિદુરના પાત્રથી આકર્ષાયો છું, જેણે સત્તાનાં દુષ્કૃત્યો પ્રત્યે અવાજ ઉઠાવ્યો, અને અધર્મના જુલ્મ સમક્ષ જ્યારે બીજા બધાએ શરણું સ્વીકાર્યું ત્યારે મોરચો માંડવાની હિંમત દર્શાવી હતી. આજે આપણા નેતાઓમાં આવા એક પણ વિદુરને શોધવાનું મુશ્કેલ છે.
- આપણી નેતાગીરી સામે સૌથી મહત્ત્વનો અને તાત્કાલિક પડકાર છે રચનાત્મક પરિવર્તન માટે બધી શક્તિઓને એકસાથે લાવવાનો અને તેને અભિયાન પ્રતિ પ્રેરવાનો.

**રાષ્ટ્રભાવના :**

- ભારતની એ કમનસીબી છે કે ઐતિહાસિક પરિબળોએ એના બધા જ સમુદાયોને એકસમાન સ્મૃતિ આપી નથી, જે તેમને સદીઓ સુધી પાછા લઈ જઈને એના મૂળની યાદ તાજી કરાવે છે. છેલ્લા પચાસ વર્ષોમાં પણ એ સ્મૃતિને જીવંત બનાવવાના કોઈ ખાસ પ્રયત્ન કરવામાં આવ્યા નથી.
- આપણી એકતાની ભાવના અને અમારાં લક્ષ્યો પ્રત્યે, અમારી ભાવના પ્રત્યે, સૌથી મહાન જોખમ એ વિચારકોમાંથી પ્રાપ્ત થાય છે જે પ્રજાને વિભાજિત કરવા ઇચ્છે છે. આપણા માટે ભેદભાવ અટકાવવાનો સમય પાકી ચૂક્યો છે. આપણે આજે રાષ્ટ્ર માટે એવી દીર્ઘદષ્ટિની જરૂર છે જે એકતા લાવી શકે.
- સ્વાતંત્ર્યનું ઘૂસણખોરો તથા અન્ય સમાધાનકર્તાથી રક્ષણ કરવું એ આપણી નૈતિક ફરજ છે અને પસંદગી તેમ જ સગવડનો વિષય નથી. આપણા દેશની સુરક્ષા તથા સમૃદ્ધિથી પર કોઈ પણ વૈચારિક સિદ્ધાંત હોઈ શકે નહિ. પ્રજામાં સુમેળ સિવાય વધુ મહત્ત્વનો બીજો એજન્ડા હોઈ શકે નહિ.

**વિકસિત ભારતનું સ્વરૂપ :**

- એક એવો દેશ જ્યાં શહેરી અને ગ્રામ વચ્ચેની વિભાજન-રેખા પાતળી થઈ ગઈ હોય.
- એક એવો દેશ જ્યાં ઊર્જા અને ગુણવત્તાયુક્ત પાણીની સમાન વહેંચણી હોય.
- એક એવો દેશ જ્યાં ઉદ્યોગો, કૃષિ અને સેવાક્ષેત્રો વચ્ચે તાલમેલ હોય. ટૅકનોલૉજીના વપરાશથી સ્થાયી સંપત્તિ સર્જાતી હોય જેના પરિણામે ઉચ્ચ પ્રકારની રોજગારી ઊભી થાય.
- એક એવો દેશ જ્યાં સામાજિક કે આર્થિક અસમાનતાને કારણે કોઈ પ્રતિભાશાળી વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે.
- એક એવો દેશ જે વિશ્વના શ્રેષ્ઠ પ્રતિભાશાળી વિદ્વાનો અને વિજ્ઞાનીઓ માટે ઉત્તમ સ્થાન બને.
- એક એવો દેશ જ્યાં એક અબજ લોકોને શ્રેષ્ઠ આરોગ્યસેવા પ્રાપ્ત થાય તથા એઈડ્ઝ/ક્ષય જેવા સંક્રામક રોગો, પાણી અને જીવાણુથી થતા રોગો, હૃદયરોગો અને કૅન્સરનું નામોનિશાન ન હોય.
- એક એવો દેશ જેની શાસનવ્યવસ્થા જનતાની સમસ્યાઓ દૂર કરવા ઉત્તમ ટૅકનોલૉજીનો ઉપયોગ કરતી હોય, જે પારદર્શક હોય, જ્યાં જનતા સરળતાથી જઈ શકે, શાસનવ્યવસ્થામાં સરળ કાનૂન હોય અને તે ભ્રષ્ટાચાર-મુક્ત હોય.
- એક એવો દેશ જ્યાં ગરીબી નાબૂદ થઈ ગઈ હોય, નિરક્ષરતા અને સ્ત્રી સામેના અત્યાચારો દૂર થઈ ગયા હોય અને સમાજમાં અલગતાની ભાવના ન હોય.
- એક એવો દેશ જે સમૃદ્ધ, સ્વસ્થ, સુરક્ષિત તથા અમન અને ચેનથી જીવે.
- એક એવો દેશ જે ધરતી પરનાં શ્રેષ્ઠ સ્થળોમાંનું એક હોય અને જે સો કરોડ લોકોના ચહેરા પર સ્મિત લાવે.

**વિજ્ઞાન – ટૅકનોલૉજી અને આધ્યાત્મિકતા :**

- અધ્યાત્મરસિત વિજ્ઞાન અને ટૅકનોલૉજીનો સમન્વય થવાથી વિજ્ઞાન અને ટૅકનોલૉજી બન્નેનું ભાવિ નિશ્ચિત છે.

- વિજ્ઞાન ભૌતિક જીવન સગવડભર્યું બનાવવા ઉકેલો આપે છે, ત્યારે અધ્યાત્મ પ્રાર્થના વગેરે દ્વારા સદ્‌ગુણી જીવન કેમ જીવવું તેના જવાબો આપે છે. બંનેનો સમન્વય પ્રબુદ્ધ નાગરિકત્વ તરફ લઈ જાય છે.

**વિદ્યાર્થીઓ માટે છ સૂત્રી પ્રતિજ્ઞા :**

- હું મારો અભ્યાસ નિષ્ઠાપૂર્વક કરીશ અને તેમાં શ્રેષ્ઠ દેખાવ કરીશ.
- હું ઓછામાં ઓછાં પાંચ વૃક્ષો વાવીશ અને તેના વિકાસ માટે સતત દેખભાળ કરીશ.
- હું મારાં દુઃખી ભાઈ-બહેનોનું દુઃખ દૂર કરવા માટે સતત પ્રયાસ કરીશ.
- હું એક પ્રબુદ્ધ નાગરિક બનવાની દિશામાં પ્રયત્ન કરીશ અને મારા કુટુંબને સચ્ચાઈના માર્ગે લઈ જઈશ.
- હું શારીરિક અને માનસિક વિકલાંગ વ્યક્તિઓનો મિત્ર બનીશ અને તેમને સામાન્ય મનુષ્ય જેમ સહજ અનુભૂતિ કરાવવાનો પ્રયાસ કરીશ.
- હું પ્રતિજ્ઞા કરું છું કે હું મારા દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે પ્રામાણિકતાથી પરિશ્રમ કરીશ.

**શિક્ષણ :**

- શિક્ષક કે જે અધ્યયન અને જ્ઞાન માટેની બાળકની બારી છે તેને બાળકમાં સર્જનાત્મકતા વિકસાવવામાં આદર્શની ભૂમિકા ભજવવાની છે.
- શિક્ષણ અને ગુરુ – શિષ્ય સંબંધને વ્યાપારની દૃષ્ટિએ જોવા કરતાં રાષ્ટ્રના વિકાસને ધ્યાનમાં રાખીને જોવાં પડશે.
- સાર્વત્રિક સાક્ષરતા અને સૌ માટેનું શિક્ષણ એ બીજી મૂળભૂત જરૂરિયાત કોઈ પણ રાષ્ટ્ર માટે ખરા અર્થમાં વિકસિત બનવા માટેની છે. જુદાંજુદાં ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રતિભા ધરાવતા લોકોનો વિશાળ આધાર તૈયાર કરવામાં શિક્ષણ મદદરૂપ બનશે જે કોઈ પણ દેશ માટે અમૂલ્ય સંસાધન છે.
- વિશ્વમાં બીજો કોઈ એવો વ્યવસાય નથી જે સમાજમાં શિક્ષક કરતાં વધારે મહત્ત્વનો હોય.
- શિક્ષકનું ધ્યેય બાળકની વિદ્યા-પ્રાપ્તિની શક્તિ વધારે તેવું ચારિત્ર્ય ઘડવાનું અને મૂલ્યો પ્રસ્થાપિત કરવાનું છે. બાળકને સંશોધક અને સર્જનાત્મક બનવા આત્મવિશ્વાસ આપવાનો છે, જે પછી ભાવિનો સામનો કરવામાં તેને સ્પર્ધાત્મક બનાવે.
- શિક્ષકો કોઈ પણ દેશ માટે કરોડરજ્જુ સમાન છે, એક સ્તંભ છે જેને કારણે દેશની બધી જ આકાંક્ષાઓ વાસ્તવમાં પરિવર્તિત થાય છે.
- શિક્ષકો દેશમાં શ્રેષ્ઠ પ્રજ્ઞાવાનો જ હોવા જોઈએ.
- એ ખૂબ જરૂરી છે કે શાળા અને કૉલેજોએ દર અઠવાડિયે એક કલાક ભારતના મહાન સાંસ્કૃતિક વારસા પર કોઈ એક મહાન વક્તાનું પ્રવચન યોજવું જોઈએ.
- શિક્ષણમાં શિસ્ત દાખલ કરવા માટે હું માનું છું કે સરકારી અને ખાનગી – બધી શિક્ષણસંસ્થાઓમાં ઉચ્ચ માધ્યમિક અને સ્નાતક સ્તર સુધી બધા યુવાનો માટે ઓછામાં ઓછા અઢાર માસની એન.સી.સી.ની તાલીમ ફરજિયાત કરવી જોઈએ.

**સમૃદ્ધ રાષ્ટ્ર :**

- કોઈ પણ સમાજની સમૃદ્ધિ માટે બે અગત્યની આવશ્યકતાઓ / જરૂરિયાતો છે. તે છે : ધર્નોપાર્જન દ્વારા સમૃદ્ધિ અને પ્રજાની મૂલ્યવ્યવસ્થાને માણવી. બંનેનું જોડાણ રાષ્ટ્રને સાચા અર્થમાં મજબૂત અને સમૃદ્ધ બનાવશે. હું એમ માનતો નથી કે સમૃદ્ધિ અને આધ્યાત્મિકતા એકબીજાના વિરોધી છે. અથવા ભૌતિક ચીજવસ્તુઓની ઇચ્છા રાખવી એ ખોટું છે.
- એક તાકાતવાન રાષ્ટ્રમાં ત્રણ વિશેષતાઓ હોય છે : પોતાની સિદ્ધિઓ માટે ગૌરવ, એકતા અને સંયુક્ત રીતે કાર્ય કરવાની લાયકાત.

(અહીં ઉદ્‌ધૃત ચિંતનકણિકાઓ ડૉ. અબ્દુલ કલામ કૃત પુસ્તકો ‘Indomitable Spirit’ અને ‘Ignied Minds’ કે જેનો ગુજરાતી અનુવાદ અનુક્રમે ‘આતમ વીંઝે પાંખ’ (૨૦૦૭) શીર્ષક હેઠળ હરેશ ધોળકિયા અને ‘પ્રજ્વલિત માનસ’ (૨૦૦૩) શીર્ષક હેઠળ યશોમતી પટેલ દ્વારા કરવામાં આવેલ છે. તેમાંથી અને અન્ય સ્રોતોમાંથી સાભાર લેવામાં આવી છે.)

**મણિભાઈ પ્રજાપતિ**

# ગ્લૅડ ગેઈમ

**મોહનલાલ પટેલ**

ઈ. સ. ૧૯૧૨માં એલિનોર પોર્ટરે ''પોલિએના'' નામની નવલકથા લખી હતી. પ્રગટ થયા પછી એ નવલકથા એટલી બધી લોકપ્રિય નીવડી કે જગતની ઘણી ભાષાઓમાં એનો અનુવાદ થયો. એના પરથી એ નામે ફિલ્મ પણ ઊતરી છે. એ નવલકથા બે પ્રવાહમાં વહે છે. એક પ્રવાહમાં પ્રેમમાં નિષ્ફળ ગયેલા પાત્રોની કથા છે. બીજા પ્રવાહમાં ''ગ્લૅડ ગેઈમ''ની ફોર્મ્યુલા છે. પ્રણયકથા બુલંદ હોવા છતાં નવલકથાનો મુખ્ય પ્રવાહ તો પેલી ગ્લૅડ ગેઈમનો છે. ગ્લૅડ ગેઈમ એટલે કોઈ પણ પરિસ્થિતિમાં રાજી રહેવાની રમત.

રે. જ્હોન વ્હિટિયર નામનો એક પાદરી એક મોભાદાર અને શ્રીમંત કુટુંબની છોકરી જેનીને પરણ્યો હતો. કુટુંબની કન્યા એક મામૂલી યુવાનને પરણે એ મોભાદાર પરિવારને માન્ય નહોતું. એટલે એ લગ્ન થયાં એ દિવસથી જ એ કુટુંબે જેની સાથેના બધા સંબંધો કાપી નાખ્યા. કમનસીબે જેની પણ એક દીકરીને જન્મ આપીને મરણ પામી. આ દીકરી તે પોલિએના. રે વ્હિટિયરે બીજું લગ્ન ન કર્યું અને પોલિએનાના ઉછેરમાં બધું ધ્યાન પરોવ્યું. એણે પોલિએનાને સફળ જીવન જીવવા માટે કેટલાક માર્ગ બતાવ્યા. મહાવરાથી સાવ આસાન બની રહે એવા માર્ગ. જાણે એક રમત જ. આ પાદરીએ નામ આપ્યું હતું – ગ્લૅડ ગેઈમ. આ એક અદ્‌ભુત રમત હતી. કોઈ પણ પરિસ્થિતિ સુખદ કે દુઃખદ કોઈ પણ પ્રાપ્તિ-ઇચ્છિત કે અનિચ્છિત, કોઈ પણ પરિચય આકર્ષક કે અપાકર્ષક, બધા સંજોગો સ્વીકારી લેવા અને એને અનુકૂળ થઈ રાજી રહેવું. આ જ સંતોષનો કે સુખનો માર્ગ છે. આ વાત જહોન વ્હિટિયરે પોલિએના અગિયાર વર્ષની થઈ ત્યાં સુધીમાં એની રગેરગમાં ઉતારી દીધી હતી. જીવનમાં આ સ્થિતિનું નિર્માણ કરવું એ આમ તો એક અત્યંત કપરી વાત છે. પણ આ પાદરીએ વિવિધ તરીકા બતાવીને દીકરી માટે એને રમતવાત બનાવી દીધું હતું.

પોલિએના અગિયાર વર્ષની થઈ અને રે વ્હિટિયર ગુજરી ગયા. દીકરી સાવ નિરાધાર બની ગઈ. મોસાળ તો એના જન્મ પહેલાનું છૂટી ગયું હતું. પિતા પક્ષે હવે કોઈ આધાર નહોતો. આ નિરાધાર છોકરીને હવે આધાર કયો ?

નવલકથાનું વાતાવરણ વીસમી સદીના આરંભનું છે. એ વખતે પશ્ચિમના દેશોમાં પણ લોકલાજનો ઠીકઠીક પ્રભાવ હતો. બહેને કુટુંબની ઉપરવટ જઈને પાદરી સાથે લગ્ન કર્યું એટલે જેનીની બહેન મિસ પોલીને પણ બહેન માટે ભારોભાર અણગમો હતો છતાં દુનિયાની શરમે એની દીકરી પોલિએનાને પોતાને ત્યાં રાખવા તૈયાર થવું પડ્યું.

રે. જ્હોન વ્હિટિયરને ગુજરી ગયે ત્રણ અઠવાડિયાં થયાં ત્યારે મિસ પોલીએ પોલિએનાને પોતાને ત્યાં આવી જવા કહેવડાવ્યું. પોલિએનાએ માસીનું ઘર જોયું જ નહોતું. ખુદ, માસીને પણ એણે જોયાં નહોતાં. અજાણ્યું સ્થળ, અજાણ્યાં માણસો ! એકલા જ જવાનું હતું !

પોલિએના ગરીબ ઘરની છોકરી હતી. પાસે પહેરવાનાં પૂરાં કપડાં નહોતાં. સેવાભાવી સંસ્થાની સ્ત્રીઓએ એને ઊતરેલાં કપડાંની મદદ કરી. જૂની ફૅશનનાં અને થીગડાવાળાં કેટલાંક કપડાં અને થોડાં પુસ્તકો એક પેટીમાં ભરીને એ માસીના શહેરના સ્ટેશને ઊતરી. એણે ધારેલું કે માસી એને લેવા સ્ટેશને આવશે. પણ સ્ટેશન ઉપર એને લેવા આવનારાઓમાં કોઈ મહિલા નહોતી.

અહીંથી જ પિતાએ બંધાવેલા પેલા ''ગ્લૅડ ગેઈમ''ના જીવન પાથેયનો પ્રારંભ થાય છે. મન ઉપર અપ્રસન્નતાની છાયા પણ ન હોય એ રીતે પોલિએના

સ્ટેશન પર એને લેવા આવનારની સાથે ખુશમિજાજમાં રહીને વાતો કરે છે... અહીં લેખિકાએ એવું કુશળતાપૂર્વકનું આલેખન કર્યું છે કે પોલિએના પ્રસન્ન હોવા છતાં ભાવકના હૈયા પર તો ઉપરાઉપરી જખમ થતા રહે છે.

માસીને ઘેર પહોંચ્યાં તો ખરાં. પણ ઉતારો કેવો હતો ? ઉપરના માળે પાછળની બાજુએ એક નાનકડી ઓરડી. જેની બારીઓ ન ખોલી શકાય એવી બંધ હતી. ઓરડીમાં નહોતી કાર્પેટ, નહોતા પડદા, નહોતું કોઈ ચિત્ર કે નહોતો એકાદ અરીસો. એમાં રહેલા ભેજ અને ગરમીને કારણે ઘામ થતો હતો. પણ પોલિએનાને એનો જરા પણ અફસોસ નહોતો. બંધિયાર હવાથી એ અકળાતી ત્યારે પાછળના પતરાં ઊતરીને ખુશીથી હવા માણી લેતી.

પોલિએનાને માસીના અણગમા અને તિરસ્કારનો અનુભવ વાતવાતમાં થાય છે. છતાં એની ધીરજ અને પ્રસન્નતા ખૂટતાં નથી. માસી રાજી થાય એવી અનેક પરિસ્થિતિઓ આ છોકરી ઊભી કરે છે. આખરે કઠોર હૈયાની માસીનું હૃદય મીણ જેવું કૂણું બની રહે છે. માસીમાં એટલું બધું પરિવર્તન આવ્યું કે પોલિએનાની માંદગી વખતે એ માસી વારંવાર આંસુ સારતી થઈ છે. ગ્લૅડ ગેઈમને લીધે તો મિસ પોલીના ડૉ. શિલ્ટન માટેના સઘળા પૂર્વગ્રહો દૂર થાય છે અને ગેરસમજો દૂર થતાં એ બે વચ્ચે લગ્ન પણ શક્ય બને છે.

પોલિએનાની ''ગ્લૅડ ગેઈમ'' તો કરમાયેલાં, ચિમળાયેલાં ફૂલને પણ તાજાં કરીને ફરીથી પ્રફુલ્લિત કરી મઘમઘતાં કરી મૂકે એવી સંજીવનીયુક્ત છે અને એ અખતરો પોતાની માતાના એક વખતના ધનાઢ્ય પ્રેમી (આ સંબંધની જાણ પોલિએનાને પાછળથી થાય છે.)ના દુણાઈ ગયેલા હૈયાને રસભર્યું કરી મૂકે છે. આ શ્રીમંત પ્રેમી પેન્ડલટન જેનીને અત્યંત ચાહતો હતો. પણ જેની તો એક પાદરીને પરણી ગઈ. આથી પેન્ડલટનનું હૈયું ભાંગી પડ્યું હતું. હતાશાએ એના જીવનનો બધો જ રસ સૂકવી નાખ્યો હતો. સારાયે સમાજથી એ માણસ અળગો થઈ ગયો હતો. પોતાના વિશાળ ભવનને એણે સૂનું બનાવી મૂક્યું હતું. હવે ઘરમાં કોઈ નોકર-ચાકરની હલનચલન ન હતી. રસોડુ શાંત હતું. બહાર જઈને એ સાદો ખોરાક જમી લેતો. ચીડિયો થઈ ગયો હતો. વાતવાતમાં ગુસ્સે થઈ જતો. ભાગ્યે જ કોઈ એને મળી શકતું. સંજોગોનો શિકાર થયેલો આ માણસ જાણે રુગ્ણ મનોદશામાં જીવી રહ્યો હતો. પોલિએનાએ એના ઉપર પોતાની ગ્લૅડ ગેઈમનો પ્રયોગ શરૂ કર્યો. શરૂઆતમાં તો પેન્ડલટન પોલિએનાની વાત કરવાની શુભચેષ્ટાને તરછોડી નાખે છે. પણ પ્રેમભરી સેવા દ્વારા પોલિએના પોતાની ગેઈમ ચાલુ રાખે છે. આખરે વારંવારના સંપર્કને કારણે એનું બિડાઈ ગયેલું હૈયું ખૂલીને કોળવા લાગે છે.

પોલિએના આખી નવલકથાનું ચાલક બળ છે. એનું રહસ્ય પેલી ''ગ્લૅડ ગેઈમ'' છે. એના સ્પર્શથી લગભગ બધાં પાત્રોમાં અમીનું સિંચન શક્ય બન્યું છે. બધાં પોતપોતાના મોહના આવરણમાંથી બહાર નીકળી શક્યાં છે અને સ્વત્વને પામ્યાં છે. ''ગ્લૅડ ગેઈમ''થી પોલિએનાએ ભલભલા ગૂંચવાયેલા પ્રશ્નોને ઉકેલ્યા છે. ક્યારેક ઠાવકાઈથી, ક્યારેક સેવાથી અને ક્યારેક બુદ્ધિચાતુર્યથી એણે કામ લીધું છે. ક્યારેક તો ચમત્કાર લાગે છે. ગ્લૅડ ગેઈમ દ્વારા રાજી રહેવાના જે માર્ગો રે. વ્હિટ્યિરે પોતાની પુત્રીને બતાવ્યા છે તે આ છે : સેવાવૃત્તિ, જીવમાત્ર માટે કરુણા, મીઠી વાણી, વ્યક્તિત્વના સ્વભાવનાં ઊજળાં પાસાં શોધી કાઢવાનું વલણ અને સાચી પ્રશંસા કરવાનો ઉત્સાહ - ગ્લૅડ ગેઈમના આ મુખ્ય ઘટકો છે. એના આધારે તો માસીની પ્રસન્નતા ખાતર કૂતરાં-બિલાડાંનાં બચ્ચાંને પોલિએના ઘરમાં લઈ આવી. માસીની ઠેરઠેર સાચા મનથી પ્રશંસા કરતી રહી. પેન્ડલેટનની પ્રેમપૂર્વક શુશ્રૂષા કરી, મિસિસ સ્નો માટે સહાનુભૂતિ દાખવીને એમની સારસંભાળ રાખી.

પરિણામે આ નિરાધાર છોકરીએ શું મેળવ્યું ? પારાવાર લોકચાહના અને અકસ્માત નડ્યો ત્યારે વિવિધ વર્ગના અનેક લોકો એની ખબર કાઢવા આવતાં હતાં. સારાયે વિસ્તારનો લોકસમુદાય એની તબિયતની ચિંતા કરતો હતો અને કેટલાક માનવીઓ તો એની વાત કરતાં કરતાં આંસુ સારવા લાગતાં હતાં...

આ બધી પ્રાપ્તિ હતી પેલી ''ગ્લૅડ ગેઈમ''ના આધારે.

(૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫ ફોન ૦૭૯-૨૬૮૬૨૫૯૮)

# છું જુગજૂનો હું અધ્યાપક

# ``શીખવું" મારું અદકું અણુવ્રત

**ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી**
પૂર્વ ઉપકુલપતિ, હે. ઉ. ગુ. યુનિવર્સિટી, પાટણ

**સ્મૃતિની શેરી :** અધ્યાપક હોવાનો એક સૂક્ષ્મ લાભ એ છે કે વ્યક્તિ સ્મૃતિ થકી સમૃદ્ધ બને છે. હા, કોઈક વાર એ છેહ પણ દે ખરી. જોકે બહુધા એની વફાદારી અક્ષત રહેતી હોય છે. એ સંપત્તિની લેણ-દેણ કરતા રહેવાથી, સદાબહાર રહી શકાતું હોય છે એનો મને પ્રત્યક્ષ અનુભવ છે, અને તે બે જુગ જૂનો ! મેં વીસમી સદીના અડધા ભાગમાં અધ્યાપન કાર્ય કર્યું; અને એકવીસમી સદીના હાલ ચાલતા બીજા દસકામાં પણ એ ચાલુ છે. અલબત્ત, મારું અધ્યાપન એ અધ્યયન સ્વરૂપનું જ વિશેષતઃ રહ્યા કર્યું છે. ''શીખવું'' એ મારા વ્યવસાયી જીવનનો માર્ગદર્શક મંત્ર રહેલ છે. સદા, સર્વદા શીખતા રહેવું એ એક પ્રકારે મારી સમગ્ર વ્યવસાયી કારકિર્દીનું અદકેરું અણુવ્રત બની રહેલ છે.

આમ તો, અધ્યાપકનો વ્યવસાય તો બહુઆયામી [Multi-Tasking] સ્વરૂપનો, અનેક કામગીરીઓ, પળોજણો, ફરજો અને જવાબદારીઓ ભરેલો, અતિ વ્યસ્ત એવો વ્યવસાય છે. જો નિષ્ઠાપૂર્વક, શ્રમપૂર્વક, પ્રતિબદ્ધતાપૂર્વક અને નિરંતર એની અનેકાનેક કામગીરીઓ (જેવી કે વસતિગણતરી કરવી, મતદારોની નોંધણી કરવી વગેરે) કરવામાં આવે તો અધ્યાપક બહુ વહેલો, શારીરિક તેમજ માનસિક રીતે થાકીને ખતમ [Burn out] થઈ જાય ! આ બધી કામગીરીઓ પૈકી ''શીખતા'' રહેવાની કામગીરી જો સાચા દિલથી સતત કરતા રહેવાય, તો કોઈ કારણ નથી કે અધ્યાપક વ્યવસાયી ક્ષમતાઓની દૃષ્ટિએ કેમ તરો-તાજો ન રહે !

મને આ સત્યની સ્મૃતિ કરાવી કલોલ તાલુકા-શહેરના પેન્શનર મંડળે એક વિશેષ સમારંભ યોજીને. ૨૪ મે, ૨૦૧૫ના દિવસે એ મંડળે ૭૦ વર્ષની વય વટાવી ચૂકેલા નિવૃત્તોનું સન્માન કર્યું. મને સિત્તેર ઉપર બીજાં સત્તર થતાં મારું બે શાલ વડે સન્માન કરવામાં આવ્યું હતું ! મેં જોકે એક ફિલસૂફની અદાથી મારો નિઃસ્પૃહાનો ભાવ આ શ્લોક દ્વારા વ્યક્ત કરેલો.

**असम्माने तपोवृद्धिः सम्माने तपःक्षयम् ।**
**पूजया पुण्यहानिः स्यात् निन्दया सदगतिर्भवेत् ।**

ખેર, મેં સ્મૃતિની શેરીમાં યાત્રા કરતાં કરતાં, એક વાતનું પુનઃ પુનઃ સમર્થન કર્યું અને કહ્યું કે અધ્યાપક તરીકેની મારી કારકિર્દીથી મને મહત્તમ સંતોષ સદા, સર્વદા નવું-નવું શીખતા રહેવાથી મળતો રહ્યો છે. સમારંભમાં ઉપસ્થિત મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મારા એ નિરૂપણના અનુભવી લાભાર્થીઓ હતા જે એમનાં વક્તવ્યો પરથી જાણી મને ઘણો મોટો સંતોષ થયો. મને મારા અધૂરા જ્ઞાને, વખતોવખત, ઉર્દૂના મશહૂર કવિ ''મીર''ની આ પંક્તિઓએ વધુ નમ્ર બનાવ્યો છે એ હું કબૂલ કરું છું.

**''इतना जाना कि कुछ न जाना, ''मीर'',**
**और यह भी एक उम्र से हुआ मालूम ॥**

**જ્ઞાનયુગમાં વ્યવસાય :** આવી છે જ્ઞાનયુગની ગહનતા, વિરાટતા, વિપરીતતા ! એમાં શેરીની સલામતી કે સરળતા નથી, ત્યાં તો છે રાજમાર્ગની આંટીઘૂંટીઓ, જટિલતાઓ અને અકસ્માતોનાં અનેકાનેક ભયસ્થાનો. પરંપરાથી શિક્ષકનો વ્યવસાય આસાન, સલામત અને આરામદાયી ગણાયો છે. કોઈકે હિંદીની તળપદી શૈલીમાં એ વાત આ રીતે ઠેકડી ઉડાડતાં કરી લાગે છે.

**नौकरी में नौकरी मास्तर की, जिस में मजा ज मजा।**
**बारह महिने की नौकरी, और छः महिने की रजा॥**

જોકે વાસ્તવિકતા તો કંઈ જુદી જ છે. વાસ્તવમાં આજના જ્ઞાનયુગમાં શિક્ષકનો વ્યવસાય અનેકગણો સંકુલ અને જોખમો (Occupational Hazards) ધરાવતો વ્યવસાય બની ગયો છે. નોકરીની અસલામતી, ઓછું વળતર, જાતીય શોષણ, વિવિધ સ્વરૂપના અન્યાયો વગેરે તો ખરાં જ, પણ તેથી વિશેષ તો પ્રચ્છન્ન, સૂક્ષ્મ, મનોવૈજ્ઞાનિક વગેરે સ્વરૂપનાં અનેક જોખમો વડે શિક્ષકનો વ્યવસાય આજકાલ યુવાવર્ગમાં ઓછો આવકાર્ય બની ગયો છે.

ખાસ કરીને એકવીસમી સદીમાં વ્યાપક બની રહેલી નવી વાસ્તવિકતાઓ એ આ વ્યવસાયનાં જોખમો અનેકગણાં વધારી મૂક્યાં છે, જેવી કે

- જ્ઞાનયુગની જ્ઞાનવિસ્ફોટની ઘટના
- વૈશ્વિકીકરણને કારણે ઊભરી રહેલાં નવાં પરિબળો, જેવી કે તરલતા (Mobility)
- માહિતી ટૅક્નોલૉજીનો વ્યાપ, પ્રભાવ, ઉપયોગો અને સામાજિક અસરો.
- ઝડપી આર્થિક વિકાસે છૂટાં મૂકેલાં અનેક વિધાયક-વિઘાતક પરિબળો.
- માનવસંબંધોમાં ઊભી થઈ રહેલી અનેક ઉપકારક-નુકસાનકારક ચાલનાઓ.
- શીર્ણ-વિશીર્ણ થઈ રહેલી મૂલ્યસૃષ્ટિ

૨૧મી સદીનો સમાજ આ બધી વાસ્તવિકતાઓ સાથે કશ્મકશ કરી રહ્યો છે. શિક્ષણ અને શિક્ષકે આવા અજંપા અને અનિશ્ચિતતાભર્યા (Tumultous) સંદર્ભમાં વિહ્વળ કે કળવકળ થયા વિના કારગત બનવું એ ઘણો મોટો ગભરાવી દેતો પડકાર છે. આવી પરિસ્થિતિમાંય અધ્યાપક બનવા તૈયારી બતાવનાર યુવક-યુવતીને અભિનંદન ઘટે છે. એમની નૈતિક હિંમતને ટકાવી (Sustain) રાખવા સમાજે બધાં વાનાં કરવાં જોઈએ.

**અધ્યાપકને સધિયારો :** આજના ભારત દેશની શિક્ષણ વ્યવસ્થા ગંજાવર છે. એમ કહેવાય છે કે યુએસ અને ચીન પછી ત્રીજા ક્રમની એ મહાકાય (Colossus) વ્યવસ્થા (System) છે. આ રહી એની આંકડાકીય મહાજાળ.

- પ્રાથમિક શાળાઓની સંખ્યા : ૧૨ લાખ
- માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ : ૫ લાખ
- શાળાકક્ષાના વિદ્યાર્થીઓ : ૨૨ કરોડ
- શાળાકક્ષાના શિક્ષકો : ૬૫ લાખ
- યુનિવર્સિટીઓ : ૭૫૦
- કૉલેજો : ૩૮૦૦૦
- ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષકો : ૮ લાખ
- ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓ : ૧.૩૦ કરોડ

આંકડા વાંચીને જ ''અધધધ...'' થઈ જાય એ સ્વાભાવિક છે. આવા માહોલમાં કાર્યરત, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના અધ્યાપકની હિંમત અને સ્વસ્થતાને દાદ દેવી રહી. એ પણ ખાસ તો એટલા માટે કે એ કક્ષાએ અધ્યાપક થનાર, કશી પણ પૂર્વવ્યવસાય તાલીમ વિના જ, વ્યવસાયનાં જોખમો ખેડનાર લડવૈયો થઈ જાય છે. અને એ જંગ આજીવન ચાલતો હોય છે. એ જંગ ખેલવા માટે એને નથી તાલીમ મળી હોતી, નથી કોઈ શસ્ત્ર-સરંજામ અપાયાં હોતાં, નથી કોઈ માર્ગદર્શન અપાયું હોતું. કદાચ કોઈક સંસ્થામાં સહાનુભૂતિવાળા આચાર્ય, કે વિભાગીય વડા કે સિનિયર અધ્યાપકનો સથવારો મળી જાય, તો જંગ ખેલનારને થોડીક સગવડ અને સરળતા થઈ રહે.

આ નિરાધાર વ્યવસ્થાને થોડોક ટેકો નવી શિક્ષણનીતિ (NEP 1986) અને તેના અમલી કાર્યક્રમ (POA 1986/1990) દ્વારા મળી રહેલો. એ અન્વયે દેશમાં એકેડેમિક સ્ટાફ કૉલેજો શરૂ કરવામાં આવેલી જેની સંખ્યા અત્યારે ૬૬ જેટલી છે જે તદ્દન અપર્યાપ્ત છે. એટલું જ નહીં એમના તાલીમી કાર્યક્રમોની સંખ્યા અને ગુણવત્તા વિરુદ્ધ અનેકાનેક ફરિયાદો થતી રહી છે. ઉપરાંત તાજેતરમાં UGC, NAAC જેવી સંસ્થાઓના અનુદાનથી આંગળીના વઢે ગણી શકાય એટલા બે દિવસથી માંડીને સાત દિવસના સેમિનાર, કૉન્ફરન્સ, રાઉન્ડ ટેબલ જેવા તાલીમી કાર્યક્રમો ચાલતા હોય છે જેમની અસર (Impact) બહુ ઉપયોગી જોવા મળતી નથી.

મારા શિક્ષણ, પ્રશિક્ષણ, વહીવટ, સંચાલન, સંશોધન વગેરે ક્ષેત્રોના પ્રત્યક્ષ અનુભવ પરથી મને તો

પ્રતીતિ થઈ છે કે, પ્રવર્તમાન વાસ્તવિકતાઓની મદ્દેનજર અધ્યાપકને નૈતિક, તકનીકી અને વ્યવસાયી સધિયારો સતત આપતા રહેવા માટેનો એકમાત્ર કારગત ઉપાય છે શિક્ષણની સંસ્થાઓમાં જ અધ્યાપકને સ્વશિક્ષણ દ્વારા ''સતત શીખતા રહેવા''નો અણુવ્રતધારી બનવા માટે સઘળાં વાનાં કરવાં. આધુનિક ઉચ્ચ શિક્ષણને અધ્યયન કેન્દ્રી (Learning centred) અને અધ્યેતા કેન્દ્રી (Learner Centrio) બનાવવાની માંગ ઊઠી રહી છે. ખુદ રાષ્ટ્રીય જ્ઞાન પંચ (૨૦૦૫) (National Knowledge Commission)ના હેવાલનો પ્રધાન સૂર પણ સ્વશિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. આ જ સૂર લાગુ પાડવાનો છે અધ્યાપકને જેથી તેનો ધ્રુવમંત્ર અને તેનું અણુવ્રત ફક્ત અને ફક્ત અધ્યયન કેન્દ્રી બને. આ માટે પ્રત્યેક કૉલેજ અને યુનિવર્સિટી એમના અધ્યાપકો માટે સુવિધાઓ (Infrastructure) ઊભી કરે અને Faculty Development Cellનો વિચાર વહેતો કરે. આમ કરવાથી દરેક સંસ્થા અધ્યાપકોના વિકાસની તાલીમ માટે આત્મનિર્ભર બનશે. એકેડેમિક સ્ટાફ કૉલેજો UGC, NAAC વગેરેના અનુદાનથી ચાલતા અતિ ટૂંકાગાળાના હાલના કાર્યક્રમો એ બંનેએ વ્યક્તિગત સંસ્થામાં રચનારા F. D. C.ને હરકોઈ રીતે પ્રોત્સાહન, પ્રેરણા, માર્ગદર્શન અને હૂંફ પૂરાં પાડવાનાં વાનાં કરવાનાં રહેશે.

**અણુવ્રતનું અનુકરણ :** અણુવ્રતનો વિચાર કદાચ પ્રારંભિક સ્વરૂપ (Embryonic)નો છે પણ, ખંતપૂર્વક વિકસાવાતાં એની અનેક સંભાવનાઓ (Potential) સાકાર થઈ શકે એમ છે. એ માટે સંસ્થા દ્વારા નીચેનાં સહાયક વાનાં જરૂરી રહેશે.

- ચોક્કસ યોજના સાથે સંસ્થામાં F.D.C. સ્થાપવામાં આવે અને અધ્યાપકોના પ્રતિનિધિત્વવાળી સંરચના ઊભી કરવામાં આવે.
- અધ્યયનના અણુવ્રતનો ખ્યાલ સ્પષ્ટ કરવા વર્કશૉપો યોજવામાં આવે.
- વિષયદીઠ અણુવ્રતધારી અધ્યાપકોનાં પેટાવર્તુળો રચવામાં આવે.
- પ્રત્યેક વિષયના અધ્યયનનાં નીચેનાં પરિમાણોની વિગતો વિકસાવવાની પેટા-વર્કશૉપો યોજવામાં આવે.
  - (૧) પ્રત્યેક વિષય/ક્ષેત્રના જ્ઞાનનું અધ્યયન (Domain Knowledge)
  - (૨) સામાન્ય જ્ઞાનવિશ્વનું અધ્યયન (General Knowledge)
  - (૩) જે તે જ્ઞાનક્ષેત્રનાં કૌશલ્યોનું અધ્યયન/તાલીમ (Skills / Competences)
  - (૪) મૂલ્યોનું અધ્યયન (Values)
  - (૫) વ્યવસાયની વિવિધ પદ્ધતિઓનું અધ્યયન (Pedagogies)
- સમગ્ર કાર્યપ્રવૃત્તિના માર્ગદર્શન (Mentoring), મૂલ્યાંકન (Appraisal), નિગરાની (Monitoring), વહીવટ (Managemnt) વગેરેની વ્યવસ્થા
- આંતરસંસ્થા સંકલન/ખર્ચ વગેરેની વ્યવસ્થા
- સંશોધન સુધારણા અને ઉન્નયન (Upgradation)ની વ્યવસ્થા

**સમાપન :** એક અધ્યાપક તરીકે મેં પ્રાપ્ત કરેલ અનુભવો, તેમાંથી વિકસાવેલ વ્યવસાયનું દર્શન (Philosophy) અને નવીનીકરણો (Innovations) હાથ ધરવા માટેની વ્યવસાયિક સજ્જતા અને તેમાંથી ઉદ્‌ભવેલ વ્યવસાય તેમજ વ્યવસાયિક વ્યક્તિમાંની શ્રદ્ધાના ભાથા વડે પ્રાપ્ત થયેલ બૌદ્ધિક-સાંવેગિક (Intellectual - Emotional) સધિયારાએ મને ''શીખવું મારું અદકું અણુવ્રત'' મારી આખી વ્યવસાયી કારકિર્દીમાં પાળવાની પ્રેરણા પૂરી પાડી છે. એ અંગત સાહસને અધ્યાપકોની આજની અને આવતી કાલની પેઢીઓ સાથે ભોગવવા (Share)ની શક્યતાને હું મારું અહોભાગ્ય માનું છું. મને ઉપનિષદની આ પ્રાર્થનામાં હંમેશાં દૃઢ આસ્થા રહેલ છે અને એ આસ્થાએ મને કદાપિ પણ છેહ દીધો નથી.

**सहनाववतु सहनौ भुनक्तु, सह वीर्यं करवावहै ।**

**ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી**
બજારમાં, ટાવર પાસે,
કલોલ તા. ૨૪-૦૬-૨૦૧૫

# ઉમાશંકર જોશી

**ભોળાભાઈ પટેલ**

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના હાથમતીને કિનારે વસેલા હિમ્મતનગરની પાદરમાં પ્રવેશતાં પહેલાં એક રસ્તો શામળાજી તરફ લઈ જાય છે અને બીજો રસ્તો ભીલોડા તરફ. ભીલોડાને રસ્તે આછીપાતળી ઝાડીવાળી ડુંગરમાળામાં એક ઊંચો ડુંગર ખંભેરિયા દેખાય છે. આ ખંભેરિયાના ઢોળાવ પર બામણા ગામ વસેલું છે. આજે તો બામણા ગામની પાદરમાં પહોંચો તો હાથમતી જળાગાર યોજનાને લીધે વિશાળ સરોવર લહેરાય છે. ગામનો ઢોળાવવાળો મુખ્ય રસ્તો ચઢતાં છેક ખંભેરિયાને અડકો ત્યાં ઊંચાઈએ નળિયાના છાપરાવાળું એક ઘર છે. આ ઘરમાં જેઠાલાલ ડુંગરાવાળાને ત્યાં માતા નર્મદા – નવલબાની કૂખે કવિ ઉમાશંકરનો જન્મ ૨૧મી જુલાઈ ૧૯૧૧માં થયો હતો. આ ઘરના ઉંબર પર ઊભા રહો એટલે ઉગમણી દિશામાં આડો ડુંગર દેખાય અને ઘરની પછીતે જાઓ એટલે ખંભેરિયાનું ચઢાણ શરૂ થઈ જાય.

જેઠાલાલ ડુંગરાવાળા તો ઓળખ. મૂળે જેઠાલાલ જોશી શામળાજી પાસેના લુસડિયા ગામના. એ બાજુની એકબે જાગીરોમાં કારભારી તરીકે કામ કરતા. ઈ. સ. ૧૯૦૦ની આસપાસ છપ્પનિયા દુકાળ પછી બામણામાં આ ઘર ખરીદીને વસી ગયેલા. બ્રાહ્મણોની મુખ્ય વસ્તી હોવા છતાં દેશી રજવાડાના આ ગામમાં ભણતરનું પ્રમાણ ઓછું. મુખ્ય ધંધો ખેતીનો. જેઠાલાલ જોશીના પ્રયત્નોથી પછી ગામમાં રાજ્યની ગામઠી શાળા શરૂ થયેલી. એ શાળામાં ઉમાશંકરે પ્રાથમિક શિક્ષણ લેવાનું શરૂ કર્યું. ઉમાશંકરની શિશુચેતના પર જેમ વત્સલ માબાપના અને સ્વજનોના પ્રેમની તેમ ગામડાંઓની સીમના અને આ ગિરિપ્રદેશના પ્રાકૃતિક સૌન્દર્યની છાપ દઢ રીતે અંકિત થતી રહી. અજ્ઞાતપણે આંખો સૌન્દર્ય પીતી હશે અને કાન ઉદગ્ર હશે – અહીંના લોકસમાજમાં ઉચ્ચારાતા શબ્દ ભણી.

ઉમાશંકરે પહેલું અને બીજું ધોરણ એક વર્ષમાં કરેલું. આ વખતનો એક પ્રસંગ કવિના સ્મરણમાં રહી ગયેલો છે. એક વખતે ગામલોકોની હાજરીમાં 'ડિપોટી'એ પ્રશ્ન પૂછેલો : 'મીઠું ખારું છે, છતાં તેને મીઠું કેમ કહે છે ?' શિશુ ઉમાશંકર જવાબ આપી શકેલા નહીં અને ગામના લોકોએ કહેલું કે છોકરો કાચો છે. આ વાત એ વેળા એમના બાળમાનસમાં નોંધાયેલી. એમણે પછી કહ્યું છે : 'આ કાચાપણાનું ભાન મારા મનમાં બરાબર પાકું થઈ ગયું છે.'

દશ વર્ષના ઉમાશંકર ઈડર ભણવા ગયા. ત્યાં છાત્રાલયમાં માથે ફેંટો બાંધતા ભારે શરીરવાળા ઊંચા ભારાડી છોકરાઓમાં શરીરે સુકલકડી, આંખે મંદ દૃષ્ટિશક્તિવાળા ઉમાશંકર ટેણી જેવા લાગતા હશે. પન્નાલાલ પટેલ એમના સહાધ્યાયી, પણ એ પોતાની વયના પ્રમાણમાં વધારે પક્વ. જુદી જુદી ઋતુઓમાં બામણાથી ઈડરના આવનજાવનની મહેક પછી ઉમાશંકરના કવનમાં ફોરતી રહેલી જોવા મળે. ઇડરિયો ગઢ, એના એકેએક પથ્થરની જાણે ઓળખ. 'અમે ઇડરિયા પથ્થરો' એ કાવ્ય પછી લખાયું. આ ઈડરના ડુંગર ઉપર એક સમયે અનેક ઝરણાં વહેતાં. આજેય ચોમાસામાં વહેતાં હશે. ઝરણાંના વહેવાના માર્ગ આજે પણ છે. આવા એક ઝરણાને કાંઠે કિશોર ઉમાશંકરને કવિતાની પહેલી લીટી મળેલી :

**'જનતાતટે, કુદરતપટે સૌન્દર્યનિકેતન હતું.'**

ઈડરની શાળામાં 'સરસ્વતીચંદ્ર' વાંચવામાં આવી ગયેલો.

ઈડરમાં મૅટ્રિકના શિક્ષણની વ્યવસ્થા ન હોવાથી ૧૯૨૭માં ઉમાશંકર રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલી અમદાવાદની પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં મૅટ્રિકના વર્ષમાં દાખલ થયા. ભણવામાં અસાધારણ તેજસ્વી ઉમાશંકરે મૅટ્રિકમાં મુંબઈ યુનિવર્સિટીમાં ત્રીજો નંબર અને અમદાવાદ કેન્દ્રમાં પહેલો નંબર મેળવ્યો.

૧૯૨૮માં ઉમાશંકર ગુજરાત કૉલેજમાં દાખલ થયા. સ્વતંત્રતાની લડતના એ દિવસો હતા. કૉલેજના પહેલા વર્ષની દિવાળીની રજાઓમાં આબુનો પ્રવાસ કર્યો, જ્યાં શરદ્પૂર્ણિમાની રાત્રિએ નખી સરોવરને તટે કાવ્યદીક્ષાની પ્રથમ પંક્તિ મળી :

**સૌન્દર્યો પી ઉરઝરણ ગાશે પછી આપમેળે.**

૧૯૨૮માં રચાયેલી ઉમાશંકરની 'નખી સરોવર પર

શરદપૂર્ણિમા' એ પ્રથમ પૂરી કવિતા. પ્રકટ મોડી થઈ. કાવ્ય રચના પર બ. ક. ઠાકોરની કવિતાનો પ્રભાવ લક્ષિત થાય. ઇન્ટરની પરીક્ષા પછી ૧૯૩૦ની લડતમાં વિરમગામ સત્યાગ્રહ છાવણીમાં સ્વયંસેવક તરીકે ઉમાશંકર જોડાયા અને જેલમાં ગયા. ૧૯૩૦માં સાબરમતી જેલમાં મરાઠી શીખ્યા પછી યરવડા જેલમાં બંગાળી શીખી રવીન્દ્રનાથ વાંચ્યા. જેલમાં એક વિશિષ્ટ અનુભૂતિને પરિણામે એક નાટક સૂઝેલું. જેલમાંથી છૂટ્યા પછી ઉમાશંકર કૉલેજ જવાને બદલે વિદ્યાપીઠમાં જઈ કાકાસાહેબ કાલેલકરના અંતેવાસી બન્યા. અહીં એમને વિદ્યાપીઠના વિશાળ ગ્રંથાલયનો પણ લાભ મળ્યો.

૧૯૩૧માં ગાંધીજીને કેન્દ્રમાં રાખી 'વિશ્વશાંતિ' ખંડકાવ્ય રચાયું, જેની ભૂમિકા કાકાસાહેબે લખી. 'વિશ્વશાંતિ'એ ૨૦ વર્ષના તરુણ ઉમાશંકરને કવિ તરીકે સ્થાપી દીધા. ૧૯૩૨માં ફરી જેલમાં ગયા. ત્યાં 'સાપના ભારા'નાં ઘણાં એકાંકીઓ લખાયાં. ૧૯૩૩માં થોડા માસ પુણેમાં દેવદાસ ગાંધી સાથે કામ કર્યું. ૧૯૩૪માં ચાર વર્ષથી છોડેલો ઉચ્ચ અભ્યાસ ફરી શરૂ કર્યો અને અર્થશાસ્ત્ર તથા ઇતિહાસ લઈ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. એ જ વર્ષે 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ પ્રકટ થયો. મુંબઈમાં એમને કવિ હરિશ્ચંદ્ર ભટ્ટની મૈત્રી થઈ, જે એમને આધુનિક યુરોપિયન સાહિત્યના સંપર્કમાં મૂકી દે છે. ૧૯૩૬માં બી.એ. થયા. ૧૯૩૮માં ગુજરાતી મુખ્ય વિષય લઈ એમ. એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરી. મુંબઈમાં અભ્યાસ દરમિયાન થોડો સમય ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે અને એક વર્ષ સીડનહામ કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કર્યું. દરમિયાન ૧૯૩૭માં જ્યોત્સ્નાબહેન સાથે એમનાં લગ્ન થયાં. ૧૯૩૯માં ઉમાશંકર અમદાવાદ આવ્યા. એ જ વર્ષે એમને રણજિતરામ સુવર્ણચંદ્રક 'ગંગોત્રી' માટે એનાયત થયો.

૧૯૩૯માં ઉમાશંકર ગુજરાત વિદ્યાસભા સંચાલિત ભો. જે. અધ્યયન સંશોધન સંસ્થામાં અનુસ્નાતક અધ્યાપક તરીકે જોડાયા. અહીં એમણે થોડો સમય 'બુદ્ધિપ્રકાશ'નું સંપાદન પણ સંભાળ્યું. ૧૯૪૪માં 'પ્રાચીના' માટે મહીડા પારિતોષિક મળ્યું. ૧૯૪૬ના અંતે તેઓ સંસ્થા સાથે મતભેદ થતાં અધ્યાપનકાર્યમાંથી મુક્ત થયા. એ વર્ષે 'પુરાણોમાં ગુજરાત' સંશોધનગ્રંથ પ્રકટ થયેલો. ૧૯૪૭ના જાન્યુઆરીથી 'સંસ્કૃતિ' માસિક શરૂ કર્યું.

૧૯૫૨માં ઉમાશંકરે રવિશંકર મહારાજ આદિ સાથે શાંતિયાત્રામાં ચીનનો ચોપન દિવસનો પ્રવાસ કર્યો.

૧૯૫૪માં ગુજરાત યુનિવર્સિટીએ 'યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લૅન્ગ્વેજ ઍન્ડ લિટરેચર' – ગુજરાતી ભાષાસાહિત્ય ભવન શરૂ કરતાં તેઓ એના પ્રથમ પ્રોફેસર અને અધ્યક્ષ નિમાયા. આગળ જતાં એ ભવનમાં બીજી સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી-ફારસી આદિ ભાષાના વિભાગો શરૂ થતાં સ્કૂલ ઑફ લૅંગ્વેજિઝ – ભાષાસાહિત્ય ભવન બન્યું. ૧૯૭૦ સુધી તેઓ એ ભાષાસાહિત્ય ભવનના અધ્યક્ષપદે રહ્યા. ૧૯૫૪થી શરૂ થયેલી સાહિત્ય અકાદેમી (દિલ્હી)ની કાર્યવાહક સમિતિના પણ એ સભ્ય બન્યા. ૧૯૫૫માં ગોવર્ધનરામની શતાબ્દી પ્રસંગે નડિયાદમાં ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ ચૂંટાયા અને 'કવિની સાધના' વિશે વ્યાખ્યાન આપ્યું. ૧૯૫૬માં ભારત સરકારે અમેરિકાની યુનિવર્સિટીઓમાં અપાતા 'જનરલ એજ્યુકેશન'ના નિરીક્ષણ માટે મોકલેલા પ્રતિનિધિમંડળમાં જોડાઈ અમેરિકાનો પ્રવાસ કર્યો. એ જ વર્ષે લંડનમાં ભરાયેલી પી. ઈ. એન.ની કૉન્ફરન્સમાં ભાગ લીધો. ૧૯૬૧માં ઉજવાયેલી રવીન્દ્ર શતાબ્દીમાં એમણે દિલ્હી અને કલકત્તા તથા મુંબઈમાં રવીન્દ્રનાથ વિશે સ્વાધ્યાયો રજૂ કર્યા. એ જ વર્ષે લેખકોના પ્રતિધિમંડળમાં સોવિયેત – રશિયાની યાત્રા કરી.

૧૯૬૪માં જ્યોત્સ્નાબહેનનું અવસાન થયું.

૧૯૬૬માં ઉમાશંકર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે ચૂંટાયા. આ પદ તેમણે બે સત્ર સુધી – ૧૯૭૨ સુધી સંભાળ્યું. ૧૯૬૭માં દિલ્હીમાં ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૪મા અધિવેશનના એ પ્રમુખ હતા. ૧૯૬૮માં દેશનો સર્વોચ્ચ સાહિત્યિક પુરસ્કાર જ્ઞાનપીઠ ઍવૉર્ડ (કન્નડા કવિ કે. વી. પુટપ્પા સાથે) તેમના કાવ્યસંગ્રહ 'નિશીથ' માટે પ્રાપ્ત થયો. ૧૯૭૦માં છ વર્ષ માટે એમની રાજ્યસભાના સભ્ય તરીકે નિમણૂક થઈ. ૧૯૭૧માં અને ૧૯૭૩માં યુરોપના કેટલાક દેશોની યાત્રા કરી. ૧૯૭૮માં તૉલ્સ્તૉયની સાર્ધ શતાબ્દીની ઉજવણીમાં ભાગ લેવા સોવિયેત રશિયા ગયા, જ્યાં તૉલ્સ્તૉયના વતન યાસ્નોયા પોલ્યાનાની યાત્રા કરી. ૧૯૭૯માં એમને 'સોવિયેત લૅન્ડ નહેરુ ઍવૉર્ડ' આપવામાં આવ્યો. ૧૯૭૯થી ૧૯૮૨ એ ત્રણ વરસ માટે વિશ્વભારતી, શાંતિનિકેતનના આચાર્ય (ચાન્સેલર) નિમાયા. આ એક મોટું સન્માન હતું. આ પદે ઘણુંખરું ભારતના વડાપ્રધાન રહેતા હોય છે.

૧૯૮૦માં પુત્રી નંદિની અને સ્વાતિ સાથે યુરોપના કેટલાક દેશોની યાત્રા કરી. ૧૯૮૧માં વિશ્વગુર્જરી ગૌરવ પુરસ્કાર મળ્યો. સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં

ઉમાશંકરના બહુમૂલ્ય પ્રદાનને અનુલક્ષીને ઉમાશંકરને ૧૯૬૯માં બેંગલોર યુનિવર્સિટીએ, ૧૯૭૦માં જોધપુર યુનિવર્સિટીએ, ૧૯૭૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ, ૧૯૭૮માં સરદાર પટેલ યુનિવર્સિટીએ, ૧૯૮૧માં જાદવપુર યુનિવર્સિટીએ માનદ્ ડૉક્ટરેટની પદવીઓ આપી હતી. વિશ્વભારતી, શાંતિનિકેતનને પણ એમને 'દેશીકોત્તમ' (ડિ.લિટ્)ની પદવી ૧૯૮૩માં આપી હતી.

દેશની સર્વોચ્ચ સાહિત્યિક સંસ્થા સાહિત્ય અકાદેમીની સ્થાપના થઈ, ત્યારથી એની કાર્યવાહક સમિતિના સદસ્ય રહ્યા હતા. ૧૯૭૮થી પાંચ વર્ષ માટે ઉમાશંકર સાહિત્ય અકાદેમીના અધ્યક્ષપદે રહ્યા. ૧૯૮૭માં તેઓ ઇન્ડિયન નૅશનલ કમ્પેરેટિવ લિટરેચર ઍસોસિયેશનના અધ્યક્ષ હતા. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ માસ કૉમ્યુનિકેશન અને ઇન્ડિયન પી.ઈ.એન.ના પણ અધ્યક્ષ હતા.

અમેરિકામાં વસતા ગુજરાતીઓના નિમંત્રણથી ફરી ૧૯૮૬માં અમેરિકાનો સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવાસ કરી ત્યાં અનેક વાર્તાલાપો આપ્યા.

પછી તો કવિનો ઘણો સમય અમદાવાદમાં 'સેતુ'ના એમના નિવાસસ્થાને સ્વાધ્યાયમાં પસાર થતો, જેનું સુફળ 'ઈશાવાસ્ય ઉપનિષદ્' (૧૯૮૮) જેવાં પુસ્તકો રૂપે આપણને મળે છે.

૧૯૮૮ના નવેમ્બરની ૧૪મી તારીખે સ્વ. જવાહરલાલ નહેરુના જન્મદિને તેમના જન્મશતી વર્ષમાં સાહિત્ય અકાદમી તરફથી દિલ્હીમાં આયોજિત રાષ્ટ્રીય કવિતાપર્વમાં કવિએ પોતાની કવિતાઓ વાંચી. ત્યાંથી તેઓ મુંબઈ આવ્યા અને ભારતીય વિદ્યાભવનમાં ૧૮મી નવેમ્બરના રોજ ક. મા. મુનશી શતાબ્દી સેમિનારની ઉદ્દ્ઘાટન બેઠકમાં અધ્યક્ષીય પ્રવચન આપ્યું.

આ દિવસોમાં કવિની તબિયત નાદુરસ્ત રહેતી હતી. સારવાર માટે એમને નવેમ્બરના અંતમાં તાતા મેમોરિયલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. હૉસ્પિટલમાં એમના પર શસ્ત્રક્રિયા કરવામાં આવી, પણ તબિયત લથડતી જ ગઈ. ૧૯મી ડિસેમ્બર, ૧૯૮૮ની રાત્રે કવિ ઉમાશંકર ચિરનિદ્રામાં પોઢી ગયા.

આમ, ઉત્તર ગુજરાતના એક પહાડી વિસ્તારના ગામડાગામથી શરૂ થતી એક ગભરુ ઝરણાની યાત્રા ન જાણે ક્યાં ક્યાં થઈ વિરાટ નદ બની મહાસાગરમાં વિલીન થઈ ગઈ. આ યાત્રામાં સથવારો શબ્દનો હતો. ઉમાશંકરે લખ્યું છે :

'ગામથી શબ્દ લઈને નીકળ્યો હતો. શબ્દ ક્યાં ક્યાં લઈ ગયો ? સત્યાગ્રહ છાવણીઓમાં, જેલોમાં, વિશ્વવિદ્યાલયમાં, સંસદમાં, દેશના મૂર્ધન્ય સાહિત્યમંડળમાં, રવીન્દ્રનાથની વિશ્વભારતીમાં, વિદેશના સાંસ્કૃતિક સમાજોમાં – એટલે કે વિશાળ કાવ્યલોકમાં, માનવ હોવાના અપરંપાર આશ્ચર્યલોકમાં, તો ક્યારેક માનવમૂલ્યોના સમકાલીન સંઘર્ષોની ધાર પર... પ્રામાણિકપણે કહી શકું કે શબ્દનો વિસારો વેઠ્યો નથી.'

❖

## ૨. સાહિત્યસૃષ્ટિ

### કવિ

૧૯૨૮માં સત્તર વર્ષની વયે રચાયેલી 'નખી સરોવર પર શરદપૂર્ણિમા' કવિ ઉમાશંકરની પ્રથમ કવિતા છે, પરંતુ પ્રથમ કાવ્યપુસ્તકને તે ૧૯૩૧માં પ્રકટ 'વિશ્વશાંતિ' ખંડકાવ્ય. નવજીવને એ પ્રકટ કરેલું. કાકાસાહેબે એની પ્રસ્તાવના લખેલી :

**ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો !**
**શતાબ્દીઓના ચિરશાંત ઘુમ્મટો**
**ગજાવતો ચેતનમંત્ર આવતો !**

'વિશ્વશાંતિ'નો આરંભ આ શબ્દોથી થાય છે. મંગલ શબ્દ કયો ?

**'તું પાપ સાથે નવ પાપી મારતો.'**

આ શબ્દ અનેક સંતો-મહાત્માઓએ બુદ્ધ, ઈશુ, મહાવીર આદિએ સાંભળેલો, પણ નિદ્રાજડ લોક વચ્ચે એ મંત્ર અનંતતામાં ડૂબી ગયો હતો તે હવે 'યુદ્ધથાકયા જગને કિનારે' ફરી ગાંધીને કાને પડ્યો છે. આ કવિતાનો વિષય વિશ્વશાંતિ છે, અને એના નાયક છે ગાંધીજી. કવિએ માનવસંસ્કૃતિના વિકાસની પટભૂમિકામાં 'વિરાટ જીવનના કલાધર' ગાંધીની છબીની, એમની શાંતિયાત્રાની જયઘોષણા કરી છે. વિશ્વશાંતિની કવિની કલ્પના મનુષ્યો મનુષ્યો વચ્ચેની શાંતિ સુધી સીમિત નથી રહેતી, એમની કલ્પના વિશાળ અતલાન્ત વિશ્વની શાંતિની એક વિરાટ કલ્પના છે, તેમાં ગ્રહો, તારા, નિહારિકા તો છે, ઉપરાંત

**વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી**
**પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !**

કવિ ન્હાનાલાલ અને બ. ક. ઠાકોરની કવિતા પછી આ એક નવો કવિ અવાજ હતો ગુજરાતી કવિતામાં. આ બંનેની અસર આ તરુણ વયના કવિ પર વરતાતી હોય. એ વખતે બ. ક. ઠાકોરની વિચારપ્રધાન કવિતાની વિભાવના,

અગેય પ્રવાહી પૃથ્વી છંદ અને સૉનેટની લોકપ્રિયતા અને ન્હાનાલાલની ઊર્મિકવિતા કોઈ નવકવિને પ્રભાવિત કરે એમાં નવાઈ નહોતી. આ બધું લઈને આ કવિ આગળ વધે છે. આમ છતાં એ બંનેથી જુદી ઇબારત અને આગવા આકારની ઉમાશંકરની શોધ દેખાય છે. આ સમયે કવિ સુન્દરમ્ અને શ્રીધરાણીની પણ અભિનવ મિજાજની કવિતા આવતી હતી. આ કવિતાઓમાં સ્વતંત્રતા માટેની લડત, દરિદ્રનારાયણની ઉપાસના વચ્ચે ચાલે એવી ભાવના ગાંધીની પ્રેરણાથી સિંચાતી રહી, પુષ્ટ બનતી હતી. એમાં ભલે પછી, રવીન્દ્રનાથનો અને સામે છેડે માર્ક્સનો પાસ લાગેલો હોય.

'ગંગોત્રી' (૧૯૩૪) ઉમાશંકરનું બીજું કાવ્યપુસ્તક. એની કવિતા પર એ વખતનાં વરસોમાં 'ગુજરાતમાં જીવનનો જે પ્રચંડ જુવાળ ચડી આવ્યો તેની અસર' સ્વાભાવિક રીતે છે. ઇન્દ્રવજ્રા, ઉપજાતિ ઉમાશંકરનો છંદ બનતો જાય છે, અવશ્ય એમાં બીજા છંદો છે અને ગીતરચનાઓ પણ છે. સૉનેટ કાવ્યસ્વરૂપનો પક્ષપાત પણ અછતો રહેતો નથી. વૈશ્વિકતાની ભાવના પ્રબળ છે, જે 'વિશ્વતોમુખી' કે 'વિશ્વમાનવી' જેવી કવિતામાં પ્રકટ થાય છે :

**વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી**
**માથે ધરું ધૂળ વસુન્ધરાની.**

'ગંગોત્રી'નું 'જઠરાગ્નિ' કાવ્ય અને 'ભોમિયા વિના' તો કાવ્યપ્રેમીઓના કંઠે કંઠે ઝિલાયાં :

**ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે;**
**ખંડેરની ભસ્મકણી ન લાધશે !**

જેવા માર્ક્સવાદી ઉદ્ગાર સાથે આવી ભાવનાપ્રવણ પંક્તિઓ પણ ઊતરી આવે છે.

**ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,**
**જંગલની કુંજ કુંજ જોવી હતી;**
**જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,**
**રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.**

'ગંગોત્રી'માં કેટલાંક કાવ્યોના વિષયોએ ધ્યાન ખેંચેલું – 'એક ચુસાયેલા ગોટલાને' કે 'ઉકરડો', 'ધોબી', 'મોચી' વગેરે. 'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ' જેવી ન્હાનાલાલીય કવિતાઓ પછી ગાંધીપ્રભાવથી એ સ્વાભાવિક હતું. 'ગંગોત્રી'ના 'બીડમાં સાંજવેળા', 'એક બાળકીને સ્મશાને લઈ જતાં', 'સમરકંદ બુખારા', 'બળતાં પાણી' જેવાં કાવ્યો ઉમાશંકરની કાવ્યસિદ્ધિનાં સોપાન બની રહ્યાં.

કવિને યશ મળ્યો 'નિશીથ' (૧૯૩૯)થી. આ સંગ્રહ માટે પછીથી તેમને ૧૯૬૮નો ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો. શીર્ષકકાવ્ય 'નિશીથ' આમ તો ઉદ્બોધન – ઓડ કાવ્ય છે. વિરાટ મૂર્ત કલ્પનો રચતી કવિની સર્ગશક્તિ અહીં એમના પ્રિય મિશ્રોપજાતિ છંદમાં વૈદિક વાણીની નિકટ લઈ જતી જણાય છે. 'નિશીથ'માં બીજી મહત્ત્વપૂર્ણ રચના 'આત્માનાં ખંડેર' સૉનેટમાલા છે. 'છિન્નભિન્ન છું' એ વાત તો આ કવિએ પછી કરી પણ એની કઠોર વાસ્તવિકતાની અનુભૂતિનો આરંભ અહીં થઈ ચૂક્યો છે. યથાર્થથી પલાયન નહીં, એનો સમજણપૂર્વકનો સ્વીકાર એ અંતિમ દર્શને કવિ પહોંચે છે. દૂર પહાડો વચ્ચે વસેલા બામણા ગામનો એક યુવક મુંબઈ જેવા મહાનગરમાં આ સત્ય પામે છે :

**યથાર્થ જ સુપથ્ય એક, સમજ્યાં જવું શક્ય જે**
**અજાણ રમવું કશું ! સમજવું રિબાઈય તે.**

'સદ્ગત મોટાભાઈ' જેવી હૃદયસ્પર્શી એલીજી – કરુણપ્રશસ્તિ રચના અહીં છે. એટલે કે મૃત્યુનો એમાં અનુભવ છે. જીવનના બે મહત્ વ્યાપાર પ્રેમ અને મૃત્યુ – એની કવિતાઓ 'નિશીથ'માં સારી એવી છે. રવીન્દ્રનાથની જેમ આ કવિ મૃત્યુની વાત કરતા રહ્યા છે, પણ એ મૃત્યુ 'શ્યામ સમાન' નથી (જુઓ 'મૃત્યુને' કાવ્ય). અવશ્ય એ મૃત્યુ સાથે કવિ ઉત્તરવયે 'સપ્તપદી'ની 'મૃત્યુક્ષણ' કવિતામાં હાથ મિલાવે છે. શિષ્ટ પ્રણયકાવ્યો 'નિશીથ'નું આભૂષણ છે. 'સખી મેં કલ્પી'તી,' 'બે પૂર્ણિમાઓ', 'મળી ન્હોતી જ્યારે' આદિ કાવ્યોમાં પરિણયોપરાન્ત પ્રેમ છે. અહીં ગીતો પણ ઘણાં જડ્યાં છે, ભલે કવિએ કહ્યું હોય :

**અમે સૂતા ઝરણાને જગાડ્યું,**
**ઉછીનું ગીત માગ્યું**
**કે ગીત અમે ગોત્યું ગોત્યું ને ક્યાંય ના જડ્યું.**

ક્યારેક તો છેક લોકગીતોમાં ગણાઈ જતું એમનું અનન્ય ગીત છે 'ગાણું અધૂરું' :

**ગાણું અધૂરું મેલ્ય મા, લ્યા વાલમા,**
**ગાણું અધૂરું મેલ્ય મા...**

૧૯૪૬માં પ્રકટ થતો કાવ્યસંગ્રહ 'આતિથ્ય', કવિએ કહ્યું છે તેમ, એમના સંગ્રહોમાં જુદો પડી આવે છે. અહીં ગીતો ઘણાં છે અને તેમાંય વર્ષાગીતો. કલાઓ અંગેની કવિતાઓ જેમ ધ્યાન ખેંચે છે, તેમ પ્રવાસ અંગેની. 'આવ્યો છું મંદિરો જોવા' જેવી પણ. 'વસંતવર્ષા' (૧૯૫૪)માં વસંત અને વર્ષાનાં ગાન છે, કવિની પસંદ ઋતુ છે. પણ ઘણી ઋતુરચનાઓ રૂઢ પ્રકારની છે, વસંત આવે એટલે આવું આવું બને એવી રીતની. એમાં અનન્યતા ઓછી, એવું જ

વર્ષાગીતોનું છે. આ સંગ્રહમાં 'ભટ્ટ બાણ' એક મહત્ત્વાકાંક્ષી સમર્થ રચના છે. એ કવિતા સમીક્ષકોની બહુ નજરે ભલે ચઢી નથી. જેણે સર્જનપ્રક્રિયાની આંતરપીડા જાણી છે, એવો કવિ જ એવા બીજા કોઈ કવિની એવી અંતર્ગૂઢ વેદના વિશે કલ્પી શકે, અને કવિતા રચી શકે. કવિની સૉનેટપ્રીતિ હજુ ઓસરી નથી, બલકે 'વસંતવર્ષા'નાં સૉનેટ એ એની મુખ્ય સમૃદ્ધિ છે. કવિને પોતાને આ સંગ્રહ 'જીવનને અર્ધે રસ્તે સરવૈયા' જેવો લાગ્યો છે, એટલે તો છેવટે 'ગયાં વર્ષો – ' અને 'રહ્યાં વર્ષો તેમાં –' એ સૉનેટયુગ્મ છે, એની અંતિમ કવિતા ધરતીપ્રેમને વ્યક્ત કરે છે :

**મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.**

'પ્રાચીના' (૧૯૪૪) અને 'મહાપ્રસ્થાન' (૧૯૬૫) બન્નેના પ્રાકટ્ય વચ્ચે ૨૦ વર્ષનું અંતર છે, પણ કાવ્યરૂપની રીતે બન્નેની સાથે ચર્ચા ઇષ્ટ છે. આ બન્ને સંગ્રહોમાં કવિનો પ્રયોગ 'ત્રીજા અવાજ' (થર્ડ વૉઇસ ઑફ પોએટ્રી – એલિયટ) તરફ એટલે પદ્યનાટક તરફ જવાનો છે. 'પ્રાચીના'માં નાટ્યતત્ત્વ છે, પણ એના સંવાદ, બાની વિશેષે કાવ્યનાં છે. બહુ બહુ તો એને નાટ્યકાવ્ય કહી શકીએ. 'મહાપ્રસ્થાન'માં કવિ વનવેલી છંદમાં બોલચાલની ભાષાના લયાત્મક વિનિયોગથી, 'મંથરા' જેવામાં તો 'ત્રીજો અવાજ' સિદ્ધ કરે છે. પદ્યનાટક લખવાની કવિની આકાંક્ષા છેક લગી રહી છે.

'પ્રાચીના'માં સાત રચનાઓ છે. સંવાદકાવ્યનું આ રૂપ ઉમાશંકરને રવીન્દ્રનાથનાં 'કર્ણકુન્તીસંવાદ', 'ગાંધારીર આવેદન' કે 'વિદાય અભિશાપ' જેવી રચનાઓ પરથી મળ્યું છે. ગુજરાતીમાં આ નવું કાવ્યરૂપ પછી એમના જેટલી દક્ષતાથી કોઈ ખેડી શક્યું નથી. 'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન'માં આપણા કવિ પ્રાચીન પુરાકથાઓનું યુગીન સંદર્ભમાં પોતાને અભિમત અર્થઘટન કરે છે. 'કર્ણ-કૃષ્ણ'માં દુર્યોધનના દરબારમાં નિષ્ફળ વિષ્ટિ પછી કૃષ્ણ કર્ણને પોતાના રથમાં બેસાડી એના જન્મનું રહસ્ય કહે છે કે તું કુંતીપુત્ર છે, માટે પાંડવો સાથે આવી જા. તને રાજ મળશે, દ્રૌપદી પાંચ ભ્રાતાની સાથે તારી પણ પત્ની બનશે, પરંતુ કર્ણ બધી લાલચો ઠુકરાવી દે છે. કહે છે – 'હું કર્ણ હું કર્ણ ન પાંડુ પુત્ર.' કર્ણ મનુષ્યસમાજમાં એ સિદ્ધ કરવા માગે છે –

**કે હીન જન્મે નવ હીન માનવ**
**કે હીન કર્મે કરી હીન માનવ.**

'પ્રાચીના'ના લગભગ દરેક નાટ્યકાવ્ય દ્વારા કવિ કોઈ ને કોઈ મૂલ્યની સ્થાપના કરતા જણાય છે, અલબત્ત એ સમગ્ર રચનામાં રેણાઈ જતું હોય છે.

'મહાપ્રસ્થાન'માં મહાભારત અને રામાયણમાંથી પ્રસંગો લેવામાં આવ્યા છે, ઉપરાંત એક 'નિમંત્રણ' આમ્રપાલી વિશે છે, એક છે કચ વિશે. છેલ્લી ત્રણ પંક્તિઓ સિવાય 'કચ' તો નાટ્યાત્મક એકોક્તિ જ છે. આ રચનાઓમાં પણ કવિનો મૂલ્યબોધ મુખરિત છે. ગુજરાતી ભાષાને આ રચનાઓથી ઉમાશંકરે એક નવું પરિમાણ આપ્યું છે. મોટા સર્જકની એક ઓળખ તે પોતાની ભાષાને પ્રૌઢત્વ – મેચ્યુરિટીની ભૂમિકાએ લઈ જવી તે છે. અહીં ગુજરાતી ભાષાની એવી પ્રૌઢી ઘણી રચનાઓમાં જોવા મળે છે. એક જ કાવ્યકુળનાં છતાં 'પ્રાચીના'થી 'મહાપ્રસ્થાન'ની ભાષા એ રીતે લવચીકતામાંય જુદી પડે છે.

'અભિજ્ઞા' (૧૯૬૭) અને ધારાવસ્ત્ર (૧૯૮૧) કવિના ક્રમે આઠમા અને નવમા કાવ્યસંગ્રહો છે. 'અભિજ્ઞા'થી કવિ 'મુક્ત પદ્ય અને પદ્યમુક્તિ'ના પ્રયોગો શરૂ કરે છે. પદ્યમુક્તિ એટલે અછાંદસ. મુક્તપદ્યના પ્રયોગો તો કવિએ ૧૯૫૬માં લખાયેલ 'છિન્નભિન્ન છું' અને ૧૯૫૯માં લખાયેલ 'શોધ'માં સફળતાથી કર્યા હતા. ભાવજગતની રીતે પણ આ બંને કાવ્યોમાં સમગ્ર ગુજરાતી ભાષાનાં બદલાયેલાં વલણો જોવા મળે છે. નિરંજન ભગતે 'પ્રવાલ દ્વીપ'માં નગરજીવનની કવિતા આપી હતી. હસમુખ પાઠક, પ્રિયકાન્ત મણિયાર, નલિન રાવળ આદિ કવિઓએ આધુનિકતાવાદી કહી શકાય, એવી રચનાઓ કરી. પ્રતીકવાદ, કલ્પનાવાદ આદિ પાશ્ચાત્ય કાવ્યઆંદોલનો અને એ સાથે એલિયટ આદિ કવિઓનો પ્રભાવ આપણી કવિતા પર વરતાય છે. કવિ ઉમાશંકર 'છિન્નભિન્ન છું' અને 'શોધ' દ્વારા સમકાલીન કવિતા સાથે ચાલતા જણાય છે. સમયનો છંદ અને સ્પંદ એમની કવિતાએ ઝીલ્યો. માલાર્મે, વાલેરી આદિ ફ્રેન્ચ કવિઓ દ્વારા પુરસ્કૃત કવિકર્મનો મહિમા કર્યો. કવિધર્મ એ કવિકર્મ. અને 'શબ્દ'નો મહિમા તો આ કવિ પહેલેથી કરતા આવ્યા છે. ભાષા સાથે કલ્પનોનું વિશ્વ પણ બદલાયું. 'નિશીથ'ના આત્માના ખંડેરમાં જે ખંડેર વ્યક્તિત્વની વાત, તેનું જ આઝાદીનાં વર્ષો પછીનું, વિભ્રાન્તિની અવસ્થા પછીનું અનુસંધાન. 'છિન્નભિન્ન છું' અને 'શોધ' 'અભિજ્ઞા'માં પ્રકટ થયેલાં, પછી અંતિમ કાવ્યસંગ્રહ 'સપ્તપદી'માં સ્થાન પામ્યાં છે. આ કવિતાઓનો કવિ અનેક વાર અવસર મળ્યે પાઠ કરતા.

'માઈલોના માઈલો મારી અંદર' 'ધારાવસ્ત્ર'નું પ્રસિદ્ધ કાવ્ય છે. અહીં પણ વર્ષાની કેટલીક છટાઓ કવિતામાં ઝિલાઈ છે, જેમ કે 'ધારાવસ્ત્ર' શીર્ષક કાવ્યમાં. અહીં પ્રવાસકાવ્યો અને બાળકાવ્યો છે. આ બાળકાવ્યો

કવિનો એક નવો ચહેરો.

ઉમાશંકરનો અંતિમ કાવ્યસંગ્રહ ‘સપ્તપદી’ (૧૯૮૧) ગુજરાતી કવિતાનું એક શિખર છે. ‘સપ્તપદી’માં સાત રચનાઓ છે, પણ સાતેય મળી એક કાવ્ય છે. એકકેન્દ્ર થવા મથતા વ્યક્તિત્વની પ્રક્રિયા ‘સપ્તપદી’નો વિષય છે. સાત રચનાઓનાં શીર્ષક છે : ‘છિન્નભિન્ન છું’, ‘શોધ, ‘નવપરિણીત પેલાં’, ‘સ્વપ્નોને સળગવું હોય તો’, ‘પીછો’, ‘મૃત્યુક્ષણ’ અને ‘પંખીલોક’ એમાં પહેલી રચનામાં વ્યક્તિત્વની છિન્નભિન્નતાનો બોધ છે, બીજી રચનામાં શોધ છે તે અભિવ્યક્તિની, સર્જકતાની અભિવ્યક્તિની, સર્જકતા જ છિન્ન વ્યક્તિત્વને એકકેન્દ્ર કરી શકે. ત્રીજી રચનામાં પ્રેમ અને દામ્પત્યસ્નેહની વાત છે. એકકેન્દ્ર થવા મથનાર માટે એ પ્રબળ તત્ત્વો છે, એમાં ઈશ્વરનો પ્રેમ પણ ઉમેરાવો જોઈએ. ચોથીમાં દુરિત તત્ત્વની વાત છે. અખિલાઈનું દર્શન કરવા મથતા કવિએ દુરિત – ઈવિલ – નો પણ સ્વીકાર કરવો ઘટે. દુરિત વ્યક્તિત્વ ગઠનની અનિવાર્યતા લાવે છે. ઈશ્વરની અનિવાર્યતા પણ દુરિતના અનુભવ પછી સમજાય. ‘પીછો’ પ્રભુનો પીછો છે, પરંતુ આ એવો પ્રભુ છે જે પણ ભક્તનો એક રીતે પીછો કરે છે. છઠ્ઠી રચનામાં મૃત્યુની વાત આવે છે, કેમ કે પ્રેમ અને મૃત્યુની અનુભૂતિ આ કવિમાં, કદાચ કવિમાત્રમાં, સાથે ચાલે છે. સાતમી રચના ‘પંખીલોક’માં કવિના શબ્દોમાં માનવીની શતખંડ ત્રુટિત ચેતના વૈશ્વિક સંદર્ભમાં પોતાપણાને પામે છે. ‘પંખીલોક’માં પ્રવેશ માત્ર કવિ માટે જ નહીં, સૌ ભાવક માટે પણ આનંદલોકમાં પ્રવેશ છે. કવિને તો પોતાની પ્રથમ કાવ્યપંક્તિથી માંડ આજ સુધીની સમગ્ર કવિજીવનની ચરિતાર્થતા અનુભવાય છે :

**મારું કામ ? મારું નામ ?**<br>
**સપ્રાણ ક્ષણ, આનંદ-સ્પંદ એ કામ મારું**<br>
**માનવતાની સ્ફૂર્તિલી રફતારમાં ભળી ગયું છે...**<br>
**નામ મારું ભાષામાં ઓગળી ગયું છે.**

## નાટકકાર

૧૯૩૨માં ઉમાશંકરે પોતાનું પહેલું એકાંકી નાટક ઈશુ વિશે ‘શહીદનું સ્વપ્ન’ રચ્યું. એક રીતે એ ‘વિશ્વશાંતિ’નો અવશેષ છે. આ પહેલાં સાબરમતી જેલમાં ૧૯૩૦માં એમને એક આધ્યાત્મિક અનુભવ સાથે એક પદ્યનાટક સૂઝેલું, જેમાં નક્ષત્રો – ધ્રુવ, અરુન્ધતી અને સ્વયં કાલ પાત્રો હતાં. જેલની નોટબુકમાં લખાયેલા એ નાટકનાં બે દશ્યો પણ અપ્રકટ જ રહ્યાં. ઉમાશંકર સફળ નાટકકાર રૂપે તો, જ્યારે ભાવનાલોકમાંથી વાસ્તવલોકની ભૂમિકા પર ઊભા રહી રચનાઓ કરે છે ત્યારે, ૧૯૩૨માં વિસાપુર જેલમાં લખાતા ‘સાપના ભારા’ના લેખક તરીકે આવે છે.

‘સાપના ભારા’ (૧૯૩૬) પ્રથમ એકાંકી સંગ્રહ છે, એ પછી ૧૯૫૧માં ‘શહીદ’ સંગ્રહ પ્રકટ થયેલો. ‘શહીદ’ સંગ્રહ બીજાં બે નવાં એકાંકી તથા એક અનુવાદખંડ સાથે ‘હવેલી’ એવા નવા નામથી ૧૯૭૭માં ફરી પ્રકટ થયો. આ બંને સંગ્રહોમાં કુલ મળી ૨૨ મૌલિક એકાંકીઓ છે.

ગુજરાતી નાટ્યસાહિત્યના ઇતિહાસમાં ‘સાપના ભારા’નાં એકાંકીઓ સીમાચિહ્નરૂપ છે. ગ્રામસમાજ અને ગ્રામમાનસની ઊંડી સૂઝ અને તળપદી લોકબોલીની વ્યંજનાશક્તિના અપૂર્વ પ્રયોગથી સિદ્ધ થતું એકાંકી નાટકનું રૂપ આશ્ચર્ય પમાડે છે ! સાહિત્યમાં લોકબોલીનો આવો પ્રભાવક ઉપયોગ પહેલાં ઝાઝો જોવા મળ્યો નહોતો. ઉમાશંકરે અન્યત્ર કહ્યું છે કે ‘ભાષાનો સ્વાદ લેવાની શક્તિ એ જે ગ્રામસમાજમાં રહેતા હતા એ સમાજના લોકોમાં હતી અને નાનપણથી એમને એનો પરચો હતો.’

‘સાપના ભારા’માં એ જ નામના પહેલા એકાંકીમાં વિધવા પુત્રવધૂ મેના સગર્ભા થતાં એની સાસુ ધની નાતમાં બેઆબરૂ થવાની બીકે ઝેર આપી એની કાશ કાઢવા ઇચ્છે છે અને મેનાની મા અંબા પાસે જ એ કૃત્ય કરાવે છે. અંબાનો જીવ ચાલતો નથી, પણ અંબાના ભાઈ દોલતરામ પણ બહેનને એ જ સલાહ આપે છે. ધની કે દોલતરામમાં અનુકંપાનો છાંટોય નથી. ગ્રામસમાજમાં આવાં પાત્રો છે અને એમની કઠોર નિર્મમતા અવાક્ કરી દે છે. મેનાને ‘દવા’થી મારતાં પહેલાં આ બધાં એ જાણવા માગે છે કે વિધવા મેના કોનાથી સગર્ભા થઈ છે. મેનાની મા અંબા મરતી મેના પાસેથી નામ જાણી લાવે છે :

ધનબાઈ : કોઈનું નામ લીધું ?

અંબા (ડૂસકાં વચ્ચે) : પીટ્યો.

ધનબાઈ (ઉતાવળી) : કોણ ? કોણ ?

અંબા : રાખશસ !... નંદરામ વેવાઈ ! (ધ્રૂસકે ધ્રૂસકે રુએ છે)

ધનબાઈ (પથ્થર જેવી થઈ જાય છે) : મારી શોક્ય ! રાંડ લુચ્ચી !

**(પડદો પડે છે)**

એક ચરમસીમાએ નાટક પૂરું થાય છે. વિધવા મેના એના સસરા નંદરામથી સગર્ભા થઈ છે, એમાં ધનબાઈ પોતાના પતિનો દોષ જોવા કરતાં મેનાને પોતાની શોક્યરૂપે જુએ, એનાથી દૌર્જન્યની સીમા કઈ હોઈ શકે ? અને છતાં

એ છે નર્યું વાસ્તવ, ભાવકને પણ જીરવવું અઘરું પડે એવું. આ એકાંકીમાં ધનબાઈની ભાષામાં સામાને કરવતથી વેરી નાખવાની જબરદસ્ત શક્તિ જોવા મળે છે.

'ઊડણ ચરકલડી'માં એક જાનમાં અણવર તરીકે આવેલા કેશુ અને ચંદણી નામની તરુણ કુમારિકા વચ્ચે પ્રેમના અંકુર ફૂટું ફૂટું છે, ત્યાં ચંદણીનો બાપ કેશુના વિધુર બાપ સાથે ચંદણીનું 'કોઠું' ગોઠવી દે છે. વિડંબના એ છે કે કેશુએ ચંદણી માટે આપેલો હાર છેવટે તો કેશુને ઘેર જ પાછો જશે, પણ હવે સ્થિતિનો કેવો વિપર્યય રચાઈ જાય છે ! બહેનપણી જીવી કહે છે :

જીવી : અલી ચંદણી, કેશુ તે તારો... કે ભાઈ કે દીકરો ?

ચંદણી : એ તો અમથો અણવર જ...

'બારણે ટકોરા'માં ગામડાની વાત જરા જુદી રીતે આવે છે. અહીં નંદુ ગોરાણીનો મૃત પતિ પ્રત્યેનો ભક્તિભાવ અને ઘરની વાસ્તવિક સ્થિતિ વચ્ચે દોલાયિત મનનું માવજતભર્યું આલેખન છે. પતિના અવસાન પછી પણ ચાલુ રહેલી મહેમાનોની વણઝારથી વાજ આવી એક વખતે બારણે ટકોરા પડવા છતાં નંદુ ગોરાણી ખડકીનાં બારણાં ઉઘાડવા જતાં નથી અને પછી જ્યારે ઉઘાડવા જાય છે, ત્યારે પોતાના મૃત પતિ જ જાણે ટકોરા પાડવા છતાં બારણાં ન ઊઘડતાં ચાલ્યા જતા હોય એવી ભ્રમણામાં પડી ઊંડો ક્લેશ અનુભવે છે.

'ખેતરને ખોળે', 'શલ્યા', 'કડલાં' વગેરેમાં પણ કોઈ ને કોઈ રીતે ગ્રામસમાજ કેન્દ્રમાં છે. [આ સંગ્રહમાં દલિત સમાજ વિશે બહુ પ્રચલિત એકાંકી...]માં કરુણાન્વિત નર્યું વાસ્તવાલેખન છે. ગુજરાતી ભાષામાં દલિત સમાજનું અહીં અને રા. વિ. પાઠકની 'ખેમી' જેવી વાર્તામાં પ્રથમ ચિત્રણ હશે. પાઠક સાહેબનાં પાત્ર આદર્શીભૂત છે, અહીં ઠેઠ વાસ્તવિકતા છે.

'દુર્ગા' એકાંકીનો અંત ભલે માનસિક સ્ખલનને સુધારી લેતો હોય, પણ એમાં ગાંધીજીના આદર્શોથી પ્રેરિત પતિની સાથે રહેતી નિઃસંતાન પત્નીની ચેતનામાં ઊંડે ઊંડે રહેલ જાતીયતાના આકર્ષણનો સંકેત આ નાટકને જુદી આબોહવાનું નાટક બનાવે છે. અહીં ફ્રૉઈડનો પ્રવેશ છે.

'સાપના ભારા' જેવાં ઉત્તમ એકાંકી 'હવેલી' સંગ્રહમાં નથી. એમાં 'હવેલી એકાંકી'માં આઝાદી પછી બદલાયેલા આપણા પ્રજામાનસનું પ્રતિબિંબ છે, પરંતુ એમાં પાત્રોના પ્રવેશની યાંત્રિક કરામત ઊંડે સુધી લઈ જતી નથી. એની હળવાશ નોંધપાત્ર છે.

**કથાકાર**

ઉમાશંકરના ત્રણ વાર્તાસંગ્રહો પ્રકટ થયેલા : 'શ્રાવણી મેળો' (૧૯૩૭), 'ત્રણ અર્ધું બે' (૧૯૩૮) અને 'અંતરાય' (૧૯૪૭). કુલ ૪૩ વાર્તાઓ. પછી લેખકે 'ત્રણ અર્ધું બે' અને 'અંતરાય'માંથી 'જાળવવા જેવી લાગી' એવી અને સામયિકોમાં પ્રકટ એવી ત્રણેક વાર્તાઓ લઈ ૨૨ વાર્તાઓનો એક સંગ્રહ 'વિસામો' (૧૯૫૯) પ્રકટ કર્યો હતો. એટલે હવે તેમના 'શ્રાવણી મેળો' અને 'વિસામો' એ બે સંગ્રહની મળી ૩૭ વાર્તાઓ રહી.

મોટા ભાગની વાર્તાઓ આ સદીના ચોથા દાયકામાં લખાયેલી છે. વાર્તાઓ લખવાની શરૂઆત થઈ, ત્યારે ઉમાશંકર 'વિશ્વશાંતિ'ના કવિ તરીકે વ્યાપક સ્વીકૃતિ પામ્યા હતા અને 'ગંગોત્રી'ની પણ ઘણીબધી કવિતાઓ લખાઈ ગઈ હતી. આ સમયે 'સાપના ભારા'નાં એકાંકીઓ પણ રચાતાં હતાં. એટલે આ ટૂંકી વાર્તાઓમાં કવિ કે નાટ્યકાર ઉમાશંકરનું રૂપ પણ જોવા મળે.

વાર્તાકાર ઉમાશંકરનો જેટલો સામાજિક વાસ્તવ તરફ ઝુકાવ છે, એટલો જ ચરિત્રોના મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ તરફ પણ છે. એ વખતના સાહિત્યકારો પર માર્ક્સ અને ફ્રૉઈડ બન્ને જુદી જુદી રીતે પ્રભાવક રહ્યા છે, તેમ છતાં ટૂંકી વાર્તાને 'લેખકની કોઈક વિશિષ્ટ ભાવપરિસ્થિતિને સાકાર કરવા મથતી શુદ્ધ કલાસર્જનની પ્રવૃત્તિ' માનનાર ઉમાશંકર ટેક્નિક પરત્વે અતિ સભાન અને પ્રયોગશીલ છે. જેમ્સ જોઈસની ચેતનાપ્રવાહની શૈલીની કે સ્વપ્નની ટેક્નિકની દિશામાં પણ આ વાર્તાકાર ગયા છે.

ઉમાશંકરની જે કેટલીક વાર્તાઓ ચિરંતન રહેવા સર્જાઈ છે, એમાં એક છે 'મારી ચંપાનો વર'. અ-મોરલ – નીતિનિરપેક્ષ આવી વાર્તા આ સદીના ચોથા દાયકામાં ગુજરાતીમાં લખાય તેની નોંધ લેવી ઘટે. કલાત્મક સિદ્ધિ એ છે કે, ક્યાંય સુરુચિનો પણ ભંગ થતો નથી. વાર્તામાં લેખક શરૂમાં લક્ષ્મીના વૈધવ્યની વાત એના અપૂર્વ રૂપના સંદર્ભમાં આલેખી વાચકની સહાનુભૂતિ જીતી લે છે એવું નથી, એ સહાનુભૂતિ જીવે છે – બાળ ચંપા પ્રત્યેના લક્ષ્મીના વલણથી. 'હું લક્ષ્મી નથી, ચંપાની બા છું' – એ આત્મવિલોપનના ભાવ સાથે લક્ષ્મી ચંપાને ઉછેરે છે, પણ ચંપા ઉંમરલાયક થતાં એને માટે વર શોધે છે, ત્યારે જાણ્યેઅજાણ્યે પોતાની પસંદગીનો – બીજવર એવો પૂનમલાલ શોધે છે. લક્ષ્મી અને એના જમાઈ – ચંપાના વર સાથે બંધાતા સંબંધો અત્યંત વ્યંજનાથી આલેખાયા છે. સૌથી પ્રશંસા પામતી રહીને લક્ષ્મી દીકરી ચંપાના દામ્પત્યસુખમાં ભાગ પડાવતી રહે છે.

પૂનમલાલ બીમાર થતાં એની સેવાથી પણ લક્ષ્મી પુત્રી ચંપાને વંચિત રાખે છે, અરે પૂનમલાલનું મૃત્યુ થતાં ચંપાને દિવસો જતા હોવાને બહાને મન મૂકીને રોતાં પણ અટકાવે છે : 'તું રો મા, ચંપા, હું ક્યાં રોનારી બેઠી નથી !' પછી વાર્તાકાર ચંપા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ચંપા એકમાત્ર અંદરથી લક્ષ્મીના સમગ્ર વર્તનને સમજે છે. વિધવા ચંપાને દીકરી અવતરતાં ચંપા પ્રસન્નતામાં આવે છે. વાર્તાકાર અંતે લખે છે : 'અને ચંપા, બાનુ વેર લેવા જાણે, બમણા વહાલથી દીકરીને ઉછેરતી રહી.'

આ છેલ્લું વાક્ય વ્યંજનાગર્ભ છે. ચંપા પણ પોતાની મા લક્ષ્મીના આચરણની અનુવર્તિની થશે કે શું એવા પ્રશ્ન વાચકના મનમાં જન્માવી એને અચંબો પામતો રાખી વાર્તાનો અંત લાવવામાં કલાત્મક સિદ્ધિ છે.

ઉમાશંકરની કેટલીક વાર્તાઓમાં 'સાપના ભારા'ના એકાંકીઓની જેમ ગ્રામપરિવેશ અને ગ્રામમાનસનું યથાર્થ ચિત્રણ છે. આવી વાર્તાઓમાં પાત્ર અને પરિવેશ અભિન્ન બની રહે છે. 'પગલીનો પાડનાર' વાર્તામાં પૌત્રનું મુખ જોવાની સુખસમ્પન્ન શાંતારામની તીવ્ર વાસના વિકૃતિની હદે પહોંચે છે, પણ છેવટે જ્યારે ડોસાની અંતિમ ક્ષણો છે, ત્યારે કિસનની વહુને પુત્ર અવતરે છે. વિડંબના એ છે કે ડોસાને લાગે કે મરતી વખતે લોક એની મશ્કરી કરે છે અને ગામ કહેતું હોય કે 'લો આટલું સુખ કમી હતું તેય ડોસાને પામીને મૂઆ.' પણ ચરમસીમાને સ્પર્શતું વાક્ય તો એ છે : 'ડોસાએ ખોળિયું બદલ્યું, મારા ભાઈ ! આગલા ખંડમાંથી અંદરના ખંડમાં ગયા એટલું !'

'કલંકિની'માં પણ ગ્રામમાનસની ભૂમિકા છે. શુદ્ધચરિત્ર સ્વામી ભસ્માનંદજી દ્વારા શીલભ્રષ્ટ થયાના ખોટા અપવાદથી ગામનજરે કલંકિની ઠરનાર નિર્દોષ શુદ્ધશીલ લખીને ચરિત્રહીન બાવા સાથે ભાગી જવું પડે, એમાં પરિસ્થિતિનો કેવો વિપર્યય વાર્તાકાર રચે છે !

'ઝાકળિયું' ગ્રામપરિવેશની વાર્તા છતાં એમાં વર્ગસંઘર્ષનો એક વ્યાપક સંદર્ભ રહેલો છે. પ્રથમ પુરુષમાં કહેવાતી આ વાર્તામાં વાર્તાકથન શામળની ચેતના એક વિવેકશીલ કિશોરની છે, જે હવે એટલો મોટો થયો છે કે દૂરત્વ જાળવીને વિશ્લેષણ કરી શકે છે. ગોવિંદાને બાપના દેવા પેટે શામળના મોટા ભાઈને ત્યાં નાની ઉંમરમાં ખેડુ તરીકે કામ કરવું પડે છે, પણ શામળને ભણતો જોઈ પોતે નહીં તો પોતાના નાના ભાઈ હાથીડાને ભણાવી 'બાલેસ્ટન' બનાવવાનાં સપનાં એ જુએ છે. આ સપનાં જોવાનું સ્થળ છે ઝાકળિયું – જે ગોવિંદાએ હાથીડાની મદદથી શિયાળાની ઠંડીથી બચવા માલિકના ખેતરમાં બનાવ્યું છે. હાથીડો ભણતરમાં ભાભીના દુરગા કરતાં આગળ છે. 'તે ઠાકરડાનાં છૈયાં મારા દુરગાની ઉપર નંબર રાખશે ?' ભાભીનું આ માનસ ઉચ્ચવર્ણમાં જન્મજાત હોય તેમ દુરગા અને એના મિત્રોમાં છે. શિક્ષકના આદેશથી હાથીડાના હાથનો તમાચો ખાધા પછી દુરગો અને એની મંડળી હોળીને દિવસે ઝાકળિયું સળગાવી દે છે, પણ હાથીડો એનો પ્રતીકાર ઝાકળિયું બચાવવા જઈને નહીં, પણ માલિકના ઘઉંનું ખળું બાળીને કરે છે. 'ખંડેરની ભસ્મકણી ન લાધશે.' પંક્તિના કવિ આ વાર્તામાં ઝાકળિયાની હોળીની પોઢી જવા કરતી ઝાળોના વર્ણનથી જે રીતે અંત કરે છે, તે કલાત્મક સંયમ અને સિદ્ધિ દર્શાવે છે.

'શ્રાવણી મેળો' પણ 'ઝાકળિયું'ના કુળની – વર્ગસંઘર્ષની વાર્તા છે, પરંતુ આ વાર્તામાં આદિવાસી વિસ્તારમાં ભરાતા મેળાનું જે ઉત્સવી વાતાવરણ છે અને એ વાતાવરણની સાથે પ્રણયસંવેગોની જે ચઢઊતર છે તે વધારે છાઈ રહે છે. ચગડોળમાં બેઠેલાં દેવો અને અંબી એકબીજાનું નામ કે ગામ જાણ્યા વિના (તેમના આદિવાસી સમાજના નિયમ પ્રમાણે જ તો) એકબીજાને પસંદ કરી લે છે, પણ બાપનું દેવું ભરાય એ પહેલાં પરણવાની આ ઉતાવળ લેણિયાત વીરચંદ શેઠના ટોણાથી દેવો સુધારી લે છે અને અંબીને મેળામાં મૂકીને જ સીધો ઘેર પહોંચે છે, પણ બાપને તો વીરચંદ શેઠે ખબર આપેલી એટલે એમણે તો દેવા અને અંબી માટે બે ખાટલા જોડાજોડ પાથરેલા. આ 'બે'ના વિચારે મગજ ઝાલ્યું ન રહેતાં દેવો ખૂણામાંથી કુહાડો ઉપાડી ઘોર રાત્રિમાં વીરચંદ શેઠના ઘર તરફ ધસે છે. દેવો અને અંબી – એ 'બે'નો વિચાર વાર્તાના અંતિમ સમર્થ વળાંકનું ચણિયારું છે. એ વિચાર વાર્તાને પ્રેમની વાર્તાનો 'ટોન' આપે છે. વાર્તા પ્રેમવાર્તા બની રહે છે, અલબત્ત, આ ઊગતા પ્રેમની વિફલતાના કારણમાં તો આર્થિક શોષણ પડેલું છે. 'શ્રાવણી મેળા'માં લોકોત્સવનું જીવંત વાતાવરણ છે. આ વાર્તામાં પન્નાલાલની 'મળેલા જીવ' નવલકથાનો ઉત્સ જોઈ શકાય.

'અમુચમુ', 'મુકુલનાં બહેન', 'બે બહેનો', 'તરંગ' આદિ મનોવૈજ્ઞાનિક વાર્તાઓ છે. 'બે બહેનો' અને 'તરંગ'માં ચેતનાપ્રવાહની ટેક્નિકનો આધાર પણ લેવાયો છે. 'છેલ્લું છાણું' ઉમાશંકરની એક અસાધારણ વાર્તા છે. કદાચ ચેખૉવે આ વાર્તા લખી હોત. નિર્મમ કુટુમ્બીઓ વચ્ચે જીવતાં વિધવા સાસુવહુની નિરાધારતા અને દરિદ્રતા અને ઘોર ઠંડીમાં સૂચવાતું મૃત્યુ અને છાણાના દેવતાથી સળગાવેલા

બોયા દ્વારા કુટુંબીના નાના પુત્રનું એમને જગાડવાને નિમિત્તે ચાંપવું – આ બધું સાસુવહનો અંતે મૂંગો થતો સંવાદ અને પછી માત્ર ભાંગ્યા બારણે પછડાતા ઠંડા પવનનો ચાલતો સંવાદ આલેખી અદ્‌ભુત રીતે વાર્તાકારે દર્શાવ્યું છે. નોધારાં સાસુવહુના સંવાદની મર્મભેદી પ્રભાવકતા આપણી ભાષામાં તો વિરલ છે.

'ગુજરીની ગોદડી'માં વાર્તાકાર 'માનવતાવાદી' રૂપે આવે છે. રચનાકારના સ્વાનુભવનો અંશ એટલો બધો છે કે કોઈ એને લલિત નિબંધ કહી શકે. વાર્તાની રચનારીતિ જરા મુક્ત અને અંત પણ ખુલ્લો છે. ટાઢના દિવસોમાં ગુજરીમાંથી પોતા માટે ખરીદી લાવેલી ગોદડી ફૂટપાથ પર સૂનારને ઓઢાડી દેવામાં આવે છે. આ વાર્તાનાં ઘણાંખરાં કલ્પનો ઠંડીને અનુવર્તીને છે.

કેટલીક 'ત્રણ અર્ધું બે' જેવી વાર્તાઓમાં હળવાશ સાથેની રચનાચાતુરી પણ જોઈ શકાય. સમગ્રપણે જોતાં કહી શકાય કે ઉમાશંકરની વાર્તાઓએ ગુજરાતના વાર્તાસાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

વાર્તાલેખનમાં ઉમાશંકર જેટલા સફળ રહ્યા, તેટલા નવલકથાલેખનમાં નહીં. જોકે તેમણે નવલકથા તો એક જ લખી છે. 'પારકાં જણ્યાં' (૧૯૪૦). એનું પહેલું પ્રકરણ 'ભરીભરી હેલ' વાંચતાં તો નવલકથા ઘણી અપેક્ષાઓ જગાડે છે. લેખકે જાણે એક બહુ મોટો વિષય લીધો છે – ભાગતાં જતાં ગામ છોડી નગર ભણી જનવસ્તીનું પ્રયાણ. વિધવા દરિયાવ પોતાના બે પુત્રો (એક પોતાનો, એક ઓરમાન) મકન અને પૂનમને લઈને શહેર જવા નીકળે છે. પણ પછી લેખક અતિ ઘટનાઓથી નવલકથાને અનેકકેન્દ્રી બનાવી દે છે. ત્રણ ખંડમાં લખાયેલી આ નવલકથામાં ભરપૂર કથાસામગ્રી છે, માનવમનનાં સંચલનો આલેખવાની લેખકની શક્તિ છે, સદ્‌અસદ્‌નાં દ્વન્દ્વ નિરૂપવાની દૃષ્ટિ છે, પણ સમગ્રપણે નવલકથાનો ઘાટ બંધાતો રહી જાય છે.

'ઉંબર બહાર' નામથી એક બીજી ધારાવાહિક નવલકથા 'કુમાર'ના ૨૦૦મા અંકથી ૧૯૪૦માં શરૂ કરેલી, પણ ચાર હપતા પછી એ આગળ ચાલી નહીં. પાંચ ભાગમાં લખવા કલ્પેલી એ નવલકથા હજી પણ કદાચ પોતે લખી બેસશે, એવું ઉમાશંકર ઘણી વાર કહેતા.

**વિવેચક**

ઉમાશંકરે કાવ્યસંગ્રહો જેટલા વિવેચનસંગ્રહો પણ આપ્યા છે. એમને મતે વિવેચનનું મુખ્ય કામ કલાકૃતિને કલાકૃતિ તરીકે પામવામાં, એનો આનંદ અનુભવવામાં મદદરૂપ થવાનું છે. એલિયટના આ શબ્દો નીચે એમણે પણ સહી કરી છે કે વિવેચન એટલે આસ્વાદમૂલક અવબોધકથા. જેમ એમના સર્જનમાં ગામ અને ગાંધી, તો વિવેચન, સંશોધન, અધ્યયન આદિમાં વિશ્વવિદ્યાલય મહત્ત્વનું પરિબળ રહ્યું છે. અલબત્ત સર્જન-વિવેચન વચ્ચે જલાચલ વિભાજન નથી જ. પણ વિવેચન અંતે તો સર્જનના આસ્વાદનો બૌદ્ધિક આલેખ છે. સર્જક ઉમાશંકરની બૌદ્ધિક પ્રખરતા અને ચિંતનાત્મક મૌલિકતાથી એમનું વિપુલ વિવેચનકર્મ દીપ્તિમંત છે. એ માત્ર એમના સર્જનનું ઉપજીવક નથી.

એમના વિવેચનક્ષેત્રનો વિશાળ વ્યાપ છે. કેટલી બધી કૃતિઓ, કર્તાઓ, કેટલાં બધાં સાહિત્યવલણો વિશે એમણે લખ્યું છે ! એક છેડે વ્યાસ, વાલ્મીકિથી શરૂઆત થાય; કાલિદાસ, ભવભૂતિ અને પછી હેમચંદ્રાચાર્યથી થઈ ગુજરાતી ગિરામાં. નરસિંહ, અખો અને પ્રેમાનંદને તો એમણે હૃદયસરસા રાખ્યા છે. ગોવર્ધનરામ વિશે સર્વગ્રાહી વાત એમના જેટલા પરિપ્રેક્ષ્યમાં ભાગ્યે જ કહેવાઈ હશે. પોતાના સમકાલીનો વિશે લખ્યું, અનુગામીઓ વિશે લખ્યું, બદલાતાં સાહિત્યવલણો વિશે લખ્યું, ક્યાંક ઊહાપોહ કર્યો, બીજે છેડે હોમર, શેકસ્પિયર અને ગેટે, હેમિંગ્વે અને એલિયટ અને કંઈ કેટલાય બધા પાશ્ચાત્ય કર્તાઓ-કૃતિઓ વિશે લખતા ગયા છે. વ્યાસના મહાભારત જેવા વિરાટ ગ્રંથની વસ્તુસંકલનાને બાથમાં લેવા મથતા હોય, ત્યાં 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા'નું 'રાવજીનું હંસગીત'માં અર્થઘટન કરતા હોય. કાલિદાસ-ભવભૂતિની સાથે સેમ્યુએલ બેકેટની નાટ્યકૃતિ 'વેઈટિંગ ફૉર ગોદો'નું મર્મોદ્‌ઘાટન કરતા હોય. રવીન્દ્રનાથ વિશે તો સ્વતંત્ર ગ્રંથ થાય એટલું ગુજરાતી અને અંગ્રેજીમાં લખ્યું છે. એમના અવસાનને દિવસે જ ટપાલમાં મળેલા કલકત્તાથી પ્રગટ થયેલા રવીન્દ્રનાથ વિશેના એક અંગ્રેજી ગ્રંથમાં રવીન્દ્રનાથની ટૂંકી વાર્તાઓ વિશે ઉમાશંકરનો દીર્ઘ પણ વિશ્વસાહિત્યની કૃતિઓ અને કર્તાઓની હાજરી એમની મજ્જામાં રહેતી. સર્વત્ર એમનો અકુતોભય સંચાર હોય.

ઉમાશંકરનો વિવેચન વિષયક લેખ 'કવિતા અને તત્ત્વજ્ઞાન' (૧૯૩૪) નરસિંહરાવ દિવેટિયાએ પાસ કરેલો. ગ્રંથસ્થ ઘણો મોડો, એમના છેલ્લા વિવેચનસંગ્રહ 'શબ્દની શક્તિ' (૧૯૮૨)માં થયો. ત્યારે બી.એ.ના વિદ્યાર્થી હતા. પહેલો વિવેચનનો ગ્રંથ 'અખો : એક અધ્યયન' (૧૯૪૧). આ ગ્રંથને યુવાન અધ્યાપક ઉમાશંકરે તો નમ્રતાથી પોતાને અનુસ્નાતક વર્ગમાં ભણાવતાં જે ભણવા મળ્યું તેના પરિણામરૂપ નિબંધ જ કહ્યો છે, પણ આ દાર્શનિક કવિને

એમણે અનન્ય રીતે ખોલી આપ્યો છે. 'તત્ત્વનું ટૂંપણું' કરીને એની કવિતા પર આંગળી મૂકી આવી મધ્યકાલીન કવિતાની પરંપરામાં અખાને સ્થાપિત કરી આપ્યો. એમનો અખાનો સ્વાધ્યાય તો પછી આજીવન ચાલતો રહ્યો, જે 'અખાના છપ્પા'ની પ્રમાણિત વાચના અને 'અખેગીતા'ના સંપાદનમાં પરિણમે છે.

આ સળંગ અભ્યાસગ્રંથ પછી ઉમાશંકરના નીચે પ્રમાણેના વિવેચનસંગ્રહો આવ્યા : 'સમસંવેદન' ('૪૮), 'અભિરુચિ' ('૫૯), 'શૈલી અને સ્વરૂપ', 'નિરીક્ષા' ('૬૦), 'કવિતા સાધના' ('૬૧), 'શ્રી અને સૌરભ' ('૬૩), 'પ્રતિશબ્દ' ('૬૭), 'કવિની શ્રદ્ધા' ('૭૨), 'શબ્દની શક્તિ' ('૮૨). મુંબઈ યુનિવર્સિટીમાં આપેલાં વ્યાખ્યાનો 'કવિતાવિવેક' પુસ્તકાકારે પ્રકટ થવાં બાકી રહી ગયાં. ૧૯૮૬માં ૨૦ જેટલાં ભક્તિગીતોનો આસ્વાદગ્રંથ 'નિશ્રેના મહેલમાં' આવ્યો. પરિષદ પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યના ઇતિહાસ'માં નરસિંહ મહેતા વિશે પ્રદીર્ઘ પ્રકરણ અને 'પ્રેમાનંદ' વિશેના લેખનો પણ ઉલ્લેખ આવશ્યક છે. પ્રેમાનંદ ઉપર એ આફરીન રહેતા, ખાસ તો એની હસાવવાની રીતિઓ પર. અહીં કલકત્તાથી પ્રસિદ્ધ થયેલ ભારતીય સાહિત્ય વિશેનો ગ્રંથ 'ઇન્ડિયન લિટરેચર : પર્સનલ એકાઉન્ટર્સ' ('૮૮) અને કાલિદાસ વિશે યુનિવર્સિટી ઑફ કેરાલા, ત્રિવેન્દ્રમથી પ્રસિદ્ધ 'કાલિદાસાઝ પોએટિક વૉઇસ' એ બે અંગ્રેજી પુસ્તકોનો નિર્દેશ પણ કરવો જોઈએ.

એમનાં પુત્રી સ્વાતિ જોશી દ્વારા સંપાદિત એમના મરણોત્તર વિવેચનસંગ્રહો છેઃ 'સર્જકપ્રતિભા ૧, ૨' (૧૯૯૪), 'મસ્ત બાલ : કવિજીવન' (૧૯૯૭), 'કાવ્યાનુશીલન' (૧૯૯૭), 'કવિતાવિવેક' (૧૯૯૭).

એમણે સાહિત્યમાં બધાં સ્વરૂપોનું વિવેચન કર્યું છે, પણ કવિતા માટે વધારે પક્ષપાત રહ્યો છે. નવલકથાઓ તો એમણે વાંચી છે પણ ઓછી. તેમ છતાં ગોવર્ધનરામ, દર્શક, પન્નાલાલ આદિની નવલકથાઓ વિશેનું તેમનું વિવેચન કે 'નવલકથાકારની ભારત માટેની ખોજ'માં કથાના સંવિધાનને કે સત્ત્વને તપાસવાની એમની આગવી દૃષ્ટિ દેખાય છે. કવિ કે કાવ્ય વિશેનાં એમનાં કેટલાંક વિવેચનો ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. ૧૯૪૦માં પ્રહ્લાદ પારેખના 'બારી બહાર'નું કરેલું વિવેચન ગુજરાતી કવિતામાં આવતા સૌન્દર્યાભિમુખ નવા વળાંકને પારખવાની અને એના મૂલ્યાંકન માટેનાં ઉચિત વિવેચનાત્મક ઉપકરણો યોજવાની શક્તિનાં દ્યોતક છે. 'વાયુનાં શિલ્પ' શીર્ષકથી પ્રિયકાન્તની કવિતાના કરેલા વિવેચનમાં નવા કવિના સ્વાગત સાથે એની કવિતાની લાક્ષણિકતાને ઉભારવામાં આવી છે. નવી કવિતાનાં વલણો સમીક્ષતો બીજો એક ઐતિહાસિક લેખ 'સમકાલીન કવિતાનું વિવેચન' છે. ૧૯૫૭માં 'સંસ્કૃતિ'ના ઑક્ટોબર અંકમાં વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ 'નવીન કવિતા (૧૯૪૭-૧૯૫૭)' વિશે લેખમાં કવિતાનાં નવાં વલણોની જે સખત ટીકા કરેલી એનાથી નવીનો અકળાઈ ઊઠેલા, પણ એનો મર્મગામી ઉત્તર ઉમાશંકર પાસેથી ડિસેમ્બરના 'સંસ્કૃતિ' અંકમાં મળ્યો. 'શૈલી અને સ્વરૂપ'માં એ લેખ છે, પણ મૂળ આખો લેખ 'સંસ્કૃતિ'માં અવશ્ય જોવો. આ લેખમાં ઉમાશંકરે કહ્યું છે કે 'વિવેચક જૂના શિષ્ટ ગ્રંથોનું ઉત્તમ વિવેચન આપે એટલું જ પૂરતું નથી, એની શક્તિની કસોટી તો રચાતા આવતા સાહિત્યને તારતમ્ય બુદ્ધિએ તપાસી એની અંતર્ગત શક્યતાઓ અને સિદ્ધિઓ પોતાની ઘડાયેલી રુચિ વડે ઓળખી કાઢી, એની આસી મુલવણી કરવામાં છે, વ્યવહારિક વિવેચનાનો આ આદર્શ ઉમાશંકરે પાળી બતાવ્યો છે. ઉપરોક્ત લેખમાં ઉમાશંકરે નવી કવિતામાં લય, આકાર અને 'શ્રદ્ધા'ના પ્રશ્ન વિશે ચર્ચા કરી છે.

'કવિની સાધના' લેખમાં એક સર્જનાત્મક કૃતિ રચવા કવિને કઈ સાધનામાંથી પસાર થવું પડે છે, એની વાત સર્જકના દૃષ્ટિબિંદુથી રજૂ થઈ છે. 'કવિની શ્રદ્ધામાં કવિ માટે જે શ્રદ્ધાસૂત્રોની વાત કરી છે, તે (૧) કવિ શબ્દનો બંદો છે, એ શબ્દને નિરંતર સેવવાનો. (૨) કવિ નાદતત્ત્વને રમાડવામાં આનંદ માનવાનો. (૩) કવિને મન શબ્દ એ કર્મ છે, કવિકર્મ એ એની શ્રદ્ધા છે. (૪) કવિએ કાવ્યાકૃતિનું નિર્માણ કરવાનું છે.

સમગ્રપણે ઉમાશંકરનું વિવેચન એક ભાવક તરીકેની એમની રસયાત્રાનો નકશો હોવાથી બીજા ભાવકોને આસ્વાદની દિશા મળે છે. ક્યારેક એમના વિવેચનમાં એમની દૃષ્ટિનો પ્રક્ષેપ જોવા મળે છે. કાલિદાસ કે ભવભૂતિની નાટ્યકૃતિઓની સમીક્ષા વાંચતાં ઘણાને આવું લાગ્યું છે, તેમ છતાં સંસ્કૃત સાહિત્યને સૌન્દર્યાત્મક અભિગમથી તપાસવાનો એમનો ઉપક્રમ ધ્યાનમાં લેવા જેવો છે. 'શ્રી અને સૌરભ' એ રીતે ધ્યાનાર્હ વિવેચનગ્રંથ છે. 'કાલિદાસ' વિશેની નાનકડી પરિચય પુસ્તિકા પણ.

### નિબંધકાર

લલિતનિબંધની એક વ્યાખ્યા 'વાતચીત' કરીએ તો ઉમાશંકર જેવા કુશળ આલાપચારી માટે લલિતનિબંધ પણ એમની સર્જકતાનો એક ઉત્તમ ઉન્મેષ બની રહે. 'ગોષ્ઠી (૧૯૫૧)ના નિબંધોમાં ઉમાશંકરનું પ્રસન્ન વ્યક્તિત્વ છલકાતું જોઈ શકાય. આ નિબંધોમાં વિનોદનું તત્ત્વ પણ એટલું જ છે. 'ધ મંગલાષ્ટક લિમિટેડ' કે 'સરસ્વતીચંદ્ર મુજ સ્વામી સાચા' જોતાં એ સમજાશે. લલિત છતાં આ નિબંધો

સાવ અતંત્ર છે, એવું નથી. એ હળવી શૈલીમાં અવશ્ય છે, પણ ક્યાંક 'માથું પકડે' છે. અંગ્રેજીમાં 'ઍસે' નિબંધ પ્રકારની નજીક જતાં 'ગોષ્ઠી'ના નિબંધો હોય, એવી નિબંધના સ્વરૂપનો આરંભમાં ઉત્તમ લેખ મૂકનાર નિબંધકાર પાસેથી રખાતી અપેક્ષા ઓછી સંતોષાય છે.

'ગોષ્ઠી' પછી એ રીતના નિબંધો ઓછા આપ્યા છે, પણ ઉમાશંકરના વ્યક્તિત્વથી રંજિત નિબંધો મળતા જ રહ્યા છે. એ રીતે લલિત નિબંધની વ્યાખ્યા વ્યાપક બનાવીને પણ 'હૃદયમાં પડેલી છબીઓ' ખંડ ૧, ૨ (૧૯૭૭)માં આલેખાયેલાં ૧૩૩ જેટલાં 'ગુજરાતની, દેશની અને વિદેશની વિવિધ વ્યક્તિઓ અને વિભૂતિઓનાં રેખાચિત્રોને નિબંધમાં સમાવિષ્ટ કરતાં ખમચાવું જોઈએ નહીં. આ રેખાચિત્રો એ કવિ મનીષી ઉમાશંકરના હૃદયમાં પડેલી છબીઓ છે. ઉમાશંકરનું આ વિભૂતિદર્શન આશ્ચર્ય પમાડે એટલા વૈવિધ્યસભર વ્યક્તિત્વોના અસંખ્ય ઉન્મેષો પ્રકટ કરે છે. વિશિષ્ટ વ્યક્તિત્વોની છબીની પડછે આપણા આખા જમાનાની છબી એમાં ઝિલાઈ છે. બે ગ્રંથોમાં અંકિત ૧૩૩ છબીઓ પછી વાચકને જે ૧૩૪મી છબી દેખાવાની તે ઉમાશંકરની. 'હૃદયમાં પડેલી છબીઓ'ની પરંપરામાં ત્રીજો ખંડ તે 'ઇસામુ શિદા અને અન્ય' ગ્રંથ છે. જાપાની મિત્ર ઇસામુ શિદાનું રેખાંકન અદ્‌ભુત છે. ઉમાશંકર અભિનેત્રી સ્મિતા પાટિલના અભિનય વિશે પણ પત્રલેખ લખી બેસે.

## ડાયરી

'૩૧માં ડોકિયું' એ ૨૦ વર્ષના ઉમાશંકર જ્યારે ગૂજરાત વિદ્યાપીઠમાં કાકાસાહેબના અંતેવાસી તરીકે રહેતા હતા, ત્યારે ૧૬-૭-'૩૧થી ૨૫-૧૦-'૩૧ સુધીના દિવસોની ડાયરી છે. 'મહાદેવભાઈની ડાયરી' બાદ કરતાં આપણે ત્યાં ડાયરી સાહિત્ય નહીંવત્ છે. ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સ્ક્રેપબુક' છે, પણ તે ડાયરી તો નથી જ. આ એક તરુણની ડાયરી છે. જે રાષ્ટ્રભાવનાથી ધબકતા વાતાવરણ વચ્ચે ગૂજરાત વિદ્યાપીઠમાં લખાઈ છે. એમાં 'વિશ્વશાંતિ'ના પ્રસવકાળનું વૃત્તાંત તો મળે છે, પણ આ તરુણની લખાતી જતી ડાયરીમાં કાકાસાહેબ છેડે સહી કરતા. આ વાત એની મર્યાદા બની ગઈ છે, કેમ કે એમાં ડાયરી લેખકનાં અંગત નિરીક્ષણો અંકુશિત થઈ ગયાં હોય, એવું લાગે.

## ગાંધીકથા

ગાંધીજી વિશે એક પુસ્તક લખવાની ઉમાશંકરની ઇચ્છા હતી, ખાસ તો એમના સાહિત્યકાર રૂપને રેખાંકિત કરતી. કંઈ નહીં તો એમણે 'ગાંધીકથા' (૧૯૬૯) આપી, આ પુસ્તક તરફ લોકોનું ધ્યાન ઓછું જ ગયેલું છે, નહિતર શાળાઓમાં એની લાખો નકલો જવી જોઈએ. ૧૯૬૯માં ગાંધી શતાબ્દી વર્ષમાં કવિની એ મહાત્માને શતાબ્દીવંદના છે. શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવનના પ્રસંગોનું અલગથી આલેખન સંકલન કરી રાજગોપાલાચારીએ 'શ્રીરામકૃષ્ણ ઉપનિષદ્' લખેલું. આ એ રીતનું ગાંધી ઉપનિષદ્ છે. ઉમાશંકરે ગાંધીજીના જીવનમાંથી ૧૨૫ પ્રસંગો પસંદ કરી, એ પ્રસંગોમાં પ્રકટ થતી એમના જીવનની 'કોઈ ને કોઈ વિભૂતિ'નો પરિચય કરાવવાનો આશય રાખ્યો છે. પ્રસંગો લેખકે પોતાની રીતે પોતાની શૈલીમાં રજૂ કર્યાં છે. ઉમાશંકરના 'વિશ્વશાંતિ' કાવ્યના નાયક ગાંધી હતા, આ ગ્રંથના તો હોય જ, પણ અહીં ગદ્યલેખક તરીકેની ઉમાશંકરની જુદી જ મુદ્રા છે.

## પ્રવાસી

'સંસ્કૃતિ' ૧૯૪૭ના સપ્ટે.થી ડિસે.ના ચાર અંકોમાં પ્રકટ 'આબુ' ઉમાશંકરનું પ્રથમ પ્રવાસવર્ણન છે. એ ભલે અગ્રંથસ્થ હોય, પણ આબુ ઉપર નખી કાંઠે શરદપૂર્ણિમાની રાત્રિએ –

**સૌન્દર્યો પી ઉરઝરણ ગાશે પછી આપમેળે**

– એવી 'અનાયાસ ગાનના મર્મની દીક્ષા' મળેલી એ રીતે કવિજીવનમાં એની મહત્તા છે. ઉમાશંકર મોટા યાત્રિક રહ્યા છે. દેશ અને દુનિયાના ઘણા વિસ્તારોની એમણે યાત્રા કરી છે. આપણને ઘણાં યાત્રાકાવ્યો એમના કાવ્યસંગ્રહોમાં મળશે, પણ પ્રવાસનાં પુસ્તકો રૂપે તો આપણને 'ચીનમાં ૫૪ દિવસ' આદિ સાતેક યાત્રાપુસ્તકોનું 'હવે પછી' અને 'યાત્રી' એ બે પ્રવાસગ્રંથો સ્વાતિ જોશી દ્વારા સંપાદિત થઈને પછી આપણને મળ્યા છે.) ૧૯૭૬માં પ્રકટ 'ઈશાન ભારત અને આંદામાનમાં ટહુક્યા મોર' અસમ, મણિપુર, મેઘાલય, નાગાલૅન્ડ અને આંદામાનની અપૂર્વ ઝાંખી થાય છે. આ યાત્રા એક કવિની યાત્રા છે, જેમાં જે તે સ્થળકાળનાં તાજબતાજ વર્ણન સાથે એ કવિઆત્માની સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રાજકીય ચેતનાનો અનેક સ્તરીય સંસ્પર્શ અનુભવાય છે. આ યાત્રા દેશ પર લદાયેલી કટોકટીના ગાળા દરમિયાન થઈ છે, એનો પ્રબોધ વાચકને થયા કરે છે. ઈશાન ભારતની યાત્રાએ આ યાત્રિકને એક 'નશો' ચઢાવ્યો છે – વિશેષે નાગાલૅન્ડના દર્શને.

બીજું પ્રવાસ પુસ્તક 'યુરોપયાત્રા' (૧૯૮૫). એનાં લેખકો છે – સ્વાતિ જોશી, નંદિની જોશી અને ઉમાશંકર જોશી. પિતા અને બે પુત્રીએ સાથે યુરોપની યાત્રા કરેલી તેનું બદલાતા જતા દૃષ્ટિકોણથી સળંગસૂત્ર આલેખન હોવાથી એક જુદા પ્રકારનો આસ્વાદ આ પ્રવાસવૃત્ત આપે છે. કુલ ૨૫ પ્રકરણમાંથી ૯ ઉમાશંકરે લખ્યાં છે, ૬ સ્વાતિ જોશીએ લખ્યાં છે અને બાકીનાં નંદિની જોશીએ લખ્યાં છે.

પિતાપુત્રીઓની યુરોપની આ સાંસ્કૃતિક, પ્રાકૃતિક સહયાત્રા વિશિષ્ટ છે. આ ઉપરાંત યાત્રાના અનેક લેખ 'સંસ્કૃતિ'નાં પૃષ્ઠોમાં સચવાયા છે, જેમાં 'આરારાત' પહાડનું વર્ણન જેણે વાંચ્યું હશે, તેને ભૂલી શકાયું નહીં હોય.

## 'સંસ્કૃતિ'ના તંત્રી

ઉમાશંકરે ૧૯૪૭ના જાન્યુઆરીથી 'સંસ્કૃતિ' માસિક શરૂ કર્યું. એ પહેલાં થોડોક સમય ગુજરાત વિદ્યાસભાના 'બુદ્ધિપ્રકાશ'ના સંપાદક રહ્યા હતા. 'સંસ્કૃતિ' એમણે એકલે હાથે ચલાવ્યું. એ કોઈ સંસ્થાનું મુખપત્ર નહોતું. સંપાદક પોતે અને ઘણી વાર ગ્રાહકોનાં સરનામાં કરનાર પણ પોતે ઉમાશંકર ચાર દાયકા સુધી 'સંસ્કૃતિ' એ ગુજરાતની સર્જકતા અને મનનશીલતાના ક્ષેત્રમાં જે પ્રદાન કર્યું છે, તેની સાખ તો ઇતિહાસ પણ પૂરશે. અલબત્ત 'સંસ્કૃતિ' સાહિત્યકાર ઉમાશંકરની પોતાની પણ એક આવશ્યકતા હતી. 'સંસ્કૃતિ'ના પ્રથમ અંકમાં કાકાસાહેબ, રા. વિ. પાઠક, સુન્દરમ્, ઝવેરચંદ મેઘાણી, ર. વ. દેસાઈ, સ્નેહરશ્મિ, હરિશ્ચંદ્ર ભટ્ટ, ગ્રંથકીટ (ન. પારેખ) અને સ્વયં ઉમાશંકર આદિ લેખકો છે. સદીની અધવચની ગુજરાતી સર્જકતા મનનશીલતાનો જાણે આલેખ. 'સંસ્કૃતિ'ના જે વિશિષ્ટ સ્તંભ તે શિવસંકલ્પ નામે ઓળખાતું એનું પ્રથમ પાનું, જે સ્વયં તંત્રી લખતા. સમકાલીન રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક, સાહિત્યિક ઘટનાઓની તંત્રીની દૃષ્ટિભરી નોંધ જેમાં આવતી તે સમયરંગ, સ્વાધ્યાય અને સમીક્ષા તથા અર્ઘ્ય – આ સ્તંભ લગભગ છેક સુધી જળવાયા. એક સમય એવો હતો જ્યારે દરેક નવકવિને એક વાર તો 'કુમાર'માં પ્રકટ થવાની આકાંક્ષા રહેતી. એ રીતે દરેક લેખકને એક વાર 'સંસ્કૃતિ'માં પ્રકટ થવાની મહેચ્છા રહેતી. કંઈ નહિ તો સંસ્કૃતિના તંત્રીની એક વાર પોતાની રચના પર નજર પડે તોય બસ. અનેક સર્જકોની કલમની 'સંસ્કૃતિ'એ માવજત કરી. આ 'સંસ્કૃતિ'ના કેટલાક વિશેષાંક નીકળ્યા – ૧૦૧મો અંક, ૨૦૦મો વિવેચન અંક, ૩૦૦મો કાવ્યાયન અંક, ૪૦૦મો 'પ્રતિભા અને પ્રતિભાવ' વિશેષાંક અને પછી 'સર્જકની આંતરકથા' વિશેષાંક. ૧૯૮૦થી 'સંસ્કૃતિ' ત્રૈમાસિક બનેલું. ઑક્ટો.-ડિસેમ્બર ૧૯૮૪નો છેલ્લો ૪૧૬મો અંક હતો 'સંસ્કૃતિ'નો પૂર્ણાહુતિ વિશેષાંક. વચ્ચે ૧૯૭૯માં તૉલ્સ્તૉય વિશેષાંક. ૩૮ વર્ષ પછી તંત્રીએ લખ્યું 'સંસ્કૃતિ વિદાય માગે છે.' 'સંસ્કૃતિ'ના એકેએક અંક પર એના તંત્રીની મુદ્રાનો અનુભવ થાય. 'સંસ્કૃતિ'ના પ્રથમ પાનાના નિબંધ પછી 'ઉઘાડી બારી' (૧૯૫૯) અને 'શિવસંકલ્પ' (૧૯૭૮) એ બે પુસ્તકો રૂપે મળ્યાં. સમયરંગની નોંધો ૧૯૪૭ના જાન્યુઆરીથી ૧૯૭૮ના જુલાઈ સુધીની ૧૯૭૮માં 'સમયરંગ'નાં ૫૦૦ પૃષ્ઠોરૂપે મળે છે. એમણે ભલે કહ્યું હોય કે સ્વભાવે હું પત્રકાર નથી કે રાજકારણી નથી, પણ સમયરંગની નોંધો વાંચનાર એમની સાથે સહમત નહિ થાય. રાજકારણી, રાજકારણ – જાહેર બાબતોના અભિજ્ઞાતાના અર્થમાં. કટોકટી સત્રમાં રાજસભામાં કરેલું પ્રવચન એક પર્યાપ્ત છે. 'સમયરંગ' એ 'એક વ્યક્તિએ કરેલું યુગનું દર્શન' છે.

## શિક્ષણવિદ

એક રીતે કહીએ તો ઉમાશંકર આજીવન શિક્ષક રહ્યા છે. 'ગુજરાતનો આપ-નિયુક્ત ફરતો શિક્ષક' એવો પોતે પોતાને વિનોદમાં ઇલકાબ આપ્યો હશે, પણ એ યથાર્થ છે. જીવનનો ઘણો સમય 'વર્ગને સ્વર્ગ' માનનાર અધ્યાપક તો હતા જ, પણ એમણે કેળવણી વિશે સતત ચિંતન પણ કર્યું છે. એ ચિંતનના પરિણામરૂપ ગ્રંથ તે 'કેળવણીનો કીમિયો' (૧૯૭૭). ઉમાશંકરને મન કેળવણી શિક્ષક અને વિદ્યાર્થી – એક વ્યક્તિ અને બીજી વ્યક્તિ – વચ્ચે ચાલતી પ્રક્રિયા છે. કેળવણી શબ્દ એમને મન 'ધર્મ'નો પર્યાય છે. આ ગ્રંથના પહેલા લેખમાં જ એ વાત કરી છે. ગ્રંથમાં (૧) કેળવણીવિચાર (૨) ત્રિભાષાવિચાર અને (૩) ઉચ્ચ શિક્ષણ વિચાર – એવા ત્રણ ખંડ છે. એ માને છે કે કોઈ પણ સમાજના પ્રશ્નો ગંભીરપણે વિચારાય ત્યારે અંતે વિચારકો કેળવણી ઉપર આવીને અટકે છે. પછી ઉમેરે છે 'જીવનના બધા પ્રશ્નો અંતે કેળવણીના પ્રશ્નો છે, તેમ કેળવણીનો પ્રશ્ન એ છેવટે શિક્ષકનો પ્રશ્ન છે.' વિશ્વવિદ્યાલયની વાત કરતાં એમણે ત્રણ કસોટીઓ ઘડી છે : (૧) કેળવણીના વાહન તરીકે સ્થાનિક ભાષા છે? એટલે કે સાધન. (૨) વિશ્વવિદ્યાલયમાંથી માણસ નીકળશે કે યંત્રો માટે જીવતો માલ ? એટલે કે સાધ્ય. (૩) વિશ્વવિદ્યાલયના કેન્દ્રમાં વિદ્યાપુરુષ છે કે વ્યવહારપુરુષ ? એટલે કે સાધક.

સાધન, સાધ્ય અને સાધકની કસોટી દ્વારા વિશ્વવિદ્યાલયની કસોટી કરી શકાય. ભાષાવિષયક વિચારણામાં તેમણે ગુજરાતના શાસકોને આપેલી સલાહ 'અંગ્રેજીનો દીવો ઓલવશો નહીં' કેટલી સમયસરની હતી ? સંગ્રહનો એ લેખ વિચારોની પ્રામાણિકતાનો પરિચાયક છે.

## અનુવાદક

કાકાસાહેબના કહેવાથી ઉમાશંકરે સૌપ્રથમ અનુવાદ કર્યો તે ટૉમસ હૂડના 'ધ સૉન્ગ ઑફ ધ શર્ટ'નો 'પહેરણનું ગીત' (૧૯૩૧) એ નામથી. એ અનુવાદ એટલો 'ગુજરાતી' છે કે એમણે પોતાની મૌલિક રચનાઓમાં એને સ્થાન આપ્યું છે. એ પછી કવિ હરિશ્ચંદ્ર ભટ્ટની પ્રેરણાથી હશે, એમણે પોલિશ કવિ મિત્સક્યોવિચનાં 'ધી ક્રિમિયન સૉનેટ્સ'નું

'ગુલે પોલાંડ' (૧૯૩૯) નામથી ભાષાન્તર કર્યું છે, પરંતુ એમના શકવર્તી અનુવાદો તો ભવભૂતિના 'ઉત્તરરામચરિત' (૧૯૫૦)ના અને કાલિદાસના 'શાકુન્તલ' (૧૯૫૫)ના. કવિએ ભલે નમ્રતાથી કહ્યું હોય કે 'આત્મશિક્ષણ અર્થે કાલિદાસ ભવભૂતિને ચરણે બેસવાની' ઇચ્છામાંથી એ આ બે મહાન નાટ્યકૃતિઓના અનુવાદની પ્રવૃત્તિમાં ગૂંથાયા હતા, પણ આ અનુવાદો ગુજરાતી ભાષા અને ગુજરાતની પ્રશિષ્ટ સાહિત્યાનુરાગી આજની અને આવતી કાલની પેઢીઓને ન્યાલ કરી છે. ભવભૂતિ – કાલિદાસના આ સમશ્લોકી અનુવાદો છે. સમાસપ્રધાન સંસ્કૃત ભાષાના શ્લોકોને એ જ છંદમાં ગુજરાતીમાં ઉતારવાનું કાર્ય એમના જેવા સિદ્ધ કવિ ઉત્તમ રીતે કરે એમાં આશ્ચર્ય શું ? આ અનુવાદો દ્વિભાષી છે, એક બાજુએ સંસ્કૃત, સામે ગુજરાતી. એ રીતે ભાવકને સંસ્કૃત અભિમુખ કરવાનો શૈક્ષણિક ઉદ્દેશ્ય પણ છે. આની વિશેષ વાત તો નીચે પાદટીપમાં રસલક્ષી ટીકાટિપ્પણ છે. વિસ્તૃત પ્રસ્તાવનામાં ઉમાશંકર એક સાથે વિવેચક અને વિદ્વાન સંશોધક દેખાય. ભવભૂતિને તો થયું હશે કે પોતાથી બાર સદીઓ પછી 'સમાનધર્મા' મળ્યો તો ખરો.

'સંસ્કૃતિ'નાં આરંભિક વર્ષોમાં વાલ્મીકિ રામાયણમાંથી અનુવાદ આપવાનું શરૂ કરેલું. બાલકાંડ લગભગ પૂરો થવા આવ્યો હતો. છેલ્લે તેમની ઇચ્છા વાલ્મીકિનો સંક્ષિપ્ત દ્વિભાષી અનુવાદ, કંઈ નહીં તો પોતે કરેલા 'બાલકાંડ'નો આપી દેવાની હતી. 'ઈશાવાસ્ય ઉપનિષદ્'ની એમની દીર્ઘજીવનકાલીન પર્યેષણાના ફળરૂપે અર્થ, ટિપ્પણ અને તાત્પર્ય સાથેનો ગુજરાતી સમશ્લોકી અનુવાદ થોડા માસ ઉપર જ પ્રકટ થયો છે, 'ઈશાવાસ્ય ઉપનિષદ્' (૧૯૮૮) નામથી.

પોતાના સમીક્ષાલેખોમાં ઘણી વાર ઉમાશંકર ચાલતી કલમે અનુવાદ આપતા જતા. એ તો ઘણાબધા થાય. તેમાં 'મેકબેથ'નો તો લગભગ અનુવાદ થયો છે. બાઇબલના 'સર્મન ઑન ધ માઉન્ટ'નો 'ઈસુનું ગિરિપ્રવચન' નામથી 'સંસ્કૃતિ' (જાન્યુ.-માર્ચ ૧૯૮૦)માં અનુષ્ટુપ છંદમાં કરેલો અનુવાદ અદ્ભુત છે.

અનુવાદનું ઉમાશંકરને પણ ઘણું ઘણું માહાત્મ્ય હતું. જ્ઞાનપીઠ પુરસ્કારની રકમનું ટ્રસ્ટ કરી એમાંથી 'નિશીથ પુરસ્કાર ગ્રંથમાળા'નું આયોજન કરી એમણે દેશવિદેશની કવિતાઓ અને નાટકોના બે ડઝન કરતાં વધારે અનુવાદો પ્રકાશિત કર્યા છે. 'સંસ્કૃતિ'નો ૩૦૦મો અંક, જે 'કાવ્યાયન' નામે ગ્રંથરૂપે આપ્યો તે વિશ્વકવિતામાંથી કરાવેલા (આસ્વાદ સાથેના) અનુવાદોનો હતો.

**અખિલાઈના કવિ ઉમાશંકર**

કવિતા, નાટક, વાર્તા, નવલકથા, નિબંધ, પ્રવાસ, અનુવાદ, વિવેચન, સંશોધન, સંપાદન, પત્રકારત્વ (સમયરંગ) આ બધાં વાઙ્મય રૂપો દ્વારા જે સમગ્ર ઉમાશંકર પ્રગટ થાય છે, તે આપણા કવિ છે.

શું ઉમાશંકર માત્ર કવિ છે ? શબ્દોપાસક કવિ ? હા, જો એક જ અભિજ્ઞાન ઉમાશંકર માટે પ્રયોજવું હોય તો તે કવિ છે. 'કવિ ઉમાશંકર'. પણ આ કવિ શબ્દનો એવો અર્થવિસ્તાર કરવો પડે કે એમાં ઘણુંબધું સમાવિષ્ટ થઈ જાય. કવિ શબ્દના પ્રાચીનતમ અર્થમાં એ કવિ છે. ના, હું એમને વ્યાસ, વાલ્મીકિ કે કાલિદાસ સાથે નથી સરખાવતો. પરંતુ વ્યાસ કે વાલ્મીકિ કે પછી અર્વાચીન યુગમાં રવીન્દ્રનાથ – એમને પણ કવિ કહીએ છીએ, ત્યારે દૂર બદરિકાશ્રમની ગુફામાં બેસી મહાભારતની રચના કરતા વ્યાસ નથી, સમગ્ર મહાભારતની ઘટનાઓમાં સંડોવાયેલા અને છતાં એ ઘટનાઓથી દસ આંગળ ઊંચા વ્યાસ છે. તમસા તીરે શોકમાંથી શ્લોકત્વ પામતા અને પછી અરણ્યાશ્રમના એકાંતમાં રામાયણ રચતા વાલ્મીકિ નથી, પરિત્યક્તા જાનકી અને લવકુશને પ્રજા વચ્ચે રામના દરબારમાં લઈ જતા વાલ્મીકિ છે. પદ્માતીરે કે શાંતિનિકેતનમાં બેસી કવિતા રચતા રવીન્દ્રનાથ નથી, સ્વાતંત્ર્યના મહાસંગ્રામ વચ્ચે પણ ઊભા રહી સંડોવાતા જનગણમનના કવિ રવીન્દ્રનાથ છે. આ જગત સાથે જેને સતત સંડોવણી રહી છે અને છતાં જેમણે શબ્દનો 'વિસારો વેઠ્યો નથી' કે શબ્દને દૂષિત કર્યો નથી, એવા કવિકુળના ઉમાશંકર કવિ છે.

એમણે કહ્યું છે : 'સ્વાતંત્ર્ય, સામાજિક ન્યાય, માનવીય ગૌરવ જેવાં મૂલ્યોની સ્થાપનાના કંઈ ને કંઈ સંઘર્ષમાં ઓછેવત્તે અંશે ગૂંથાયેલા હોવું એ જાણે કે કાવ્યરચનાની પૂર્વશરત નહીં, તોપણ ભૂમિકા જેવું રહ્યું છે.' આ એવા કવિ છે જેમને માટે કવિતા, રાજકારણ અને ધર્મ એકંદરે જુદાં નથી. એમના શબ્દોમાં 'કવિધર્મ, સમાજધર્મ, આત્મધર્મ તત્ત્વતઃ એકરૂપ સમજાયાં છે' એ અર્થમાં એમનો જ એક પ્રિય શબ્દ વાપરીને કહું તો એક 'અખિલાઈ'ના કવિ છે ઉમાશંકર.

ઉમાશંકર એક રીતે ગુજરાતના સંસ્કારજીવનના ઉદ્ગાતા હતા. ગુજરાતી સર્જકતા અને મનનશીલતાને એમણે દિશાદૃષ્ટિ આપ્યાં છે, પરંતુ આધુનિક સમયમાં રવીન્દ્રનાથ પછી અખિલ ભારતીય ભૂમિકાએ પણ એમની જોડમાં ઊભા રહી શકે એવા પ્રાજ્ઞ સાહિત્યકાર ભાગ્યે જ હશે.

**(લેખકકૃત 'કવિકથા'માંથી સાભાર)**

# હમ્બોલ્ટ સ્ટેટમાં પ્રથમ બે વર્ષ : શિક્ષક બનવાની મથામણ

વિઠ્ઠલભાઈ અં. પટેલ

ભારતમાં અમેરિકા આવતાં પહેલાં ઘણાં વર્ષો ભણાવ્યું. અમેરિકામાં યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા, બર્કલીમાં બે વર્ષ ટીચિંગ આસિસ્ટન્ટ હતો. હમ્બોલ્ટમાં ૧૯૬૯ના સપ્ટેમ્બરમાં ભણાવવાનું શરૂ કર્યું. પરંતુ, અહીં આ બધાથી જુદું હતું. ભારતમાં ભણાવતો હતો ત્યારે M.Sc. કે Ph.D.નો વિદ્યાર્થી હતો. જ્યારે હમ્બોલ્ટમાં હું વિદ્યાર્થી અને શિક્ષક હતો. શિક્ષક હંમેશાં વિદ્યાર્થી જ હોય છે, પણ મારે કોઈ ડિગ્રી માટે ભણવાનું ન હતું.

હમ્બોલ્ટમાં સામાન્ય રીતે અધ્યાપકને અઠવાડિયામાં બાર કલાક ભણાવવાનું હોય છે અને ચાર કલાક ઑફિસમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપવા હાજર રહેવાનું હોય છે. મોટા ભાગે દરેક અધ્યાપકને પોતાની ઑફિસ હોય છે. આ ઑફિસમાં ટેલિફોન અને કમ્પ્યૂટર પણ હોય છે. લખવા, વાંચવા માટે મોટું મેજ. અને મોટી ખુરશી અને મળવા આવનારા વિદ્યાર્થીઓ માટે ખુરશીઓ. સાથે સાથે પુસ્તકો રાખવા માટે બે મોટા ઘોડાઓ. ગણિતના અધ્યાપકની ઑફિસમાં વિદ્યાર્થીઓને સમજાવવા માટે પાટિયું. બને ત્યાં સુધી વિભાગના અધ્યાપકોની ઑફિસો નજીક નજીક હોય છે અને દરેક વિભાગની કૉન્ફરન્સ રૂમ પણ હોય છે. આ બાર કલાક ભણાવવાના એટલે કે ત્રણ વિષયો ભણાવવાના. આમાંના બે વિષયો પહેલા અને બીજા વર્ષના વિદ્યાર્થીઓને ભણાવવાના. ગણિત વિભાગમાં પહેલા અને બીજા વર્ષના દરેક વર્ગમાં વધારેમાં વધારે ત્રીસ વિદ્યાર્થીઓ રહેતા. જ્યારે એક વિષય ત્રીજા, ચોથા અને પાંચમા વર્ષના (M.Sc) વિદ્યાર્થીઓને ભણાવવાનો. આ વર્ગોમાં ૮થી ૧૫ વિદ્યાર્થીઓ રહેતા. અમે ચાર જણ એકીસાથે ૧૯૬૯માં લેવાયેલા અને તેમાં હું છેલ્લો. ગણિત વિભાગમાં હું હતો તે દરમિયાન ૧૪થી ૧૮ અધ્યાપકો હતા.

અમારા સમયે દેશમાં અંગ્રેજી માધ્યમ હોઈને અમે B.Sc. અને M.Sc. અંગ્રેજીમાં ભણેલા. દેશમાં અંગ્રેજીમાં ભણાવેલું, તેથી અહીં મારે અહીં અધ્યાપન માટે અંગ્રેજી ભાષાનો ભાષા તરીકે પ્રશ્ન ન હતો. આમ છતાં મારે ઉલ્લેખ કરવો રહ્યો કે સુરતની આસપાસના ગામડાંમાં મોટા થયેલા અધ્યાપકને કચ્છમાં ગુજરાતી માધ્યમમાં શીખવવા માટે મુકવામાં આવે, તો કચ્છના વિદ્યાર્થીઓની હાલત કેવી હશે ? કચ્છના વિદ્યાર્થીઓને સુરતી ભાષાથી થોડું ઘણું ટેવાવવું પડે. કોઈ વિદ્યાર્થીને સરળ લાગે અને કોઈને ખૂબ જ અઘરું લાગે. કચ્છના વિદ્યાર્થીઓના જેવી જ હાલત મારા વર્ગના વિદ્યાર્થીઓની થતી. જો વિદ્યાર્થી એક અઠવાડિયું રહે, તો ત્યારપછી ટેવાઈ જાય. આખરે તમે બધા વિચારતા હો, તેટલું મારા માટે સરળ ન હતું.

ગણિત વિભાગની મીટિંગમાં શરૂઆતમાં મારા માટે સહેલું ન હતું. લોકશાહીની રીતે બધા પ્રશ્નોની ચર્ચા થાય. આ પ્રશ્નોમાં અભ્યાસક્રમો, બજેટ, નવી ભરતી, પ્રમોશન, વિદ્યાર્થીઓ વગેરેના પ્રશ્નો આવે. હું જુદા જ વાતાવરણમાંથી અને જુદી જાતના અભ્યાસક્રમો ભણીને આવેલો. આથી મારે શરૂઆતમાં પ્રશ્નોનો બરાબર અભ્યાસ કરવો પડે. આ મીટિંગોમાં જ બધાની બરાબર ઓળખાણ થતી. પ્રશ્નોની ચર્ચા પછી યોગ્ય ઠરાવ મુકાય અને આ ઠરાવ ઉપર મત લેવાય.

સત્રના પહેલા દિવસે જ વર્ગમાં લેસન અપાય. બીજા દિવસે બધાંનાં લેસન ભેગાં કરીને ઉપલા વર્ગના વિદ્યાર્થીને તપાસવા અપાય. તપાસનાર વિદ્યાર્થીને તેના કામ માટે ગણિત વિભાગ મહેનતાણું આપે. લેસનના માર્ક્સ અપાય, જે તેમના ગ્રેડનો ભાગ ગણાય. આ લેસનના કારણે વિદ્યાર્થીઓ બરાબર વાંચીને જ વર્ગમાં આવે. જ્યારે આપણે ત્યાં વિદ્યાર્થીઓની શારીરિક જ

હાજરી હોય, માનસિક નહિ. અમેરિકાની આ પદ્ધતિએ તેને દુનિયામાં ખૂબ જ આગળ મૂકી દીધું છે. જો આપણે આ પદ્ધતિ કૉલેજોમાં લાવીએ, તો આપણા વિદ્યાર્થીઓને ખૂબ જ મોટો ફાયદો થશે. આ લેસનના કારણે વિદ્યાર્થી ના છૂટકે જ ગેરહાજર રહે. યુનિવર્સિટીઓમાં શનિવાર અને રવિવારની રજાઓ હોય છે. આથી નીચેના વર્ગોમાં શુક્રવારના બપોર પછીના વર્ગોમાં વિદ્યાર્થીઓ ગેરહાજર રહે. આમાંથી બચવા માટે હું શુક્રવારના બપોર પછીના વર્ગોમાં છેલ્લી દસ મિનિટ પરીક્ષા આપતો અને આમાં આવેલા માર્ક્સ તેમના ગ્રેડનો ભાગ ગણાતો. પરીક્ષાના કારણે વિદ્યાર્થીઓ ગેરહાજર રહેતાં વિચાર કરે.

સારામાં સારી રીતે ભણાવવા માટે સૌથી પહેલી અને છેલ્લી વાત : તમારી પોતાની તે વિષયની જાણકારી. તમે જેટલો ઊંડાણપૂર્વક તમારો વિષય જાણો, તેટલી તમને ભણાવવાની સરળતા. તમારી પોતાની ઊંડાણપૂર્વકની સમજના કારણે જરૂર પડે તમે ઘણી રીતે સમજાવી શકો. ઊંડાણપૂર્વકની સમજ લાવવા માટે અભ્યાસ ખૂબ જ જરૂરી બને છે. બરાબર તૈયારી કર્યા સિવાય હું કોઈ દિવસ ભણાવવા ગયો નથી. તૈયારી છતાંય ઘણી વખત બરાબર સમજાવી ન શકતો. જ્યારે આવું બનતું, ત્યારે સાંજનું જમવાનું પણ ન ભાવતું. મારી ભૂલ હોય તો ફરીથી આવી ભૂલ ન થાય તેની કાળજી રાખતો. મારી નબળાઈ કે મૂર્ખામી એ હતી કે લેસનના દાખલાઓ અગાઉથી ગણ્યા સિવાય સારા દેખાતા આપતો. સાંજે ગણવા બેસું, ત્યારે તકલીફ પડતી. આથી સવારે વહેલા ત્રણ વાગે ઊઠીને ગણતો. ખાસ તકલીફ વગર બધું કામ વહેલી સવારના પતી જતું.

લગભગ દર મહિને ચાલુ વર્ગના સમયમાં લગભગ પચાસ મિનિટની પરીક્ષા લેતો અને બર્કલીનો નિયમ પાળતો. બર્કલીના નામાંકિત પ્રોફેસરો પરીક્ષા લેતા અને બીજા દિવસે વિદ્યાર્થીનાં પેપરો (પિરિયડમાં) તપાસીને વિદ્યાર્થીઓને પાછાં આપતા. હું પણ પેપરો તપાસીને બીજા પિરિયડમાં પાછાં આપતો અને વર્ગમાં પરીક્ષાની ચર્ચા પણ કરતો. સત્રના છેલ્લા અઠવાડિયામાં દરેક વર્ગની બે કલાકની ફાઇનલ પરીક્ષા હોય છે. આ પરીક્ષા સત્રમાં જે કંઈ ભણ્યા હોય તે બધાની હોય છે. કલનશાસ્ત્રના વર્ગો માટે ફાઇનલ પરીક્ષાના અઠવાડિયા પહેલાંના શનિ કે રવિવારે વિદ્યાર્થીઓની અનુકૂળતા પ્રમાણે બેથી ત્રણ કલાકનો વર્ગ રાખતો જેમાં વિદ્યાર્થીઓ બધા જ પ્રકારના પ્રશ્નો પૂછતા. ઘણા વિદ્યાર્થીઓ ફાઇનલ પરીક્ષાની બરાબર તૈયારી કરતા અને છેલ્લી પરીક્ષામાં સરસ કરીને સારો ગ્રેડ મેળવતા.

દરેક સત્રના અંતે અધ્યાપકના અધ્યાપક તરીકેના કામ માટે વિદ્યાર્થીનો અભિપ્રાય માગવામાં આવતો. આના માટે દરેક વિભાગ તેમને યોગ્ય લાગે તેવું ફૉર્મ તૈયાર રાખે છે. હું મારું પોતાનું ઘણી બધી વધારે માહિતી માગતું ફૉર્મ રાખતો. ફાઇનલ પરીક્ષાના પહેલાંના અઠવાડિયામાં લેક્ચરની છેલ્લી પંદર મિનિટ દરમિયાન વિભાગની સેક્રેટરી કે કોઈ અધ્યાપક તમારી ગેરહાજરીમાં દરેક વિદ્યાર્થીને ફૉર્મ ભરવા આપે. આ ફૉર્મ ભરીને વિદ્યાર્થી સેક્રેટરી કે અધ્યાપકને આપે. આ ફૉર્મ ગણિત વિભાગની ઑફિસમાં રાખવામાં આવે. અધ્યાપક વિદ્યાર્થીઓના ગ્રેડ આપ્યા પછી જોઈ શકે. દરેક વિભાગોમાં જાત જાતની કમિટીઓ હોય છે. નિમણૂક, બઢતી અને કાયમી રાખવા માટેની અનુભવી અધ્યાપકોની દરેક વિભાગમાં કમિટી હોય છે. આવી જ કમિટી સાયન્સ કૉલેજની અને યુનિવર્સિટીની હોય છે. આ બધી કમિટીઓની ચૂંટણી થાય છે અને આ બધી કમિટીઓનાં વ્યવસ્થિત બંધારણો હોય છે. દર વર્ષે યોગ્ય સમયે ગણિત વિભાગની કમિટી નવા લીધેલા અધ્યાપકોનાં વિદ્યાર્થીઓએ ભરેલાં ફૉર્મનો બરાબર અભ્યાસ કરીને ફરીથી નિમણૂક કરવા માટેનો અભિપ્રાય સાયન્સ કૉલેજની કમિટીને મોકલી આપે. સાયન્સ કૉલેજની યોગ્ય કમિટી આ ફૉર્મ અને બીજી માહિતીનો અભ્યાસ કરીને યુનિવર્સિટીની નિમણૂક, બઢતી અને કાયમી રાખવાની કમિટીને તેમના અભિપ્રાય સાથે મોકલી આપે. યુનિવર્સિટીની આ કમિટી મોકલેલી ફાઇલનો બરાબર અભ્યાસ કરીને તેમનો અભિપ્રાય યુનિવર્સિટીના પ્રેસિડન્ટને મોકલી આપે. આ જ વિગતોનો અભ્યાસ કરીને વિભાગના વડા તેમનો અભિપ્રાય તેમની કૉલેજના ડીનને મોકલી અને કૉલેજના ડીન અભ્યાસ કરીને યુનિવર્સિટીના વાઇસ પ્રેસિડન્ટને મોકલી આપે. યુનિવર્સિટીના વાઇસ પ્રેસિડન્ટ અભ્યાસ કરીને તેમનો અભિપ્રાય પ્રેસિડન્ટને મોકલી આપે. પ્રેસિડન્ટ આ બધાના અભિપ્રાયનો અભ્યાસ કરીને જો તેમને યોગ્ય લાગે તો બીજા વર્ષે નિમણૂક કરે. આ રીતે અમારા સમયે ચાર વર્ષ સુધી તમારી બરાબર ચકાસણી ચાલે. આ પછી ચાર

વર્ષે તમને કાયમી બનાવે. આને ત્યાંની ભાષામાં કહીએ તો ટેન્યુઅર (Tenure) આપે.

અમેરિકામાં ટેન્યુઅરનું મહત્ત્વ ઘણું છે. ટેન્યુઅર મળેલા અધ્યાપકને સંસ્થાનાં આર્થિક કારણો વગર નોકરીમાંથી કાઢી ન શકાય. આનો ખાસ આશય અધ્યાપકો પ્રમુખ, ડીન, ગવર્નર વગેરેને નોકરી જવાના ડર સિવાય સ્પષ્ટ અભિપ્રાય આપી શકે. ટેન્યુઅર મળ્યા પછી આટલી વિગતવાર તપાસ (પ્રમોશન) બઢતી આપવાના સમય સિવાય ન થાય. તમારું કામ યોગ્ય હોય તો ચાર વર્ષે આસિસ્ટન્ટ પ્રોફેસરમાંથી એસોસિયેટ પ્રોફેસર બનાવવામાં આવે. આના માટે ભણાવવાની સાથે તમારું સંશોધનનું કામ અને યુનિવર્સિટી અને જાહેર જનતાને તમારી ઉપયોગિતા ધ્યાનમાં લેવામાં આવે. યુનિવર્સિટી, કૉલેજો અને વિભાગોમાં ઘણી બધી કમિટીઓ હોય છે. તેમાં તમે ચૂંટાઈને ઘણું બધું યુનિવર્સિટીનું કામ કરી શકો. નવા આવનારા વિદ્યાર્થીઓને શરૂઆતમાં મદદની ઘણી જરૂર હોય છે. તમે તેમના સલાહકાર બનીને શું શું ભણવું જોઈએ તેની સલાહ આપી શકો. ચારે બાજુએ કામ પડેલું છે, તે કામ તમારે શોધી કાઢીને યુનિવર્સિટીને ઉપયોગી થવાનું. શરૂઆતનાં વર્ષોમાં તમને કોઈ ખાસ ઓળખતું ન હોય એટલે ચૂંટણીમાં જીતવું પણ ભારે. વિભાગમાં ઘણા બધા નવા આવેલા હોઈને, આ બધા કામ માટે સ્પર્ધા હોય તે સ્વાભાવિક છે. મારા માટે આ બધું નવું હતું. શરૂઆતનાં વર્ષોમાં આ બધું કામ કરવા માટે તૈયાર હતો, પણ કોઈ કમિટીમાં ચૂંટાવાય કઈ રીતે ? વિભાગમાં પણ નવા કોઈ આ બાબતમાં સ્પર્ધાના કારણે ઓછી મદદ કરતા, આથી કમ્યુનિટિને મદદરૂપ થવું હોય, પણ મદદરૂપ થવાનાં દ્વાર જ સરળતાથી ખૂલે તેમ ન લાગ્યાં. આથી મારા માટે બે દ્વાર જ રહ્યાં : સારામાં સારું ભણાવવું અને સારામાં સારું સંશોધન કરવું.

ડિસેમ્બર મહિનામાં સત્ર પૂરું થયું. વિદ્યાર્થીઓએ ભરેલાં ફૉર્મ જોયાં. મહેનતની વિદ્યાર્થીઓએ કરેલી કદર વાંચી. ગણિત વિભાગમાં પણ મિત્રો બનવા માંડ્યા. કેલિફૉર્નિયાનો આ સરસ ભાગ છે, અમારા માટે થોડોક ઠંડો છે. આથી એવું લાગ્યું કે અહીંયાં રહેવું ગમશે. રસયાણ વિભાગમાં ડૉ. સૂર્યરામન હતા અને એન્જિનિયરિંગમાં ડૉ. જોગ હતા. મોટલ ખરીદનાર પટેલોની શરૂઆત થઈ ન હતી. પગારની બચત મારા ભાણા રસિકના સધર્ન મેથડિસ્ટ યુનિવર્સિટીના ભણવાના ખર્ચમાં જતી.

જાન્યુઆરી ૧૯૭૦માં હમ્બોલ્ટ સ્ટેટની નજીક ભાડે મકાન શોધવાનું શરૂ કર્યું. મરી કાકા (Marray) આર્કેટામાં બેબિચ અને ટોનિનિ નામની રીઅલ્ટી કંપનીના દલાલ હતા. ઉંમરલાયક અને ખૂબ જ ભલા હતા. તેમને મળ્યા, અમે તો ભાડે મકાન શોધતા હતા જ્યારે તેમણે અમને અમારા લાયક મકાન ખરીદવા બતાવ્યું. ત્રણ બેડરૂમો, એક બાથરૂમ અને એક ગાડીનું ગરાજ હતું. ગાડીના ગરાજ વગર લગભગ ૧૦૦૦ ચો. ફૂ.નું મકાન હતું અને મકાનનો પ્લોટ પ્રમાણમાં મોટો હતો. મકાનમાં ઘણું રિપેરિંગ કામ કરવાની જરૂરવાળું હતું. તે સમયે તેની કિંમત લગભગ $ ૧૩,૦૦૦ હતી અને બૅંકની લોન $ ૧૨,૫૦૦ની હતી. માસિક હપ્તો લગભગ $ ૧૦૦ હતો જે અમે ભાડું આપતા તેના જેટલો જ હતો. $ ૫૦૦ મકાન માલિકને આપીએ તો કાયમી નોકરીના કારણે બૅંકવાળા $ ૧૨,૫૦૦ની લોન કદાચ અમારા નામે કરી આપે. બચત તો રસિકના ભણવાના ખર્ચમાં જતી, આથી $ ૫૦૦ લાવવા ક્યાંથી ? દુનિયામાં ઘણા બધા ભલા માણસો પડ્યા છે, જેમની ભલમનશાહીની મહેકથી દુનિયા પ્રફુલ્લિત રહે છે. કોઈ જાતની ઓળખાણ વગર, મરીકાકાએ અમને $ ૫૦૦ ઘર ખરીદવા માટે ઉછીના આપ્યા. જે અમે બે-ત્રણ મહિનામાં પાછા આપી દીધા. અમને યુનિવર્સિટીની નજીક ઘર મળ્યું જ્યાંથી હું મારી યુનિવર્સિટીની ઑફિસે સરળતાથી ચાલતો જઈ શકતો. ગાડી લઈને જવાની જરૂર ન રહી. આ નવું સરનામું અમે ઇમિગ્રેશન ઑફિસને પણ લખીને જણાવ્યું.

ભણવા માટે અમેરિકા આવ્યો ત્યારે ભણવાના વિઝા (Visa) લીધેલા. હમ્બોલ્ટમાં ભણાવવા આવ્યો તેના અગાઉ જ મારા ભારતના ભણતર ઉપર અમેરિકામાં કાયમી રહેવા માટેના (ઇમીગ્રન્ટ) વિઝા માટે અરજી કરેલી જે ઇમિગ્રેશન ઑફિસે મંજૂર કરેલી. આ ઇમીગ્રન્ટ વિઝાનું કાર્ડ ડ્રાઇવર લાઇસન્સ જેવડું હોય છે અને તેનો રંગ લીલો હોઈને મોટા ભાગના લોકો તે કાર્ડને ગ્રીનકાર્ડના નામે ઓળખે છે. અહીંથી ભારત જવું હોય તો તમારી પાસે ભારતનો પાસપોર્ટ હોય તો સરળ છે. ભારતથી અમેરિકા આવવા માટે અમેરિકન વિઝા કે ગ્રીનકાર્ડ

જોઈએ. આથી પાછા આવવા માટે ગ્રીનકાર્ડની જરૂર હોઈને, ગ્રીનકાર્ડ જોઈએ. ગ્રીનકાર્ડ વગર અહીંથી ન જવાય. ગ્રીનકાર્ડ આવે એટલે તુરત જ ભારત (ઘેર) જઈએ. મારાં માતાપિતા, ભાઈઓ, બહેનો, અમારાં બાળકો વગેરેને મળવાની તીવ્ર લાગણી હોઈને ગ્રીનકાર્ડની આતુરતાપૂર્વક રાહ જોતા હતા. અમારે સામાન્ય રીતે ઉનાળાની રજાઓ જૂન-૧૫ની આસપાસથી સપ્ટેમ્બર ૧ની આસપાસ હોય છે. આર્કેટા નવા ઘરમાં રહેવા આવ્યા, ત્યારથી જ ગ્રીનકાર્ડની રાહ જોતા હતા. આ ઉનાળાની રજાઓમાં ઘેર ન જવાય, તો પછી આવતા વર્ષના ઉનાળામાં જવાનું થાય. હિંમત કરીને સાનફ્રાન્સિસ્કોમાં આવેલી ઇમિગ્રેશનની ઑફિસે તપાસ કરવા જવાનું ન સૂઝ્યું.

શેરથા અમારા કુટુંબના વિઠ્ઠલભાઈનો પુત્ર બિપિન વૉશિંગ્ટન સ્ટેટ યુનિવર્સિટી, પુલમનમાં કેમિકલ એન્જિનિયરિંગ વિભાગમાં ભણવા માટે આવેલો. નાતાલની રજાઓ દરમિયાન તે અમારે ત્યાં બર્કલી આવેલો. અમને બધાંને મઝા પડેલી. તેની જોડે વાત કરતાં માલૂમ પડ્યું કે તે ઉનાળાની રજાઓમાં નોકરી માટે સેલમ, ઓરેગન (Salem, Orgeon) આવવાનો છે. આથી અમને પણ ઉનાળાની રજાઓ દરમિયાન કંઈક જુદા પ્રકારનું કામ કરવાની ઇચ્છા થઈ. આથી અમે પણ તેની જોડે સેલમ, ઑરેગન ગયા. કેલિફૉર્નિયાની જેમ જ ઑરેગન અમેરિકા દેશનું એક રાજ્ય છે. કેલિફૉર્નિયાની ઉપર જ ઑરેગન રાજ્ય છે અને કેલિફૉર્નિયાની નીચે મેક્સિકો દેશ છે. સેલમ ઑરેગન રાજ્યની રાજધાની છે. સેલમની આસપાસના ભાગમાં ખેતીવાડીનો પ્રદેશ છે. સેલમમાં પણ ખેતીવાડી મોટા પ્રમાણમાં થાય છે. ફણસી (બીન), ભાત ભાતની બેરી (બી વગરનું નાનું ફળ), જામફળના જેવું પણ બી વગરનું ફળ જેને અંગ્રેજીમાં પે'અર (Pear) કહે છે વગેરે થાય છે. આ બધાં ફળફળાદિ ગમે ત્યારે ખાવા માટે ટુકડા કરીને બગડવા ન દે તેવા પ્રવાહી સાથે ડબ્બાઓમાં પેક કરવામાં આવે છે. આ બધું કરતી ફેક્ટરીઓને અંગ્રેજીમાં કેનરી (Cannery) કહેવાય છે. અમે પહોંચ્યા ત્યારે કેનરીઓ ચાલુ થઈ ન હતી. અમને બંનેને ખેતીવાડીમાં રસ હોઈને ત્યાંની ખેતીવાડીની પ્રથા અને રીતો જાણવાની અમને બંનેને ઇંતેજારી હતી. આથી ખેતરોમાં છોડ ઉપરથી ફણસી તોડવા જવાનો વિચાર કર્યો. અમે સેલમમાં ભાડે રહેતા હતા તેની આસપાસમાં સવારે છ વાગે બસ ખેતરોમાં કામ કરવા ઘણા બધાને લઈ જતી. અમે પણ તે બસમાં ખેતરોમાં કામ કરવા ગયા. ખેતરોમાં સરસ ફણસી થયેલી હતી. છોડ ઉપરથી તોડીને ડોલો ભરતા. આ ફણસીઓ કેનરીઓમાં ડબ્બાઓમાં પેક થતી. અમે લગભગ ચાર વાગ્યા સુધી કામ કર્યું અને બસમાં પાછા આવ્યા. આખા દિવસની મજૂરીના અમને બંનેને છ છ ડૉલર મળેલા તેટલું યાદ છે. અમેરિકાના ખેતમજૂરોની પરિસ્થિતિ ભારતના ખેતમજૂરોથી વધારે સારી હોય તેવું ન લાગ્યું. ત્રણ-ચાર દિવસ બીન્સ તોડ્યા અને પછી ફેક્ટરીઓ ચાલુ થતાં ફેક્ટરીમાં એકાદ માસ કામ કર્યું. આખરે ઘણાં વર્ષે જુદા પ્રકારનું કામ કરવાની તક મળી, જે જરૂરી હતી. ઑગસ્ટ માસમાં આર્કેટા પાછા આવ્યા.

અમારાં ગ્રીનકાર્ડ્ઝ જેની અમે રાહ જોતા હતા તે ટપાલમાં આવેલાં ન હોઈને આખરે સાનફ્રાન્સિસ્કોની ઇમિગ્રેશન ઑફિસે પહોંચ્યા. ઑફિસમાં જઈને સેક્રેટરીને નામ આપ્યાં અને વાત કરી. સેક્રેટરીએ તુરત જ અમારાં બંનેનાં ગ્રીન કાર્ડ્ઝ કાઢીને આપ્યાં અને પૂછ્યું, ''તમે રહેઠાણ બદલેલું ?'' મેં કહ્યું, ''હા.'' કારણ કે અમે રહેઠાણ બદલેલું અને નવું સરનામું આ ઑફિસને મોકલી પણ આપેલું. અમેરિકામાં પણ આપણે માનીએ છીએ તેટલું બધું ચોક્કસ નથી, અહીંયાં પણ નવા સરનામાની નોંધ ન લેવાઈ તે ન જ લેવાઈ. અમારે સાનફ્રાન્સિસ્કો લેવા જવું પડ્યું તે હકીકત છે. છતાંયે અગત્યની વાત તો કાઢીને આપ્યાં. આપણે ત્યાં આવું બન્યું હોત તો ગ્રીનકાર્ડ્ઝ કઢાવતાં કઢાવતાં નાકે દમ આવી ગયો હોત. કદાચ સરળમાં સરળ રસ્તો તે ભાઈને કોઈ સારી ભેટ આપો તો ગમે ત્યાંથી શોધીને આપે.

બીજુ વર્ષ ભણાવવાનું શરૂ થયું. જે થીસિસનું કામ હતું તેને આગળ વધારવા માટે પ્રમાણમાં મોટું કમ્પ્યૂટર જોઈએ. કેલિફૉર્નિયા રાજ્યની સ્ટેટ યુનિવર્સિટી સિસ્ટમનો ભાગ હમ્બોલ્ટ હોઈને થોડાક જ વખતમાં હમ્બોલ્ટને પ્રમાણમાં મોટું કમ્પ્યૂટર મળશે તેવા સમાચાર મળ્યા. સાથે સાથે પ્રો. આઇન્સ્ટાઇનના જૂના વિદ્યાર્થીનો પત્ર હતો તેમાં પ્રો. આઇન્સ્ટાઇન નિવૃત્ત હોઈને તેમના માનમાં યુનિવર્સિટી ઑફ કેલિફૉર્નિયા, બર્કલીમાં જ ત્રણ દિવસની કૉન્ફરન્સ રાખવાનો પ્રોગ્રામ હતો અને તેમાં શક્ય હોય તો મારા થીસિસમાં મેળવેલાં પરિણામો રજૂ કરવાનું આમંત્રણ હતું. જાણે કે આ કૉન્ફરન્સ હાઈડ્રોલિક

એન્જિનિયરો માટેની હતી. આઇન્સ્ટાઇન સાહેબના હાથ નીચે દેશપરદેશના ૭૦થી ૮૦ વિદ્યાર્થીઓએ Ph.D.ની થીસિસ લખી હશે અને નદી ઉપર બંધાયેલા બંધોના કારણે પાણીમાં બેઠેલા કચરાને (Sediment) લગતાં ઘણાં કામોમાં તેમનો અગત્યનો ફાળો હતો. મારી થીસિસનું કામ જાણે કે આઇન્સ્ટાઇન સાહેબના મુખ્ય ક્ષેત્રથી ઘણું દૂરનું ગણાય, પણ આઇન્સ્ટાઇન સાહેબના માર્ગદર્શન નીચે તૈયાર થયેલું હોઈને મેં આમંત્રણ સ્વીકાર્યું.

થીસિસના જેવાં પરિણામો મારે શ્રીકાન્તભાઈએ શરૂ કરેલી શ્રેણીની રીતથી મેળવવાનો ખ્યાલ હોઈને થીસિસના કામનો ખૂબ જ રસપૂર્વક અને ટીકાત્મક રીતે અભ્યાસ કરવા માંડ્યો અને આપેલા સમયમાં પરિણામો રજૂ કરવાની તૈયારી પણ થઈ ગઈ. ઉનાળાની રજાઓની શરૂઆતમાં જ આ કૉન્ફરન્સ હોઈને કૉન્ફરન્સમાં હાજરી આપીને સાનફ્રાન્સિસ્કોથી સીધા જ ભારત જવાની યોજના કરી. બીજા વર્ષના અંતમાં જૂન ૧૫, ૧૯૭૧ની આસપાસમાં સત્ર પૂરું થયું. શનિવારે અધ્યાપકોએ પદવી સમારંભમાં હાજર રહેવું જરૂરી હોઈને સમારંભમાં હાજર રહીને રવિવારના સવારથી સોમવારના સાંજના પાંચ વાગ્યા સુધી કૉન્ફરન્સમાં હાજરી આપી. રસાયણ વિભાગના મોટા સભાગૃહમાં કૉન્ફરન્સના બધા પ્રોગ્રામો હતા. સવારની શરૂઆતના પ્રોગ્રામમાં વહેલો પહોંચ્યો. સભાગૃહ ખીચોખીચ ભરેલું હતું. આઇન્સ્ટાઇન સાહેબના આટલા બધા વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો છે તેનો ખ્યાલ આવ્યો !! આનું ખરું કારણ તેઓ તેમના વિદ્યાર્થીઓની ખૂબ જ કાળજી રાખતા. મેં હમ્બોલ્ટમાં ભણાવવાનું શરૂ કર્યું અને તે પછી તેમને મળવા ગયો. તેમણે પહેલો જ સવાલ પૂછ્યો, ‘‘માણસો કેવા છે ? સારા ન હોય તો બીજે શોધી કાઢીએ.’’ આવું માતા-પિતા વગર કોણ વિચારી શકે. થીસિસનાં પરિણામો ગીચોગીચ સભાગૃહમાં રજૂ કર્યાં. મૂળક્ષેત્રથી આ ક્ષેત્ર દૂર હોઈને, સામાન્ય રીતે ઘણા પ્રશ્નો લોકો પૂછતા તેમાંનું કંઈ ન બન્યું.

બધું પતી ગયા પછી સાંજના આઇન્સ્ટાઇન સાહેબને મળવા ગયો અને જણાવ્યું કે આવતી કાલે સાંજના મારે ભારત જવાનું હોઈને છેલ્લા અગત્યના પ્રસંગે હાજર ન રહેવા બદલ માફ કરે. તેમણે કહ્યું કે આવી ચિંતા ન કરતો. શાંતિથી જજે અને આવે ત્યારે કામ હોય ત્યારે ફોન કરજે. જે રીતે તેમણે કહ્યું તે એવું લાગ્યું કે ફરીવાર મળવાનું થશે નહિ. ખરેખર તે સાચું પડ્યું !! વૂડ્ઝ હૉલ (Woods Hole), માસાચુસેટ્સમાં હાઈડ્રોલિક એન્જિનિયરિંગની કૉન્ફરન્સમાં જ હૃદયરોગના હુમલાના કારણે જુલાઈ ૨૬, ૧૯૭૩માં તેમનું નિધન થયું !! મારા માટે હૃદયદ્રાવક સમાચાર હતા. તેમની મદદ વગર મારું અમેરિકામાં શું થયું હોત ?

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરથા, તા. જિ. ગાંધીનગર,

મો. ૯૪૨૮૦૧૯૦૪૨

## દીક્ષા સમાન

આશ્રમમાં મારા હાથ, પગ, આંખો બધું મગનલાલ જ હતા. દુનિયાને ક્યાં ખબર છે કે મારું કહેવાતું મહાત્માપણું પવિત્ર, બાહોશ અને એકનિષ્ઠ એવા સાથીઓના મૂક વૈતરાને જ આભારી છે ? અને આવા સાથીઓમાં મારે મન સૌથી શ્રેષ્ઠ, પવિત્ર અને ઉત્કૃષ્ટ તે મગનલાલ હતા.

જેને મારા સર્વસ્વના વારસ તરીકે મેં ચૂંટી કાઢ્યો હતો, તે ચાલ્યો ગયો. મારામાં ઈશ્વર ઉપર જીવતી શ્રદ્ધા ન હોત તો પોતાના પુત્ર કરતાંયે વધારે વહાલો, જેણે મને કોઈ કાળે દગો દીધો નહોતો, જે ઉદ્યોગની મૂર્તિ હતો, વિશ્વાસુ કૂતરાની પેઠે જેણે આશ્રમની આર્થિક અને આધ્યાત્મિક ચોકીદારી કરી, તેને ખોઈ બેઠા પછી હું તો ગાંડો થઈને બરાડા પાડતો હોત. એનું જીવન મારે માટે દીક્ષા સમાન છે.

**મો૦ ક૦ ગાંધી**

[‘આશ્રમનો પ્રાણ’ પુસ્તક]

(મહેન્દ્ર મેઘાણી સંપાદિત ‘અરધીસદીની વાચનયાત્રા-૪’માંથી સાભાર)

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**ઓગણીસમી સદીના ગ્રંથ અને ગ્રંથકાર /** દીપક મહેતા : રંગદ્વાર પ્રકાશન, ૨૦૧૫, ૭, ૧૬૦ પૃ. કિં રૂ. ૧૫૦ – ISBN : ૯૮૭-૯૩-૮૦૧૨૫-૭૧-૮

ઓગણીસમી સદી ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ, સાહિત્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રો માટે નવપ્રસ્થાનકારક રહી છે. સાહિત્યની જ વાત કરીએ તો આ સદી દરમિયાન ગદ્યનો આર્વિભાવ થવાની સાથે સાથે અનેકવિધ નવસાહિત્યસ્વરૂપો પણ આર્વિભાવ પામ્યાં અને સતત ઊર્ધ્વગતિએ વિકસતાં રહ્યાં છે. ગુજરાતી ભાષા-સાહિત્ય ઉપર પણ આ સદીનો જબરો પ્રભાવ રહ્યો છે. પ્રસ્તુત ગ્રંથમાં લેખકે ઓગણીસમી સદીના યુગપ્રવર્તક ગુજરાતી ગ્રંથો-ગ્રંથકારો અને સામયિકો કે જેની નોંધ પ્રાયઃ આપણા ઇતિહાસકારો, વિવેચકો વગેરેએ લીધી નથી યા ઉપેક્ષા સેવી છે યા તેના ધરાતલમાં / ઊંડાણમાં ગયા સિવાય કે અજ્ઞાનતાવશ કે તત્સંબંધી સાહિત્યની યથાર્થ ખોજ કર્યા સિવાય અછડતા ઉલ્લેખથી સંતોષ અનુભવ્યો છે, તે બધાંને સાધાર પ્રકાશમાં આણવામાં આવ્યાં છે. અને તે પણ ખણખોદિયા વિશુદ્ધ ઇતિહાસકાર, સંશોધક અને વિવેચકની દૃષ્ટિએ. પરિણામે, આ ગ્રંથ ઓગણીસમી સદીના ગુજરાતી સાહિત્ય સંદર્ભે પ્રવર્તતા આપણા ઘણાબધા ભ્રમોનું નિરસન કરનાર બની રહે છે. પ્રસ્તુત ગ્રંથ અને તેના લેખકના પ્રયાસની વિગતે ચર્ચા કરતાં પૂર્વે ગુજરાતીના પ્રથમ મુદ્રિત પુસ્તક રોબર્ટ ડ્રમન્ડ કૃત 'ઈલસ્ટ્રેશન્સ ઑફ ધ ગ્રામેટિકલ પાર્ટ્સ ઑફ ધ ગુજરાતી મહરટ્ટ ઍન્ડ ઇંગ્લિશ લેંગ્વેજિસ' (૧૮૦૮) વિશે આપણે કેટલી અજ્ઞાનતા ધરાવીએ છીએ તેનું એક ઉદાહરણ લેખકના શબ્દોમાં જોઈએ. ''ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત 'ગુજરાતી સાહિત્ય કોશ'ના બીજા ભાગના ૧૮૦મા પાના પર આ પુસ્તક વિશે માત્ર છ શબ્દોનું 'અધિકરણ' છે જેમાંના ચાર શબ્દો ખોટા છે. અહીં છાપ્યું છે ''ડુમન્ડ રોબર્ટ : 'શબ્દસંગ્રહ' (ગ્લોસરી) (૧૯૦૮)ના કર્તા. પહેલું તો ઉચ્ચાર ડ્રમન્ડ થાય. બીજું આ પુસ્તકનું નામ નથી 'શબ્દસંગ્રહ' કે નથી 'ગ્લોસરી' અને આ પુસ્તક ૧૯૦૮માં નહીં પણ ૧૮૦૮માં છપાયું છે. મુંબઈમાં છપાયેલું ડ્રમન્ડનું આ પુસ્તક ગુજરાતી ભાષાનું પહેલવહેલું મુદ્રિત પુસ્તક છે એવો તો વહેમ સુધ્ધાં પ્રકાશક પરિષદને, સંપાદક ચંદ્રકાન્ત ટોપીવાળાને કે અધિકરણ લખનાર નિરંજના વોરાને ગયો નથી અને વહેમ સુધ્ધાં ન ગયો હોય તો આવી ઐતિહાસિક મહત્ત્વની હકકીતનો ઉલ્લેખ તો ક્યાંથી હોય ?'' આ ગ્રંથનો અહીં લેખકે સવિસ્તર (પૃ. ૮૨-૮૯) પરિચય કરાવ્યો છે, જેમાં આ ગ્રંથમાં વપરાયેલ ગુજરાતી ફોન્ટ, છાપખાનું, ગ્રંથના કર્તાનો સંક્ષેપમાં પરિચય, અગોતરા ગ્રાહકો, સમાવિષ્ટ વિષયવસ્તુ, આ ગ્રંથની મુંબઈમાં સચવાયેલ ૩ નકલો તથા ફાર્બસ સભા દ્વારા ઈ-બુક સ્વરૂપમાં તાજેતરમાં સુલભ કરી આપવું વગેરેનો સમાવેશ કર્યો છે.

અહીં ગ્રંથસ્થ કુલ ૩૪ લેખો પૈકી એક માત્ર લેખ નં. ૭ મરાઠી-ઇંગ્લિશ શબ્દકોશ અને તેના કર્તા જેમ્સ થોમસ મોલ્સવર્થને બાદ કરતાં બાકીના બધા જ લેખો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે ઓગણીસમી સદીના ગુજરાતી ભાષા-સાહિત્ય સાથે સંકળાયેલા છે. આ પૈકીના ૨૮ લેખો આ પૂર્વે 'મુંબઈ સમાચાર' અને બાકીના ૬ લેખો 'ફાર્બસ', 'ઉદ્દેશ' વગેરેમાં પ્રકાશિત થયેલા છે. પ્રથમ લેખ 'પાછે પગલે ચાલીને કરેલી એક જાતરા' ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષ ૨૦૧૧માં જૂનાગઢ મુકામે ભરાયેલ ૪૬મા અધિવેશનના વિવેચન-સંશોધન વિભાગના અધ્યક્ષપદેથી રજૂ કરેલું વકતવ્ય છે, જેમાં ગુજરાતી સાહિત્યના અર્વાચીન યુગના આરંભકાળના ગદ્ય વિશે જે તટસ્થતાથી સંશોધનમૂલક અને પૂર્વગ્રહમુક્ત ચર્ચા થવી જોઈએ તેના અભાવની સંશોધનાત્મક અને વિવેચનાત્મક અભિગમથી પૂર્તિ

કરવામાં આવી છે. આ વક્તવ્ય પ્રસ્તુત ગ્રંથના સઘળા લેખોના હાર્દને સમાવતું બીજરૂપ છે. આપણી માન્યતા રહી છે કે અર્વાચીન ગુજરાતી ગદ્યનો પ્રારંભ અનુક્રમે દલપતરામના 'ભૂતનિબંધ' (૧૮૫૦) કે નર્મદના 'મંડળી મળવાથી થતા લાભ' (૧૮૫૧)થી થયો છે. લેખકે આ બિંદુ અર્થાત્ ઈ.સ. ૧૮૫૦થી પાછલા પગે પગેરું લેતાં લેતાં કાળક્રમાનુસાર છેક ઈ.સ. ૧૮૧૫ સુધી પ્રગટ થયેલાં મૌલિક ગુજરાતી ગદ્ય, અનુવાદિત ગદ્ય કે પારસી ગુજરાતી ગદ્યનાં અનેકવિધ પુસ્તકો, સામયિકો વગેરેનાં સિલસિલાબંધ ઉદાહરણો તેમાં વપરાયેલ ગદ્યના નમૂનાઓ સાથે તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરીને સ્પષ્ટ કરવા પ્રયાસ કર્યો છે કે દલપતરામ કે નર્મદના ગદ્યની તુલનાએ 'યાત્રાકરી' (૧૮૪૪)નું ગદ્ય મૂળ અંગ્રેજી કૃતિનું અનુવાદિત ગદ્ય અને તે પણ જેની માતૃભાષા ગુજરાતી નથી તેવા પરદેશી પાદરી દ્વારા કરવામાં આવેલ હોવા છતાં ઘણું ઉત્તમ છે. અને તેથી જ આ કૃતિ ગુજરાતી ગદ્યની પ્રથમ કૃતિના શ્રેયની અધિકારી બની રહી છે. ઈ.સ. ૧૮૦૮માં પ્રગટ થયેલ પ્રથમ ગુજરાતી પુસ્તકમાં સળંગ ગદ્યનો ઉપયોગ થયો ન હોવાથી તેને અહીં ચર્ચામાંથી બાકાત રાખવામાં આવ્યું છે. લેખકે આપણી પરંપરાગત માન્યતા સંદર્ભે વેધક પ્રશ્ન રજૂ કરતાં નોંધ્યું છે કે : ''તો શું ૧૮૫૦ સુધીમાં છપાયેલાં ૨૧૨ પુસ્તકો બધાં પદ્યમાં લખાયેલાં હતાં ? વર્તમાનપત્રો અને 'વિદ્યાસાગર' જેવાં સામયિકોમાં ૧૮૫૦ પહેલાં ગદ્ય જોવા મળતું નહોતું ?'' આ સાથે અર્વાચીન ગુજરાતી ગદ્યની ભોંય ભાગવામાં ઈસાઈ પાદરીઓ, વિદેશી અધિકારીઓ અને આપણા પારસીબંધુઓના પ્રદાનની કરવામાં આવેલ અવગણના પ્રતિ ખિન્નતા વ્યક્ત કરી છે, જ્યારે અર્વાચીન મરાઠી ગદ્યના વિકાસમાં પાદરીઓ અને અધિકારીઓએ આપેલ પ્રદાનની મરાઠી વિવેચકો તથા સંશોધકોએ આદર કરતાં લખેલ પુસ્તકો વગેરેની નોંધ લઈને આપણી આંખ ખોલવા ઇશારો કર્યો છે. સમગ્રતયા લેખકે કરાવેલી આ યાત્રા રોમાંચકારી બની રહેવાની સાથે સાથે ગુજરાતી ગદ્ય અને વિવિધ સાહિત્યસ્વરૂપોના પ્રારંભિક વિકાસ અને તેની પ્રસ્થાનકારક કૃતિઓ સંદર્ભેની આપણી માન્યતાઓને ધરમૂળથી ઉવેખી નાખવા માટે બાધ્ય કરે છે.

દ્વિતીય ક્રમનો લેખ 'ગુજરાતી મુદ્રણ ભાષા અને લિપિ' વિશે સર્વગ્રાહી સર્વેક્ષણાત્મક અને સટિપ્પણ છે. અહીં ગુજરાતી મુદ્રણકળાના પ્રારંભબિંદુ 'બોમ્બે કુરિયર'ના ઈ.સ. ૧૭૯૭ના જાન્યુઆરી ૨૯ના અંકમાં પહેલી વાર ગુજરાતી ભાષા અને લિપિમાં લખાયેલો મજકૂર શિરોરેખા સાથે મુદ્રિત સ્વરૂપે પ્રગટ થવો અને ઐતિહાસિક સીમાચિહ્નરૂપ પરિવર્તન તરીકે આ જ પત્રના એ જ વર્ષના ૨૨ જુલાઈના અંકમાં છપાયેલ સરકારી જાહેરખબર શિરોરેખા વગર પ્રગટ થવાની નોંધ લેવી, બીબાં બનાવનાર બહેરામજી છાપગર, ૧૮૦૮માં પ્રથમ મુદ્રિત ગુજરાતી પુસ્તક, ગુજરાતી મુદ્રણકળાના ભીષ્મપિતા ફરદુનજી મર્ઝબાનજી દ્વારા પ્રથમ ગુજરાતી પ્રેસની મુંબઈમાં ઈ.સ. ૧૮૧૨માં સ્થાપના અને તેમના દ્વારા પ્રથમ ગુજરાતી પત્ર 'શ્રી મુમબઈનાં શમાચાર' ઈ.સ. ૧૮૨૨માં શરૂ કરવું તેમજ ૪૦ જેટલાં પુસ્તકો છાપવાં અને આ પૈકી પોતાનાં ૨૦ પુસ્તકોની રચના, મુંબઈ ઉપરાંત ગુજરાતના અન્ય શહેરોમાં છાપખાનાંની સ્થાપના પૈકી ગુજરાતમાં સૌપ્રથમ સુરતમાં પાદરીઓ દ્વારા ૧૮૨૦માં છાપખાનું સ્થાપવું, મુદ્રિત કરવામાં આવેલ વિવિધ પુસ્તકો અને સામયિકો, ગુજરાતી પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે બોમ્બે પ્રેસિડેન્સીના ગવર્નર એલ્ફિન્સ્ટનનું પ્રદાન, જ્યોર્જ સિસ્ટો જર્વિસ દ્વારા ગુજરાતી પાઠ્યપુસ્તકો તૈયાર કરવાં, અમદાવાદમાં ૧૮૪૫માં પ્રેસની સ્થાપના, પ્રેસના મશીનમાં લખાણની રીત, જોડાક્ષરો અને વિરામચિહ્નોમાં આવેલાં પરિવર્તનો વગેરેની નોંધ લઈ ઈ-બુક્સ સુધીની વિકાસગાથા તબકકાવાર વર્ણવવામાં આવી છે. આ સાથે કમ્પ્યૂટર યુગમાં ગુજરાતી ફોન્ટ યુનિકોડ પ્રમાણેના ન હોવાથી તેમાં પડતી મુશ્કેલીઓ પ્રતિ પણ ધ્યાન દોર્યું છે, તેમજ આપણે ગ્રંથસૂચિઓ તૈયાર કરવામાં અને તેનું મૂલ્ય સમજવામાં ઉદાસીનતા સેવતા આવ્યા છીએ તેવી ટકોર કરીને ઓગણીસમી સદીનાં પ્રકાશનો માટેની મહત્ત્વપૂર્ણ સૂચિઓથી આપણે પ્રાયઃ અજ્ઞાત છીએ તેવી ગ્રાન્ટ, પીલ તથા બ્લમહાર્ટની સૂચિઓ અને તાજેતરમાં પ્રગટ થયેલ યાજ્ઞિક-ભાવસારની સૂચિની વિશેષતાઓ અને મર્યાદાઓ પણ દર્શાવી છે.

બાકીના લેખો પ્રાયઃ પ્રથમ બે લેખોમાં ઉલ્લેખિત કેટલાંક સાહિત્યસ્વરૂપો જેમ કે નવલકથા, ગુજરાતીમાં અનુદિત નવલકથા, પ્રવાસ વગેરેમાં રચાયેલ પ્રથમ

કૃતિઓ ઉપરાંત નાટ્યકળા, કહેવતસંગ્રહો અને કહેવત કથાનકો, પ્રાથમિક શાળા અને મુંબઈ યુનિવર્સિટીનાં પાઠ્યપુસ્તકો, કોશ, પત્રકારત્વ, વર્તમાનપત્રો અને સામયિકો, સંસ્કૃત અને અંગ્રેજીમાંથી ગુજરાતી અનુવાદો વિશે તથા કેટલાક વિશેષ ઉલ્લેખનીય પરદેશી અધિકારીઓ, પાદરીઓ, પારસીઓ જેમકે મુંબઈ પ્રાંતના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન કે જેમણે માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાનો પાયો નાખ્યો તથા ગુજરાતી પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા માટેની પહેલ કરાવી અને અંગત રીતે આ કાર્ય માટે રૂ. ૬૦૦નું દાન આપ્યું, કેપ્ટન જ્યોર્જ જર્વિસ કે જેણે ૧૫થી અધિક ગુજરાતી પાઠ્યપુસ્તકો તૈયાર કર્યાં, 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' (૧૮૬૭) તૈયાર કરનાર જે. વી. એસ. ટેલર અને અંગ્રેજી ભાષામાં ગુજરાતીનું વ્યાકરણ રચનાર તેનો પુત્ર જોસેફ ફ્લિડ ટેલર, 'વાંચે ગુજરાત' કહેનાર તથા ગુજરાતી નિશાળો માટે પાઠ્યપુસ્તકો તૈયાર કરનાર – કરાવનાર અને પ્રાયઃ ૪૦ વર્ષ સુધી આ પાઠ્યપુસ્તકોની બોલબાલા રહી તે હોપ સાહેબ અર્થાત્ સર થિયોડોર સી. હોપ, 'નર્મગદ્ય'ની વિદ્યાર્થી આવૃત્તિ તૈયાર કરવાનું નર્મદને સૂચન કરનાર અને તેને ઈ. સ. ૧૮૭૪માં પ્રગટ કરનાર સંસ્કૃતિ-સેતુ બનેલ જર્મન પંડિત જ્યોર્જ બ્યૂલર, પ્રથમ મુદ્રિત પુસ્તક આપનાર ડૉ. રૉબર્ટ ડ્રમન્ડ, અંગ્રેજીમાંથી ગુજરાતીમાં પ્રથમ અનુદિત નવલકથા આપનાર રેવરન્ડ વિલિયમ ફ્લાવર વગેરે વિદેશીઓ, પારસીઓ પૈકી ગુજરાતી મુદ્રણ માટે બીબાં બનાવનાર બહેરામજી છાપગર, પ્રથમ ગુજરાતી પ્રેસના સ્થાપક અને પ્રથમ ગુજરાતી પત્ર 'શ્રી મુમબઈનાં શમાચાર' શરૂ કરનાર ફરદુનજી મર્ઝબાનજી અને તેની પાંચ પેઢીઓ કે જેણે સતત ૨૦૦ વર્ષ સુધી ગુજરાતી વર્તમાનપત્રો અને પત્રકારત્વની સેવા કરી, ઓગણસમી સદીનાં અનેક ગ્રંથોલયોના કર્ણધાર અને 'કહેવતસંગ્રહ' આપનાર જમશેદજી નશરવાનજી પીતીત (૧૮૫૬-૧૮૮૮), પહેલવહેલું ગુજરાતી સામયિક 'વિદ્યાસાગર' (૧૮૪૦) શરૂ કરનાર નવરોજી ફરદુનજી, શેક્સપિયરના પ્રથમ રૂપાન્તકાર નાન્હાભાઈ રૂસ્તમજી રાણીના વગેરે, બિનપારસીઓ પૈકી અમદાવાદનો ઇતિહાસ લખનાર તથા ૧૮૦૦ કહેવતો એકઠી કરનાર 'કથનાવળી'ના સંપાદક મગનલાલ વખતચંદ (૧૮૩૦-૧૮૬૮), શાકુંતલના અનુવાદક ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક (૧૮૩૬-૧૮૯૭), 'કાન્હડદે પ્રબંધ'ના અર્વાચીન ગુજરાતીના પ્રથમ અનુવાદક, 'પૌરાણિક કોશ', અનેક પાઠ્યપુસ્તકો અને 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન'ના કર્તા ડાહ્યાભાઈ દેરાસરી (૧૮૫૭-૧૯૩૮), મુંબઈ યુનિવર્સિટી વિશે પ્રથમ પુસ્તક (૧૮૬૯) આપનાર નગીનદાસ તુલસીદાસ મારફતિયા વગેરેના જીવન અને કવનને સંશોધકીય અને વિવેચનાત્મક અભિગમથી મૂલવતા લેખો ગ્રંથસ્થ છે. આ બધા લેખોની આગવી વિશેષતા એ છે કે પ્રાયઃ વિસરાઈ ગયેલી કૃતિઓ કે તેના સર્જકોને અહીં ઉજાગર કરવામાં આવ્યા છે. અહીં સંગૃહીત 'ઓગણીસમી સદીની મરાઠી અને ગુજરાતી નવલકથા' વિષયક સંશોધનાત્મક અને તુલનાત્મક લેખ લેખકની બંને ભાષાઓના નવલકથા સાહિત્યનાં ગહન અધ્યયન અને રસ-રુચિનો પરિચાયક બની રહે છે.

લેખકની શોધયાત્રા રોમહર્ષણકારી અને ભાવિ સંશોધકો માટે ઉદાહરણસ્વરૂપ અને પ્રેરણાદાયી બની રહે તેટલી ઉત્કટ છે. પ્રત્યેક લેખની સામગ્રી માટે સાહિત્યશોધ અર્થે ફંફોસી જોયેલ આનુસંગિક સાહિત્ય અને ગ્રંથસૂચિઓ તથા વિવિધ ગ્રંથાલયો અને ગ્રંથપ્રેમીઓની અણથક મુલાકાતો ધ્યાનાર્હ બની રહે છે. આ પૈકી 'ડોન કિહોટ' (સર્વાન્ટિસ)ના ગુજરાતી અનુવાદો, પ્રથમ ગુજરાતી સામયિક 'વિદ્યાસાગર' (૧૮૪૦) અને તેના સંપાદક નવરોજી ફરદુનજી, કહેવતસંગ્રહો, ફરદુનજી મર્ઝબાનજી અને તેમની પાંચ પેઢીઓએ ગુજરાતી પત્ર-પત્રિકા અને પત્રકારત્વ ક્ષેત્રે આપેલ પ્રદાન, ગુજરાતીની પ્રથમ અનુદિત નવલકથા, 'યાત્રાકરી' (૧૮૪૪), આજ સુધી ગુજરાતી ભાષાનો પ્રથમ પ્રવાસવર્ણન ગ્રંથ માનવામાં આવતા 'ગરેટ બરીટન ખાતેની મુસાફરી' (૧૮૬૧)ના સ્થાને ૧૮૪૪-૧૯૪૮માં બે દળદાર ભાગમાં છપાયેલ પુસ્તક 'ચીનનો અહેવાલ' (કાવસજી સોરાબજી પટેલ કૃત)ની પ્રથમ ઉપલબ્ધ પ્રવાસ ગ્રંથ તરીકેની પ્રસ્થાપના વગેરે વિષયક લેખો વિશેષ ઉલ્લેખનીય છે. આ ગ્રંથ અને ગ્રંથકારની આગવી વિશેષતા એ છે કે સમીક્ષિત ગ્રંથના ટાઇટલ પેજ / કવર પેજની પ્રતિકૃતિ અથવા તેના કર્તા કે વ્યક્તિવિશેષનો ફોટોગ્રાફ્સ આપવો તથા સમીક્ષિત કૃતિ પ્રત્યક્ષ તપાસી ન હોય / જોવા ન મળી હોય તો તેનો સવિનય ઉલ્લેખ

કરવો ઉદા. તરીકે 'ચીનનો અહેવાલ' પ્રથમ ભાગ, પ્રથમ સામયિક 'વિદ્યાસાગર'ના અંકો વગેરે. આ ઉપરાંત લેખક પ્રસંગોપાત્ત નિર્ભિકપણે માર્મિક ટકોર કરવાનું ચૂક્યા નથી. ઉદા. તરીકે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સેક્રેટરી ગોપાળ હરિ દેશમુખ' લેખના પ્રારંભમાં નોંધ્યું છે કે : ''જન્મ પૂણેમાં, માતૃભાષા મરાઠી, મહારાષ્ટ્રની સમાજ સુધારાની ચળવળના એક અગ્રણી, પણ ચાર વર્ષ સુધી અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઓનરરી સેક્રેટરીના પદે રહ્યા હતા. ના. આજે આવું ન બને. કારણ આજે તો અમદાવાદની પરિષદો, અકાદમીઓ, સભાઓ વગેરે અમદાવાદની બહારના ગુજરાતીઓને પણ પોતીકા નથી ગણતી અને ગુજરાત બહારના ગુજરાતીઓને તો પરાયા ગણે છે ત્યાં વળી કોઈ મરાઠીભાષી કોઈ અમદાવાદી-ગુજરાતી સંસ્થાનો સેક્રેટરી બને એવું તો આજે ક્યાંથી બને ? પણ ૧૯મી સદીમાં એવું બનેલું''. આટલી વિપુલ અને ગુણસમૃદ્ધ સામગ્રી વચ્ચે ક્વચિત્ દૃષ્ટિગોચર થતા સરતચૂકથી ઉદ્ભવેલા દોષો અસમંજસ સ્થિતિ પેદા કરે છે. ઉદા. તરીકે ''પંચતંત્રના પહેલ વહેલા ગુજરાતી અનુવાદ ૧૮૨૪ની પહેલી આવૃત્તિ મુંબઈમાં ફરદુનજી મર્ઝબાનજીના મુંબઈ સમાચાર છાપખાનામાં છપાયેલી... ૧૮૨૨ પ્રગટ થયેલ બીજી આવૃત્તિ (પૃ. ૮), ૧૮૪૭ના માર્ચની ચોથી તારીખે ફરદુનજીએ પોતાનું વસિયતનામું બનાવ્યું. તે પછી તેઓ ઝાઝું ન જીવ્યા. ૧૮૪૧ના માર્ચની ૨૩મી તારીખે ફરદુનજીનું અવસાન થયું. (પૃ. ૧૦૦), પ્રથમ અનુદિત ગુજરાતી નવલકથાની મૂળકૃતિ 'ધી પિલગ્રિમ્સ પ્રોગ્રેસ'ના કર્તાનું નામ જેમ્સ બનિયન (પૃ. ૧૧૪) અને જ્હોન બનિયન બંને દર્શાવવામાં આવ્યું છે, હકીકતમાં જ્હોન બનિયન છે વગેરે. આવી જ સરતચૂક પ્રકાશક દ્વારા 'સાંકળિયું'માં જે તે લેખના સામે પૃષ્ઠ નંબર અને ગ્રંથમાં લેખનો ક્રમાંક ન દર્શાવવામાં થઈ છે.

સમગ્રતયા પ્રસ્તુત ગ્રંથ ઓગણીસમી સદીમાં ગુજરાતી ભાષા-સાહિત્યમાં સર્જાયેલ અને મુદ્રિત થયેલા ગ્રંથોનો તથા છાપખાનાનો કાળક્રમ તૈયાર કરવા, આજ દિન સુધી ગુજરાતી ગદ્ય, પ્રવાસ અને અનુદિત નવલકથા ક્ષેત્રોની માનવામાં આવતી પ્રસ્થાનકર્તા કૃતિઓનો છેદ ઉડાડીને આ ત્રણેય ક્ષેત્રોમાં જે તે કૃતિઓ પૂર્વે પ્રગટ થયેલી કૃતિઓની શોધ, પાદરીઓના નોંધપાત્ર પ્રદાન સંબંધી એક ગ્રંથમાં માહિતી આપવી, પ્રથમ ગુજરાતી સામયિકનું શ્રેય ધરાવતા 'બુદ્ધિપ્રકાશ' (૧૮૫૦)ના સ્થાને ૧૮૪૦થી ૧૮૪૭ કે તેથી વધુ સમય માટે ચાલુ રહેલ સામયિક 'વિદ્યાસાગર'ની પ્રથમ સામયિક તરીકે પ્રસ્થાપના, 'સ્ત્રીબોધ' અને 'વિવેચક' જેવાં પ્રાયઃ અજ્ઞાત સામયિકોની વિસ્તૃત માહિતી, પ્રથમ ગુજરાતી મુદ્રિત પુસ્તક, પ્રથમ ગુજરાતી સામયિક 'શ્રી મુમબઈનાં શમાચાર' 'પંચતંત્ર' અને 'શાકુંતલ'ના પ્રથમ ગુજરાતી અનુવાદો વગેરે વિષયક લેખો રસપ્રદ અને દસ્તાવેજી સામગ્રી પૂરી પાડે છે. આ બધાં ક્ષેત્રોની માહિતી જાત તપાસના આધારે રજૂ કરવામાં આવેલ હોવાથી લેખકને નવાજતા આપણા અગ્રણી સર્જક રઘુવીર ચૌધરીના શબ્દો : ''દીપકભાઈ જેવા ઉદ્યમી એવા જ તટસ્થ અભિપ્રાયોમાં નિર્ભય... મધ્યકાલીન સાહિત્ય અને અર્વાચીન સાહિત્ય વચ્ચેની ખૂટતી કડીઓ જોડવાનું મહત્ત્વનું કામ દીપકભાઈએ કર્યું છે. આ કારણે એમને આસ્વાદક અને વિવેચકની જેમ સંશોધકનું સમ્માન મળે છે'' દૃષ્ટવ્ય બની રહે છે.

ઉલ્લેખનીય છે કે આ ગ્રંથના લેખક - દીપક મહેતા (૧૯૩૯) આલોચક, સંપાદક, અનુવાદક, સંશોધક અને સાહિત્યિક કટાર લેખક તરીકે જાણીતા છે. તેમના ૪૦થી અધિક ગ્રંથો પ્રકાશિત છે. તેમણે મુંબઈની કે જે સોમૈયા કૉલેજમાં અધ્યાપક, પરિચય ટ્રસ્ટ, યુ. એસ. લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ, નવી દિલ્હીમાં ગુજરાતી – મરાઠી ભાષા-સાહિત્યના વિશેષજ્ઞ અને અમેરિકન સરકારની માહિતી કચેરી (યુસિસ)માં સાંસ્કૃતિક બાબતોના વિશેષજ્ઞ તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. લેખકનો આ પૂર્વે પ્રકાશિત પ્રસ્તુત વિષયક ગ્રંથ 'ઓગણીસમી સદીની ગુજરાતી ગ્રંથસમૃદ્ધિ' (૨૦૧૦) એક માણવા જેવો ગ્રંથ છે.

**મણિભાઈ પ્રજાપતિ**

❖

**ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા /** ચંદ્રકાન્ત શેઠ. અમદાવાદ : આદર્શ પ્રકાશન, ૨૦૧૫. ૧૧૨ પૃ. કિં. રૂ. ૧૨૫.૦૦ ISBN ૯૭૮-૯૩-૮૨૫૯૩-૯૮-૦

આપણી 'આદ્યવાણી'ના સર્જક અને ખરા અર્થમાં પરમ વૈષ્ણવ ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા તેમનાં પ્રભાતિયાં અને સુમધુર ગેયપદાવલિઓના કારણે આજે પણ અર્થાત્ પાંચ સદીઓ પછી પણ પ્રત્યેક ગુજરાતીનો

કંઠહાર બની રહ્યા છે. આવા ભક્તકવિ – ઉત્તમ ઊર્મિકવિ વિશે આ સદીના આપણા પ્રથિતયશ કવિ – વિવેચક – સંશોધક અને બહુવિધ સાહિત્યસ્વરૂપોમાં નોંધપાત્ર પ્રદાન કરનાર ચંદ્રકાન્ત શેઠ દ્વારા પ્રસ્તુત ગ્રંથમાં પોતાના વિશદ્ અધ્યયનનો અર્ક રજૂ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ૧૯૯૨માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિમંત્રણથી નરસિંહના જીવન-કવન વિશે ત્રણ વ્યાખ્યાનો આપેલાં તે તથા નરસિંહ મહેતા વિશે યોજાયેલાં પરિસંવાદ, વ્યાખ્યાન વગેરે પ્રસંગોના ચાર લેખો ઉપરાંત ભક્તકવિનાં 'સારમાં સાર અબળા તણો', 'રાતલડી રમી કાંહાં થકી આવિયા રે', 'ગોરી તારે ત્રાજૂડે રે' અને 'માલણ લાવે મોગરો' પદોનાં મર્મદર્શનો ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. આ ચારેય મર્મદર્શનો ભાવમધુર ઉત્કૃષ્ટ પદોમાં સંનિહિત ભક્તિભાવ – પ્રપત્તિભાવના, ભક્તકવિની સૌંદર્યદૃષ્ટિ અને કવિત્વશક્તિની સાથે સાથે આ બધાં પદોનો અર્થબોધ સ-રસ રીતે ઉદ્‌ઘાટિત કરી આપ્યો છે. આ રસમધુર આસ્વાદ થકી જે તે પદના આંતરસત્વને સરળતાથી પામી શકાય છે.

પ્રથમ વ્યાખ્યાન 'ભક્તકવિ નરસિંહ મહેતાનું જીવનકવન'માં પ્રારંભમાં ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિનું હાર્દ પામવા માટે ભક્તિસાહિત્ય – સંતસાહિત્યની મહત્તા દર્શાવીને વેદો, બ્રાહ્મણ-આરણ્યકો, ઉપનિષદોમાં નિરૂપિત ભક્તિનો ક્રમિક વિકાસ – સ્વરૂપ વર્ણવીને મહાભારતકાળમાં નારાયણપૂજા વાસુદેવપૂજામાં સંક્રાન્ત થવી અને ભગવદ્‌ગીતા દ્વારા સૌપ્રથમ વાર જ્ઞાન અને કર્મની સાથે ભક્તિને પણ મૂઠી ઊંચેરું આસન આપી તેની સુદૃઢ પ્રતિષ્ઠા કરવી અને ભગવતાદિ પુરાણોમાં કરવામાં આવેલું ભક્તિનું મહિમાગાન વગેરે સમજાવીને લેખકે નોંધ્યું છે કે ''ભક્ત એવા નરસિંહે ભક્તિની પરંપરાને વેદોપનિષદને ગીતા-ભાગવતની જે પરંપરા છે. એમાંથી જ ગ્રહી – પચાવી જણાય છે.'' વધુમાં નરસિંહના ઉદય દરમિયાન સાંપ્રદાયિક ભક્તિની પરંપરાની ઝલક દર્શાવીને નરસિંહના કવન ઉપર મરાઠી સંતો, રામાનંદી પરિવાર, ચંડીદાસ, વિદ્યાપતિ વગેરેના પ્રભાવની શક્યતા જણાવી છે. આટલી વિશદ્ પૂર્વભૂમિકા બાદ નરસિંહના ગૃહજીવનને જાહેરજીવન સંબંધી ઉદ્‌ભવતા અનેકાનેક પ્રશ્નો ઉદા. તરીકે એક કરતાં વધુ નરસિંહ થયાની સંભાવના, પર્વતરાય સાથેનો સંબંધ, નરસિંહ ક્યાંનો, એક કે બે પત્નીનો, બે જ બાળકો, વેવાઈઓનાં નામ, કુંવરબાઈનું સાસરું ક્યાં, હારમાળાનો પ્રસંગ બનેલો કે નહીં ? વગેરેની યાદી રજૂ કરીને ઋષિના કુળ અને ભાષાના મૂળની જેમ નરસિંહના – સંતકવિના કુળમૂળને શોધવાનુંયે પડતું મેલવામાં લેખક શાણપણ જુએ છે. આ જ રીતે ભક્તકવિની ઉપલબ્ધ કૃતિઓનાયે મામલા ગંભીર ગણાવીને તેને છંછેડ્યા વગર રાધા–કૃષ્ણની પરંપરા, નરસિંહ ઉપર જયદેવનો પ્રભાવ અને ગુજરાતીમાં નરસિંહથી શરૂ કરીને આ પરંપરાનો થયેલ નિર્વાહ વગેરેની ચર્ચાનું સમાપન કરતાં નોંધેલ શબ્દો : ''નરસિંહ સાચે જ આપણો તેજસ્વી સંત કવિ છે... સંતભક્ત તરીકે ઐતિહાસિક દૃષ્ટિએ એના જીવનમાં સત્યાસત્ય કે તથ્યાતથ્ય કેટલું એ પ્રશ્નો રહેવાના; પરંતુ લોકમાનસમાં તો જેના માટે ભગવાન ઘણું કરી શકે એવો એ દૈવી શક્તિવાળો કવિ છે. એ લાગણીનું સત્ય ઐતિહાસિક દૃષ્ટિએ નહીં, પરંતુ ભક્તિભાવનાની દૃષ્ટિએ જ પકડવાનું – પ્રમાણવાનું રહે'' લેખકના નરસિંહ વિશેના દૃષ્ટિબિંદુને સમજવા ધ્યાનાર્હ બની રહે છે. દ્વિતીય વ્યાખ્યાન 'નરસિંહ મહેતાની કવિતામાં તત્ત્વનાં તાગ અને તેજ'માં ભક્તકવિની વાણીને 'સંતની વાણીની સાથે અધ્યાત્મરસિક કવિતાની – વસંતની વાણી' ગણાવીને તેની આંતરિક સત્ત્વસમૃદ્ધિ ઉજાગર કરી આપી છે. અંતિમ વ્યાખ્યાન 'નરસિંહ મહેતાની કવિતા પીતામ્બર પગલાંની ઝળહળ ઝંકૃતિ'માં ભક્તકવિનાં ભક્તિપદારથની સાથે સહજમાં ઊતરી આવેલ કાવ્યતત્ત્વની આસ્વાદમૂલક ઝાંખી અથવા કહીશું કે તેની પરિણત પ્રજ્ઞાનું દર્શન ડૉ. શિવલાલ જેસલપુરા સંપાદિત 'નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ'ના આધારે સંદર્ભો સાથે પ્રસંગોચિત અવતરણો ટાંકીને કરાવ્યું છે. ભક્તકવિની કવિતાને પામવા માટે આ હાર્દરૂપ વ્યાખ્યાન છે. અહીં કવિ – લેખકની અધ્યયનશીલતાની – પ્રતિભાની સહજમાં પ્રતીતિ થાય છે. લેખકે નરસિંહના ભક્તિશૃંગારનાં પદોમાં સ્થૂળ સંભોગશૃંગારનું નિરૂપણ એકના એક પ્રકારનું હોવાનું ટકોરા બંધ જણાવીને એની સાથે 'એની સર્વોત્તમ જ્ઞાન – ભક્તિ – બોધનીને સૂક્ષ્મ ભાવબોધવાળી વિશુદ્ધ સૌંદર્યરસવાળી કવિતા' પણ ગણાવી છે. નરસિંહની કવિતામાં કલ્પનાચાતુર્ય, અલંકાર અને છંદ વૈભવ, રસનૈપુણ્ય, સંસ્કૃતપ્રચુર રૂઢ વર્ણનરીતિ, તત્ત્વવિચાર અને ગેયતાનો સુભગ સમન્વય, લાઘવપૂર્વક ભાવચિત્રોનું આલેખન, નાદ સંગીત, ઉક્તિપ્રયોગો, વિલક્ષણ

શબ્દભંડોળ વગેરેનો કેવો સ-રસ અને પ્રભાવક વિનિયોગ થયો છે તે સદૃષ્ટાંત સમજાવીને તેની કવિતાને મૂલવતા શબ્દો ''નરસિંહ સમગ્ર ગુજરાતનો તો ખરો, સારાયે ભારતનો કવિ છે, જેનું સ્થાન જયદેવ ચંદીદાસ, વિદ્યાપતિ, જ્ઞાનેશ્વર, નામદેવ, રામાનંદ, કબીર, નાનક, સુરદાસ, તુલસીદાસ ઇત્યાદિની પરંપરામાં ને પંગતમાં છે. એની વાણી ગુજરાતના ભક્તિભીના હૃદયની વાણી પણ બની રહી છે... (જે) ગુજરાતી ભક્તિકવિતાની – જ્ઞાનકવિતાની અનન્ય સિદ્ધિરૂપ છે.'' – ધ્યાનાર્હ બની રહે છે.

અંતિમ લેખ 'નરસિંહ મહેતાના અધ્યયન – સંશોધન અંગે કેટલાક પ્રશ્નો' વિષયક છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પૈકી જૈનેતર સાહિત્યની – હસ્તપ્રતોની કાળજીપૂર્વક જાળવણી ન થઈ શકવાના કારણે આ યુગના સાહિત્ય અને તેના સર્જકોના અભ્યાસ માટે અનેકવિધ પ્રશ્નો આજે પણ અનુત્તર રહ્યા છે. તે સર્વસ્વીકૃત બાબત છે. નરસિંહ સંદર્ભે રજૂ કરેલા કેટલાક પ્રશ્નો જેમ કે ભક્તકવિના કાર્યકાળ (૧૪૧૪-૧૪૮૦)નાં ૧૩૧ વર્ષ પછીની હસ્તપ્રતોની પ્રાપ્તિ, પાઠદૃષ્ટિએ ભ્રષ્ટપ્રતો, મૌખિક પરંપરામાંથી પદોની પ્રાપ્તિ અને તેના પરિણામે પાઠ સંક્રમિતના પ્રશ્નો, નરસિંહની નહિ એવી ઘણી બાબતો નરસિંહના નામે ચડવાની શક્યતાના કારણે તેની કવિતાના આધારે જીવનચરિત્ર તૈયાર કરવામાં જોખમ વગેરે છે. આ સાથે નરસિંહની કવિતા સંદર્ભેના સંપાદનોનો ઇતિહાસ પણ લેખકને ખાસ પ્રોત્સાહક જણાતો નથી. ઇચ્છારામ દેસાઈના સંપાદન (૧૯૧૩)ને ગંભીર પાઠક્ષતિઓ સાથેનો પદોનો સંગ્રહ ગણાવીને તેમાં શાસ્ત્રીય સંપાદનનાં ધોરણો ન જળવાયાં તેનો અભાવ લેખકને ખટકે છે. આ પછી કે. કા. શાસ્ત્રીનાં સંપાદનોને 'હસ્તપ્રતના આધારે નરસિંહનાં પદોનું પહેલીવાર સંપાદન' ગણાવીને ચૈતન્યબાળા દિવેટિયા (૧૯૪૯) અને ઈશ્વરલાલ દવે (૧૯૭૩)નાં સંપાદનોની નોંધ લઈને ડૉ. શિવલાલ જેસલપુરાના સંપાદન (૧૯૮૧)ને 'વધુ વ્યવસ્થિત સંપાદન' તરીકે ઓળખાવેલ છે. આ સંપાદનોમાં નરસિંહના નામે જે કંઈ કાવ્યો ચઢેલાં છે તે બધાં ખરેખર નરસિંહનાં હશે ખરાં ? આ પ્રશ્ન રજૂ કરીને લેખકે નરસિંહની સમગ્ર કવિતાના અવલોકનના આધારે પ્રમુખ ત્રણ સેરો – જ્ઞાનભક્તિનાં પદો, કૃષ્ણની બાળલીલાનાં પદો અને શૃંગારવિહારનાં પદોની અને કોઈ ચરિત્રાત્મક પદોની ચોથી સેર તારવી શકે તેમ જણાવ્યા બાદ નોંધ્યું છે કે ''પ્રથમ સેરનાં પદો – પ્રભાતિયાંનું રચનાવિધાન અને ભાષાકર્મ જોતાં તેને એક જ કવિની રચનાઓ ગણાવી છે જ્યારે 'અન્ય પ્રકારનાં પદો સંભવ છે કે બીજા-ત્રીજા સ્રોતોમાંથી હોય અને નરસિંહના નામે ચડ્યાં હોય. નરસિંહનું એમાં કર્તૃત્વ નયે હોય, છતાં જે રીતે નરસિંહનું આ ભક્તિકવિતામાં વર્ચસ છે તે ઉવેખી શકાય તેવું નથી... આ પરિસ્થિતિમાં નરસિંહની જ કહેવાય એવી કવિતાની પ્રમાણભૂત રીતે તારવણી કરવાનું કાર્ય સારી પેઠે કઠિન થઈ જાય છે.'' આટલી ચર્ચા બાદ નરસિંહની કવિતાનો અભ્યાસ કરનારે કે પાઠનિર્ણય કરનારે તત્કાલીન ભક્તિપરંપરા અને ભક્તિસાહિત્ય, હિન્દી, મરાઠી સંતપરંપરાનો પ્રભાવ, પુષ્ટિસંપ્રદાયના ગોપાલદાસનું કર્તૃત્વ, પ્રભાતિયાનું સ્વરૂપ વગેરેને ધ્યાનમાં લઈને ઐતિહાસિક અને તુલનાત્મક અધ્યયન પદ્ધતિનો સમાશ્રય લેવા સૂચન કરેલ છે. આમ, અહીં લેખકે નરસિંહ સાહિત્યના ભાવિ સંશોધકો માટે પથપ્રદર્શકની ભૂમિકા અદા કરી છે.

સમગ્ર રીતે પ્રસ્તુત પુસ્તકમાં લેખકનો મુખ્ય ઉદ્દેશ ભક્તકવિના જીવન અને કવન સંબંધી પ્રશ્નોની નોંધ લઈને તેની વિશદ ચર્ચામાં ઊતર્યા સિવાય તેની ભક્તિભાવના – દર્શન અને તેમાં સંનિહિત ઉત્તમ કાવ્યપદારથની રસ લ્હાણ કરાવવાનો રહ્યો છે, જેમાં લેખક પૂર્ણરૂપેણ ખરા ઊતર્યા છે. વામનનાં ત્રણ પગલાંની જેમ અહીં ગાગરમાં સાગર સમાન ત્રણ વ્યાખ્યાનોમાં નરસિંહ વિશે રજૂ કરેલ સ્વાધ્યાયપૂત પરિશીલન ઉદાહરણસ્વરૂપ બની રહે છે. આ વ્યાખ્યાનો જીવંત શૈલીમાં રજૂ થયાં છે અર્થાત્ શેઠ સાહેબને આપણે પ્રત્યક્ષ સાંભળી રહ્યા હોઈએ તેવો ભાવ તેના વાણીપ્રવાહ, ગર્ભિત વ્યંજના, વ્યંગ વગેરેના માધ્યમથી તેના વાચકને સહજમાં થાય છે, જે આ વ્યાખ્યાનોની આગવી વિશેષતા છે. વળી, નરસિંહના ભક્તિ-શૃંગારનાં પદોના વિવેચનમાં મુખર થયા સિવાય કાવ્યસૌંદર્યનું યથોચિત ઉદ્‌ઘાટન કરી આપ્યું છે. નોંધવું રહ્યું કે અહીં લેખકે પ્રસંગોપાત્ત ન્હાનાલાલ, આનંદશંકર ધ્રુવ, ઉમાશંકર જોશી, કેશવ હર્ષદ ધ્રુવ, બ. ક. ઠાકોર, હરિવલ્લભ ભાયાણી, કનૈયાલાલ મુનશી, કે. કા. શાસ્ત્રી વગેરેના વિચારો ઉદધૃત કર્યા છે, પરંતુ અલ્પ અપવાદો બાદ કરતાં તેના ચોક્સાઈપૂર્ણ વાઙ્મયસૂચિગત સંદર્ભો આપ્યા હોત તો નરસિંહના ભાવિ સંશોધકો, અભ્યાસુઓ માટે અનેકવિધ રીતે ઉપકારક નીવડત !

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અભિમુખતા કાર્યક્રમ

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન તા. ૨-૭-૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું, જેમાં વિનયન અને વાણિજ્યમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થિનીઓને આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલે આવકારીને કૉલેજની વિશેષતાઓ જણાવી હતી. ત્યારબાદ વિદ્યાર્થિનીઓને સર્વે અધ્યાપકશ્રીઓનો પરિચય, કૉલેજની બહુવિધ પ્રવૃત્તિઓ, કૉલેજમાં ચાલતા અભ્યાસક્રમો વગેરેથી માહિતગાર કરીને સર્વાંગી વિકાસ કરે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૯૧માં સ્થપાયેલ આ કૉલેજનું આ રજતજયંતી વર્ષ છે. આ કૉલેજની અવિરત વિકાસયાત્રા તથા 'A' ગ્રેડ તથા ''College With Potenial Excellence''નું ગૌરવપૂર્ણ બિરુદ પ્રાપ્ત કરી આ કૉલેજ માત્ર ગાંધીનગરની જ નહિ, પરંતુ ગુજરાતની અગ્રગણ્ય કૉલેજો પૈકીની એક બની રહી છે. વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓએ પણ ઉપસ્થિત રહી કૉલેજ પ્રત્યે માન અને અહોભાવ વ્યક્ત કર્યા હતા.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૧૯-૬-૧૫ના રોજ બ્રહ્માણી કૃપા હૉલમાં એફ. વાય. બી. કોમના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને આચાર્યશ્રી ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ સમગ્ર વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિઓ, પરીક્ષાનું માળખું, રમતગમત અને NSS, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ – સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, Alumni Association વિશે વિગતે માહિતી અધ્યાપકો દ્વારા આપવામાં આવી હતી.

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અંતર્ગત એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. ઇંગ્લિશ મીડિયમ બી. એડ્. કૉલેજ, ગાંધીનગરમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનું સ્વાગત કરવા માટે તા. ૧૮-૬-૧૫ના રોજ ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ આવકારોત્સવ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના આરંભે ડૉ. જિજ્ઞાસાબહેન જોશી અને ડૉ. કુસુમબહેન યાદવે સંસ્થાની ઉજ્જવળ પરંપરાઓ, કૉલેજના સ્માર્ટવર્ક અને ઉદ્દેશો વિશે માહિતી આપી હતી.

### આષાઢસ્ય પ્રથમ દિવસે

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના સંસ્કૃત વિભાગના ઉપક્રમે તા. ૧૭-૭-૧૫ના રોજ કવિ કાલિદાસ જયંતી ''આષાઢસ્ય પ્રથમ દિવસે''ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થિનીઓએ કવિ કાલિદાસનું જીવન તથા કવિ કાલિદાસ રચિત કૃતિઓમાં આલેખાયેલ વિવિધ પ્રસંગો તથા તેના સૌંદર્યને વક્તવ્યમાં રજૂ કર્યાં હતાં. પ્રા. પાર્થભાઈ જોશીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું તથા સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષા ડૉ. યોગિનીબહેન વ્યાસે આ દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું, તેમજ ડૉ. રૂપા ચાવડા તથા પ્રા. જયરામભાઈ પટેલે પ્રસંગને અનુરૂપ વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

### આંકડાશાસ્ત્ર દિવસ

● અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૨૯-૬-૨૦૧૫ના રોજ 'આંકડાશાસ્ત્ર દિવસ'ની ઉજવણી કડી સર્વ

વિશ્વવિદ્યાલયના સહયોગમાં યુનિવર્સિટીના હૉલમાં કરવામાં આવી, જેમાં ભારત સરકારના નિર્દેશ મુજબ ઉજવણીનો વિષય 'સામાજિક વિકાસ' નિયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળના ચૅરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, યુનિવર્સિટીના ડાયરેક્ટર શ્રી કાપડિયા, આંકડાશાસ્ત્ર કચેરીના ડાયરેક્ટર એ. ડી. પટેલ અને કે. ડી. વશી, આંકડાશાસ્ત્રના પ્રોફેસર ડૉ. બી. બી. જાની અને ડૉ. આર. કે. શ્રીવાસ્તવ સન્માનનીય મંચસ્થ મહાનુભાવો તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સૌએ સામાજિક વિકાસ અને તેના મહત્ત્વ વિશે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. કચેરીના હોદ્દેદારોએ તથા અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના ૧૦ વિદ્યાર્થીઓએ અને એમ. પી. પટેલ કૉમર્સ કૉલેજ, કડીના એમ.કોમ.ના ૩ વિદ્યાર્થીઓ દ્વારા ગરીબી, શિક્ષણ, આરોગ્ય, રોજગારી વગેરે અંગે પેપર પ્રેઝન્ટેશન કરવામાં આવેલ, તેમજ ડૉ. એમ. એન. પટેલ, ડૉ. સી. ડી. ભાવસાર, ડૉ. દીપ્તિબહેન ભાવસાર અને ડૉ. મિતેષ શાહ દ્વારા પણ વિષયની ગહન સમીક્ષા કરવામાં આવી હતી.

## ઇંગ્લિશ દિન

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨૫ જુલાઈ ૨૦૧૫ના રોજ English Dayની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીનો થીમ 'ધ વર્લ્ડ ઑફ ડ્રામા' (નાટ્યવિશ્વ) રાખવામાં આવેલ. વિદ્યાર્થિનીઓએ નાટ્યમંચન, નાટ્યવાચન, પોસ્ટર પ્રેઝન્ટેશન, બાયોગ્રાફી પ્રેઝન્ટેશન, ચાર્ટ પ્રેઝન્ટેશન વગેરે પ્રસ્તુત કર્યાં હતાં. આ ઉપરાંત 'મેકબેથ' નાટકનો પ્રખ્યાત અંશ 'સ્લીપ વોકીંગ સીન' ભજવ્યો તથા ગિરીશ કર્નાડના નાટક 'વેડીંગ આલ્બમ'ના એક દશ્યનું વાચન પણ કરવામાં આવ્યું.

## એન. એસ. એસ.

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે તા. ૨૭-૬-૧૫ના રોજ NSSમાં નવા જોડાયેલા વિદ્યાર્થીઓને NSSની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર કરવા માટે NSS પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી, પ્રો. સમીર પંડ્યા, ઉપરાંત નિવૃત્ત IAS I. A. Vora, નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના ડાયરેક્ટર શ્રી રજનીકાંત સુથાર, NSSના પ્રોગ્રામ ઑફિસર ડૉ. નરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સૌએ વિદ્યાર્થીઓને સામાજિક જવાબદારીઓ વિશે પણ જાગૃત કર્યા હતા. આ પ્રસંગે સ્વયંસેવકોએ નાટક, માઈમ, નૃત્ય અને Vedio Presentation દ્વારા ગત વર્ષોની ઝાંખી કરાવી હતી.

## ચિત્રસ્પર્ધા

સૂરજબા મહિલા બી. એડ્. કૉલેજ, કડીની તાલીમાર્થી પટેલ ખુશ્બૂ હેમંતકુમારે કલાશિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત રંગપૂરણી ચિત્ર સ્પર્ધામાં મહેસાણા જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો.

## પીએચ.ડી

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**૧. Biotechnology :**

1. Jarullah, Jummanah M S : 'Molecular Characterization of Erthrocyte Glucose-6-Phosphate Dehydrogenase Deficiency in Human Population in Jeddah, Saudi Arabia' / Subject : Biotechnology / Guide : Dr. Mahesh C. Sharma

**2. Chemistry :**

2. Dhameliya, Dharmesh Ramniklal : 'Studies on Novel Heterocyclic Compounds Containing Phthalimide' / Subject : Chemistry / Guide : Dr. Mukesh C. Patel
3. Dhinoja, Vishwa Harikant : 'Synthesis of Some Novel Heterocyclic Compounds and Their Pharmacological Evaluation' / Subject : Chemistry / Guide : Dr. Denish C. Karia
4. Patel, Jigar Ravjibhai : 'Industrial Dyes & Intermediates: Chemistry, Properties, Applications & Sustainability' / Subject

: Chemistry / Guide : Dr. Mallika Sanyal

**3. Computer Science :**

5. Ansari, Haidarali Khilafat : 'A Study, Analysis & Solution Mechanism For Efficient & Secure Data Transfer on Heterogeneous Network' / Subject : Computer Science / Guide : Dr. Nileshkumar K. Modi
6. Divecha, Nidhi Hemantkumar : 'Analytical Study and Prototyping Digital Watermarking Techniques For Intellectual Property Protection' / Subject : Computer Science / Guide : Dr. N. N. Jani
7. Nagori, Viral Yogeshkumar : 'Design of Expert System Prototype for Analyzing and Structuring Motivational Strategies on ICT Human Resources to Reduce the Employee Turnover Ratio' / Subject : Computer Science / Guide : Dr. Bhushan Trivedi
8. Patel, Dharmendrakumar Trikamlal : 'Prediction Model For Web Caching and Prefetching With Web Usage Mining to Optimize Web Objects' / Subject : Computer Science / Guide : Dr. Kalpesh C. Parikh
9. Patel, Jaykumar Shantilal : 'Algorithm Development For Robust Security in Sensor Network' / Subject : Computer Science / Guide : Dr. Vijay Chavda
10. Vyas, Dhaval Shashikant : 'Run-Time Mp-Soc Management and Mapping of Dynamic Embedded Software' / Subject : Computer Science / Guide : Dr. N. N. Jani

**4. Education :**

11. Advani, Mrs. Vinita Sunil : ' A Study of Education System of GSEB, CBSE, ICSE and IB Schools of Ahmedabad at Secondary Level' / Subject : Education / Guide : Dr. Sanjay M. Gupta
12. Asokan, P. : ''A Study of Secondary School Teachers of Gujarat State With Respect to Their Motivation and Effectiveness in Teaching' / Subject : Education / Guide : Dr. Sanjay M. Gupta
13. Borisaniya, Jalpa Yogeshkumar : Construction & Standardization of Verbal Reasoning Test in Hindi Language for the Students of Std - 8th" / Subject : Education / Guide : Dr. Rameshchandra J. Vyas
14. Kapadia, Nilesh Hasmukhbhai : ''A Study of Significant Dimensions of Emotional Intelligence & Creative Thinking of the Self-Regulated Learners of the Students of Higher Secondary Schools' / Subject : Education / Guide : Dr. R. D. Mulia
15. Patel, Bipinkumar Ganeshbhai : ''A Study of the Skills Related to the Chemistry Laboratory of the Students of Higher Secondary School' / Subject : Education / Guide : Dr. Veenaben Patel
16. Shah, Bhavini Rohitkumar : 'A Study of Speed & Accuracy of the Students of Higher Secondary Schools in the Context of Some Variables' / Subject : Education / Guide : Dr. R. D. Mulia
17. Upadhyay, Ketun Navinchandra : 'A Comparative Study of Achievement

Motivation Among Teachers and Students of Grant-In-Aid and Self-Finance Secondary Schools of Gujarat' / Subject : Education / Guide : Dr. Ramesh B. Ukavat

**5. Electronics & Communication :**

18. Mendhe, Shridhar Eknath : 'Design of Ultra Wide Band Low Gain Printed Antenna Using Metamaterial' / Subject : Electronics & Communication / Guide : Dr. Yogeshwar Prasad Kosta
19. Naik, Mehulkumar Ratilal : 'Design and Analysis of Wideband RF Circuits Used in the Software Defined Radio' Subject : Electronics & Communication / Guide : Dr. C. H. Vithalani
20. Patel, Reena Mangubhai : 'Implementation & Analysis of Covert Data Hiding Techniques' / Subject : Electronics & Communication / Guide : Dr. Dharmesh J. Shah
21. Sampat, Sanjaykumar Natvarlal : 'Wavelet Based De-Noising Techniques and Development of Wavelet Based De-Noising Algorithm to Enhance Quality of 1 Dimensional Signal' / Subject : Electronics & Communication / Guide : Dr. C. H. Vithalani

**6. English :**

22. Bhatt, Mahesh Bharatkumar : 'Diaspora in a Novel of the Selected South Asian Women Novelists: A Critical Study' / Subject : English / Guide : Dr. Jagdish S. Joshi
23. Bhola, Jaydevbhai Danabhai : 'Indo French Relations - An Investigation into the Cultural Interactions Between Gujarat and France' / Subject : English / Guide : Dr. Alkeshkumar A. Patel
24. Jain, Jinendra Bhagwandas : 'Making the Teaching of English Communicative at the Undergraduate Level' / Subject : English / Guide : Dr. Rajendrasinh Jadeja
25. Jani, Tejal Yogendra : 'Predicament of Black Women in the Selected Plays of Lorraine Hansberry and Alice Childress' / Subject : English / Guide : Dr. Pranav Joshipura
26. Parmar, Nitaben Danabhai : 'Try out of Audio Visual Aids to Improve Listening and Speaking Skills in English at Polytechnic Colleges' / Subject : English / Guide : Dr. Jagdish S. Joshi
27. Patel, Ulupi Shankarbhai : 'Bird Imagery in Selected Plays and Sonnets of Shakespeare' / Subject : English / Guide : Dr. Pranav Joshipura

**7. Gujarati :**

28. Chaudhari, Chetanaben Laxmanbhai.:. 'નવમા દાયકાનું પ્રવાસ સાહિત્ય' Subject : Gujarati / Guide : Dr. Bababhai S. Patel

**8. Instrumentation & Control :**

29. Patel, Jignesh Baldevbhai : 'Web Based Expert System For Irrigation Scheduling' / Subject: Instrumentation & Control / Guide : Dr. Chetan B. Bhatt

**9. Management :**

30. Joshi, Nisarg Vinodkumar : 'A Study of Customer Perceived Service Quality For Retail Super Markets in the Select Cities of the State of Gujarat' / Subject : Management / Guide : Dr. A. C. Brahmbhatt
31. Rao, Roopa Satyanarayana : 'An

Analysis of the Strategic Intent in Merger and Acquistion Activity Among Indian Firms' / Subject : Management / Guide : Dr. C. Gopalkrishnan

32. Rijwani, Parag Rajkumar : 'Mutual Fund Performance and Attributes - An Empirical Investigation of Indian Equity Diversified Funds' / Subject : Management / Guide : Dr. Shantanu Mehta
33. Shah, Pinal Subodhchandra : 'Decision Framing and Corporate Behavioral Finance: Study of Selected Indian Companies' / Subject : Management / Guide : Dr. S. O. Junare
34. Sonu, Vijayshankar Gupta : 'Microfinance Delivery: Challenges and Innovative Strategies of Microfinance Institutions of Ahmedabad and Gandhinagar City' / Subject : Management / Guide : Dr. Chinnam Reddy

**10. Mechanical Engineering :**

35. Panchal, Hitesh Navinchandra : 'Investigation on Performance Analysis of Passive Solar Still' / Subject : Mechanical Engineering / Guide : Dr. Pravinchandra K. Shah

**11. Pharmaceutical Sciences :**

36, Bhatt, Chaitanya Jagdishchandra : 'Development and Evaluation of Polyherbal Formulation For the Management of Certain CNS Disorder' / Subject : Pharmaceutical Science / Guide : Dr. G. B. Shah

37. Chandrethiya, Gauriben Dahyabhai : 'Preparation and Characterization of Polymeric Nanoparticles For the Targated Delivery of Anticancer Drugs' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Maitreyi Zaveri
38. Patel, Jigneshkumar Ishwarlal : 'Identification & Isolation of Active Constituents of Leaves of Vitex Negundo for Anti-Asthmatic Activity' / Subject : Pharmaceutical Sciences / Guide: Dr. Shrikalp Deshpande
39. Porecha, Sheetal Kishanlal : 'Microemulsion Based Transnasal Delivery System For Brain Targeting' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Anita N. Lalwani
40. Shah, Bhavik Satishchandra : 'Assessment of Clinical Characteristics, Drug-Utilization and Health-Related Quality of Life in Patients With Acute Coronary Syndrome' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Shrikalp Deshpande
41. Sharma, Manoranjan : 'Investigation on Role of Tumor Necrosis Factor Alpha Converting Enzyme in Inflammatory and Non-Inflammatory Conditions' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Mukul R. Jain

**12. Psychology :**

42. Borad, Nila Meghajibhai : 'A Psychological Study of Social Support, Mental Hygiene and Illness Behavior of Heart Patients' / Subject : Psychology / Guide : Dr. Anant M. Vasani
43. Chitroda, Jasvanti Laljibhai : 'A Psychological Study of Obesity Level (Condition), Academic Stress and Self

Analysis of Obese Adolescents Students' / Subject : Psychology / Guide : Dr. Bhanubhai D. Dhila

44. Gajjar, Jayshree Dharmendrabhai : 'A Comparative Study of Occupational Stress, Mental Health & Job Satisfaction of Higher Secondary Schools and College Teachers' / Subject :. Psychology / Guide : Dr. Dineshkumar J. Panchal
45. Maru, Harsha Hardasbhai : 'A Psychological Study of Frustration, Stress and Death Anxiety of Kidney Patients' / Subject : Psychology / Guide : Dr. Anant M. Vasani
46. Pansara, Ramilaben Mohanbhai : 'A Psychological Study of Life Satisfaction, Mental Hygiene and Self Analysis of Normal (Vaginal) Delivery and Cesarean Operation Delivery of Women' / Subject : Psychology / Guide : Dr. Anant M. Vasani

## યુનિવર્સિટીમાં પ્રથમ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરની કોન્સ્ટિટ્યૂટ કૉલેજ સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીની બે વિદ્યાર્થિનીઓ પટેલ દિવ્યા આર. અને સંતાકી હિમાંશી બી. એ ૯૨.૯૨% સાથે કૉલેજ અને યુનિવર્સિટીમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. આ કૉલેજની તાલીમાર્થી બહેનો સતત પાંચ વર્ષથી યુનિવર્સિટીમાં પ્રથમ નંબર મેળવતી રહી છે. અભિનંદન.

## રજતજયંતી વર્ષ ઉજવણી

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના રજતજયંતી વર્ષ ઉજવણીના ભાગ રૂપે તા. ૬ જુલાઈ, ૨૦૧૫ના રોજ સી. પી. ઈ. ગ્રાન્ટ અંતર્ગત રજતજયંતી ઉજવણી સમિતિ દ્વારા કૉલેજની પ્રથમ વર્ષ બી. એ./બી. કોમ.ની વિદ્યાર્થિનીઓ માટે "ટ્રેઇનિંગ પ્રોગ્રામ ફૉર કમ્પેરટિવ એક્ઝામ્સ"નું આયોજન કૉલેજના સંસ્કાર હૉલમાં કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં ગુજરાત સરકારના જનરલ એડમિનિસ્ટ્રટિવ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરી શ્રી મનીષભાઈ શાહે સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે વિદ્યાર્થિનીઓને ઉપયોગી તાલીમ તેમજ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## વિશ્વયોગ દિવસ

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨૧ જૂનના રોજ પ્રથમ 'વિશ્વ યોગદિન'ની ઉજવણી કરવામાં આવી. કૉલેજની વિદ્યાર્થિનીઓએ સવારે ૬.૦૦ વાગે પ્રાણાયામ, સૂર્યનમસ્કાર વગેરેની પ્રેક્ટિસ કરી અને સરકારશ્રી દ્વારા અપાયેલા નિદર્શન મુજબ વિવિધ આસનો જેમ કે પદ્માસન, તાડાસન, વૃક્ષાસન, સવાસન, ત્રિકોણાસન વગેરે આસનો કર્યાં હતાં. આ પ્રસંગે આચાર્યાશ્રી ડૉ. અમૃતાબહેન પટેલ તથા સમગ્ર કૉલેજ પરિવાર ઉપસ્થિત રહેલ.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે યુનિવર્સિટી દ્વારા તા. ૨૧-૬-૧૫ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં NSS ગુજરાતના હેડ શ્રી કમલકુમાર કર તથા કૉલેજના અધ્યાપકો અને ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તમામ વિદ્યાર્થીઓએ દરરોજ યોગ કરવાના અને વિશ્વશાંતિના શપથ પણ લીધા હતા. હળવી કસરતો, ઊભા ઊભા અને બેઠા બેઠા થઈ શકે તેવાં આસનો, પ્રાણાયામ અને ધ્યાન વગેરે ક્રિયાઓ દ્વારા યોગ કરવામાં આવ્યો હતો અને દરેક ક્રિયાઓ, પ્રાણાયામ, ધ્યાન, આસનથી થતા ફાયદાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વર્તમાન જીવન શૈલીમાં યોગનું મહત્ત્વ તથા યોગ અને ભારત વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમજ NSS યુનિટ દ્વારા તા. ૨૧-૬-૧૫ના રોજ વિશ્વયોગ દિવસની ઉજવણીના ભાગ સ્વરૂપે ચિત્રકલા સ્પર્ધાનું આયોજન તા. ૧૯-૬-૧૫ના રોજ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ બંને કાર્યક્રમનું આયોજન અને

સંચાલન ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું.

## સમર કૅમ્પ - ૨૦૧૫

● આર. એન. લલિતકલા એકેડેમી, ગાંધીનગર દ્વારા સમર કૅમ્પ-૨૦૧૫નું આયોજન તા. ૨૯-૫-૨૦૧૫ના રોજ સંસ્થાના બ્રહ્માણી કૃપા મેમોરિયલ હૉલમાં કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાનપદે ડૉ. સોમભાઈ સી. પટેલ (કૅમ્પસ ડાયરેક્ટર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર) શ્રી દિપાલીબહેન જોષી (પ્રિન્સિપાલ, એસ. કે. પટેલ પ્રિ. પ્રાયમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, ગાંધીનગર) અને એકેડેમીનાં સંચાલિકા દીનાબહેન ડોડિયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ભરતનાટ્યમ, શાસ્ત્રીય ગાયનવાદન, કથન, વેસ્ટર્ન ડાન્સ તથા ફોક ડાન્સ, બ્યુટી પાર્લર, યોગ, કરાટે, સ્કેટીંગ વગેરેની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. તાલીમાર્થીઓને મુખ્ય મહેમાનશ્રીઓના વરદહસ્તે પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે આ સમર કૅમ્પમાં ૬૦૦થી વધુ તાલીમાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન અનિતાબહેન વસીતા તથા આભારવિધિ શ્રી સેન્સાઈ સેલ્વાકુમારે કરી હતી.

# શાળા વિભાગ

## એન. સી. સી. કૅમ્પ - ૨૦૧૫

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ૧૬ વિદ્યાર્થિનીઓએ તા. ૧૫થી ૨૪-૦૬-૨૦૧૫ સુધી લૉ-ગાર્ડન, એન.સી.સી. ઑફિસ, અમદાવાદમાં દસ દિવસનો CATC કૅમ્પ કર્યો હતો, જેમાં ત્રિવેદી હેલી, (૯/E) એ મહેંદી સ્પર્ધા અને ગીત સ્પર્ધામાં સિલ્વર મેડલ તથા સાતા રિદ્ધિ-૮/અ એ પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ગોલ્ડ પ્રાપ્ત કર્યો. આ પ્રસંગે આ શાળાની વિદ્યાર્થિનીઓએ વ્યસનમુક્તિનું નાટક રજૂ કર્યું હતું. કૅમ્પનાં સહકન્વીનર સોનલબહેન બી. પટેલે કેડેટ્સને કૅમ્પમાં મૂકવા અને લેવા માટેની ફરજ બજાવી હતી. કૅમ્પ દરમિયાન આચાર્યા અને ફર્સ્ટ ઑફિસર શ્રી સુધાબહેન પી. પટેલ વિદ્યાર્થિનીઓ (કેડેટ્સ) સાથે જોડાયાં હતાં.

## ગુજરાત સેકન્ડરી / હા. સે. બોર્ડ

● ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૧૫માં લેવાયેલ ધો. ૧૦ની વાર્ષિક પરીક્ષામાં શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના બે વિદ્યાર્થીઓ : ૧. ઠક્કર લખનકુમાર હસમુખભાઈ અને ૨. વાઘેલા હિરેનસિંહ નાગદેવસિંહ જિલ્લામાં પ્રથમ પાંચ ક્રમમાં આવતાં તેમને સ્વ. બાબુભાઈ મફતલાલ પટેલ (પૂર્વ સારસ્વત, ના. મ. નૂતન સર્વ વિદ્યાલય, વિસનગર)ની સ્મૃતિમાં ગં. સ્વ. માતુશ્રી પાર્વતીબહેન બી. પટેલ તરફથી શૈક્ષણિક ઍવૉર્ડ – ૨૦૧૫ પેટે પ્રત્યેકને રૂ. ૧૦,૦૦૦નો ચેક એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા. અભિનંદન.

## જમ્પીંગ ટોયનું ઉદ્‌ઘાટન

● શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડી દ્વારા તા. ૧૮-૬-૧૫ના રોજ શ્રીમતી ગોમતીબહેન રામભાઈ પટેલ કિન્ડર ગાર્ટનમાં જમ્પીંગ ટોયનું ઉદ્‌ઘાટન મંડળના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે મંડળના ચૅરમેન શ્રી વલ્લભભાઈ પટેલ, મંત્રીશ્રી મહેશભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## નો પ્લાસ્ટિક-ડે

● માનવજીવનમાં દિનપ્રતિદિન વધી રહેલો પ્લાસ્ટિકનો ઉપયોગ અને તેની હાનિકારકતાને ધ્યાને લઈ વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં જાગૃતિ કેળવાય તેમજ સમાજમાં આ સંદર્ભે સંદેશો પહોંચે તે માટે એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરનાં બાળકોએ સાઇકલ રેલી કાઢી હતી અને જુદા-જુદા વિસ્તારોમાં જઈને કાપડની થેલીઓ આપી હતી, તેમજ શાળામાં આ સંદર્ભે વક્તવ્ય યોજાયું હતું અને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા સમજણ આપવામાં આવી હતી.

## પ્રવેશોત્સવ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા તા. ૧૯-૬-૨૦૧૫ના રોજ શાળામાં નવા દાખલ થયેલા ધોરણ ૧નાં બાળકોના પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત 'વિદ્યા અમારી શક્તિ છે, વિદ્યા અમારી ભક્તિ છે, વિદ્યા અમારી સંપત્તિ છે, દરેક બાળકને ભણાવો, આવો પ્રવેશોત્સવ મનાવો' – જેવા નારા સાથે વિદ્યાર્થીઓએ વિદ્યાની દેવી માતા સરસ્વતીને વંદનસહ પ્રાર્થના કરી શાળામાં પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે શેઠ સી. એમ. હાઈસ્કૂલના આચાર્ય શ્રી બચુભાઈ પટેલ, શાળાના ઇન્ચાર્જ આચાર્યશ્રી, સુપરવાઈઝરશ્રીઓ તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓનું ભાવિ તેજસ્વી બને અને શાળા તથા પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા હતા.

● શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડી દ્વારા તા. ૧૦-૬-૧૫ના રોજ શાળામાં પ્રવેશોત્સવ યોજાઈ ગયો. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી રાજકુમાર વર્માએ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. પ્રાસંગિક પ્રવચનમાં તેમણે પૂ. છગનભા તથા પૂ. માણેકલાલ સાહેબને યાદ કરી સર્વ વિદ્યાલયનો ઇતિહાસ જણાવ્યો હતો. તા. ૨૭-૬-૧૫ના રોજ શાળામાં ધોરણ ૫થી ૧૨ની વિદ્યાર્થિનીઓ માટે મેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ધોરણ ૧ની વિદ્યાર્થિનીઓ માટેનો પ્રવેશોત્સવ તા. ૧૮-૬-૧૫ના રોજ શાળાનાં આચાર્યશ્રી નીરુબહેન જે. પટેલના માર્ગદર્શન નીચે યોજાઈ ગયો. જેમાં ધો.૧ની ૧૮૫ વિદ્યાર્થિનીઓને સરસ મજાની ટોપી પહેરાવીને શાળાના કૅમ્પસ ફરતે ઊંટલારીમાં બેસાડી કૅમ્પસના મુખ્ય પ્રવેશદ્વાર આગળ મૂકેલ સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. પૂ. દાસકાકાની પ્રતિમાને વંદન કરી તમામ દીકરીઓને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રવેશોત્સવના સંદર્ભમાં આચાર્યશ્રી દ્વારા દરેકને પાણી બચાવો તથા વૃક્ષોના મહત્ત્વ વિશે શીખ આપ્યા બાદ કૅમ્પસમાં સ્થિત ટોય-હાઉસમાં બાળ ફિલ્મ બતાવવામાં આવી હતી.

● શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા ધો. ૯માં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને આવકારવાનો ઉત્સવ તા. ૧૫-૬-૧૫ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી ચિનુભાઈ પટેલે સ્વાગત પ્રવચન, શાળાશિક્ષણનું મહત્ત્વ, શિસ્ત તથા સંસ્કારનાં મૂલ્યો વિશે પ્રેરણા આપી હતી.

## બર્થડે કાર્ડ મેકિંગ

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓમાં કૌશલ્ય શક્તિ કેળવાય, મૌલિક વિચારશક્તિ અને કલાશક્તિ અભિવ્યક્ત કરતાં શીખે તે માટે શાળામાં તા. ૧૭-૨૦ જૂન દરમિયાન બર્થ ડે કાર્ડ મેકિંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## બાલ કવિ સંમેલન

● ગુજરાત સરકાર દ્વારા આયોજિત બાલકવિ સંમેલનમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરના ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થી વંદન ભૂપેશભાઈ રાવલે તા. ૨૮-૨૯ જૂન, ૨૦૧૫ના રોજ પ્રેક્ષા વિશ્વભારતી, કોબા ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાના બાલકવિ સંમેલનમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો. તા. ૨૯ જૂન, ૨૦૧૫ના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી વગેરેના સાંનિધ્યમાં ટાગોર હૉલ, પાલડી, અમદાવાદ ખાતે કાવ્યપઠન અને ઇનામ વિતરણ સમારંભમાં વંદન રાવલનું શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે રૂ. ૮૦૦૦ પુરસ્કાર, પ્રમાણપત્ર અને પુસ્તકો એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.

## મહાત્મા મંદિરની મુલાકાત

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ-૭ની ૩૩૦ વિદ્યાર્થિનીઓએ મહાત્મા મંદિરની તા. ૮-૭-૧૫ના રોજ શૈક્ષણિક મુલાકાત લીધી હતી, જેમાં ચિત્રો દ્વારા ગાંધીજીના જીવનપ્રસંગો તથા આઝાદીની ચળવળ અંગેના પ્રસંગોનું

વર્ણન નિહાળ્યું હતું. વિદ્યાર્થિનીઓ સાથે તેમના વર્ગશિક્ષકો જોડાયા હતા.

## મૂલ્ય શિક્ષણ કાર્યક્રમ

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા શાળામાં ધોરણ ૧થી ૪ના વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા, પ્રામાણિકતા, નિયમિતતા, કામ પ્રત્યે નિષ્ઠા, વફાદારી જેવા સદ્‌ગુણોનો વિકાસ થાય અને તે પ્રમાણે વર્તે તે હેતુસર તા. ૨૭ જૂનના રોજ મૂલ્ય શિક્ષણ કાર્યક્રમ યોજાયો હતો. આ અંતર્ગત બાળકોએ નાટકોની પ્રસ્તુતિ ઉપરાંત મૂલ્ય દર્શાવતા વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

## રોલર સ્કેટીંગ સ્પર્ધા

● આર. એન. લલિતકલા એકેડેમી, ગાંધીનગરમાં મમતા સ્પોર્ટ્સ સેન્ટર અને ક્રિષ્ના એકેડેમી દ્વારા નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન તા. ૪-૫-૨૦૧૫ના રોજ સંસ્થાની સ્કેટીંગ રીંક ઉપર કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાઓના કેજીથી ધોરણ-૧૦ સુધીના ૩૨૭ જેટલાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ સી. પટેલ તથા શ્રી બચુભાઈ પટેલ (પ્રિન્સિપાલ, શેઠ સી. એમ. પટેલ હાઈસ્કૂલ) ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીના વરદ હસ્તે સ્કેટરોને મેડલ, સર્ટિફિકેટ તથા કિટ્સ એનાયત કરવામાં આવેલ. આ સ્પર્ધાનું સંચાલન એકેડેમીનાં સંચાલિકા દીનાબહેન ડોડિયાના માર્ગદર્શન હેઠળ તથા તેનું નિદર્શન અને કોચીંગ સ્કેટર કોચશ્રી વસીમ મનસુરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાલીસભા

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર દ્વારા ઉ. મા. વિભાગ સામાન્ય પ્રવાહના વાલીશ્રીઓને શાળાના નીતિ-નિયમો, સંસ્થા પરિચય, પરિણામો સહઅભ્યાસ પ્રવૃત્તિઓ તથા શાળા પરિવારથી માહિતગાર કરવાના હેતુસર તા. ૧૮-૬-૧૫ના રોજ ખીમજી વિસરામ હૉલમાં વાલીસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૪૫ જેટલાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ઉ. મા. વિભાગના શિક્ષકો પૈકી શ્રી જશુભાઈ એચ. સુતરિયા, શ્રી આર. જી. પટેલ, શ્રીમતી રશ્મિબહેન પટેલે, શ્રી બાબુભાઈ એ. ચૌહાણ તથા શાળાનાં આચાર્યા શ્રીમતી સુધાબહેન પી. પટેલ દ્વારા કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક ઉદ્‌બોધનો દ્વારા વાલીઓને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. બોર્ડની પરીક્ષામાં ગાંધીનગર જિલ્લા અને કેન્દ્રમાં ૯૨.૨૮ ટકા A૧ ગ્રેડ અને ૯૯.૯૮ પર્સન્ટાઈલ રેન્ક મેળવનાર કૉમર્સની કુ. જહાન્વી ઝાલાને તથા આર્ટ્સમાં ૮૫.૧૪ ટકા A૨ ગ્રેડ અને ૯૯.૫૫ પર્સન્ટાઈલ રેન્ક મેળવનાર આર્ટ્સની કુ. ક્રિષ્ના શાહને મેમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ. આ પ્રસંગે ઉપસ્થિત શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુરેશી ગુલીસ્તાએ પોતાના વિકાસમાં શાળાનું યોગદાન વિશે પોતાનાં મંતવ્યો જણાવ્યાં હતાં. આ ઉપરાંત માધ્યમિક વિભાગનો પ્રવેશોત્સવ તથા વાલીસભા તા. ૨૩ જૂનના રોજ યોજવામાં આવેલ, જેમાં ૨૭૯ વાલીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે માધ્યમિક વિભાગના શિક્ષકો પૈકી શ્રી રમણભાઈ પટેલ, શ્રી ફિરોઝાબહેન, શ્રી વિજયભાઈ પટેલ અને આચાર્યાશ્રીએ પ્રેરક ઉદ્‌બોધનો કરીને વાલીશ્રીઓને શાળાના નીતિનિયમો અને તેમની ભૂમિકા અંગે માહિતગાર કર્યા હતાં.

● શ્રી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં સત્રારંભે વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓનાં વાલીઓ તથા શિક્ષકોની વર્ગદીઠ સભાનું આયોજન આચાર્યશ્રી દશરથભાઈ પટેલની નિશ્રા હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુપરવાઈઝર શ્રી અશોકભાઈ પટેલ અને શિક્ષકોએ શાળાના નિયમો, વાલીઓની ફરજો અને બાળકના વિકાસમાં વાલીની ભૂમિકા વગેરે અંગે વાલીઓને માહિતગાર કર્યા હતા. વાલીસભા પ્રસંગે જે તે વર્ગનાં બાળકોએ વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કર્યા હતા.

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા શાળામાં દાખલ થયેલા નવા વિદ્યાર્થીઓ સાથે શિક્ષકનો પરિચય કેળવાય અને વાલીઓ સાથે શાળાનો સુદૃઢ વ્યવહાર વિકસે તે માટે તા. ૧૩ જૂન,

૨૦૧૫ના રોજ શિક્ષક-વાલી પરિસંવાદ કાર્યક્રમ યોજાઈ ગયો. આ ઉપરાંત યોગદિનના મહત્ત્વને સમજાવતો કાર્યક્રમ તા. ૨૦મી જૂનના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, યોગ તજજ્ઞ તથા વક્તા પારુલબહેન ઉપાધ્યાય અને શ્રી ભોગીભાઈ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. ધોરણ-૧માં પ્રવેશલા વિદ્યાર્થીઓ અને તેમનાં માતા-પિતા સાથેનો સંબંધ આત્મીય બને અને પરિચય કેળવાય તે માટે તા. ૨૬મી જૂનના રોજ ઇન્દ્રોડા પાર્કની મુલાકાત યોજાઈ હતી, જેમાં બાળકો સાથે વાલીઓ અને વર્ગશિક્ષકો ખાસ જોડાયા હતા.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધો.-૧/અ અને ૨/કની વિદ્યાર્થિનીઓના અભ્યાસ સંબંધી, શાળાના નિયમ તથા શિક્ષકોનો પરિચય વાલીશ્રીને થાય તેવા શુભ હેતુસર વાલીમીટિંગનું આયોજન શાળાના સેમિનાર હૉલમાં કરવામાં આવ્યું હતું. આ મીટિંગ દરમિયાન બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓના વાલીમિત્રોની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓનાં વાચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકો અને વાલીઓ સાથે તેમના અભિપ્રાયોની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ગીત, એકપાત્રિય અભિનય, વાર્તા અને વક્તૃત્વ રજૂ કર્યાં હતાં.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા શાળા, ગાંધીનગરમાં ધોરણ ૪ની વિદ્યાર્થિનીઓના વાલીશ્રીઓની એક ચિંતન શિબિરનું આયોજન તા. ૨૫-૭-૧૫ શનિવારના રોજ ફાર્મસી કૉલેજ કેમ્પસમાં આવેલ બ્રહ્માણી કૃપા હૉલમાં કરવામાં આવ્યું, જેમાં જુદા જુદા વિષય ભણાવતા શિક્ષકો દ્વારા વાલી પોતાના સંતાનને વિષયો સરળતાથી કેવી રીતે શીખવે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આચાર્યશ્રી નીરૂબહેન જે. પટેલે શાળાકીય પ્રવૃત્તિઓ તથા નિયમોની માહિતી રજૂ કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ 'વર્ષાઋતુ થીમ' આધારિત નૃત્ય રજૂ કર્યું હતું.

## વિશ્વયોગ દિન

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર દ્વારા તા. ૨૧-૬-૧૫ના રોજ પ્રથમ વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ, જેમાં શાળાની ૯૦૦ વિદ્યાર્થિનીઓ, ૬૪ શિક્ષકો, ૨૦ આમંત્રિતો મહેમાનો અને વહીવટી સ્ટાફે યોગ નિદર્શન માટે સવારે ૭.૦૦ કલાકે હાજરી આપી હતી. વધુમાં આ શાળાની હૉસ્ટેલની ૧૫૦ વિદ્યાર્થિનીઓ યોગ નિદર્શન માટે સેન્ટ્રલ વિસ્ટા ઘ-૪ના સ્થળે ઉપસ્થિત રહી હતી. યોગ કાર્યક્રમ છ ભાગમાં વિભાજિત કરવામાં આવેલ, જેમાં પ્રથમ ભાગ બે મિનિટમાં ત્રણ ઓમકાર અને સમૂહ પ્રાર્થના, બીજા ભાગમાં ત્રણ મિનિટ રોટેશન માટેની સૂક્ષ્મ ક્રિયાઓ, ત્રીજા ભાગમાં ૧૫ મિનિટ જુદાં જુદાં ૧૫ આસનો – ઊભા રહીને, બેસીને અને પીઠ પર સૂઈને, ચોથા ભાગમાં બે મિનિટ કપાલભાતીના ૧૦થી ૧૨ સ્ટ્રોક ત્રણ રાઉન્ડમાં, ભાગ-૫માં પાંચ મિનિટ પ્રાણાયામ – નાડીશોધન, અનુલોમ વિલોમ અને ભ્રામરી અને ભાગ-૬માં ૬ મિનિટ માટે ધ્યાનની મુદ્રામાં ધ્યાન કરાવવામાં આવ્યું હતું. યોગ કાર્યક્રમના અંતિમચરણમાં હાથ જોડીને સમૂહ પ્રાર્થના કરાવવામાં આવી હતી. યોગ કાર્યક્રમ પૂર્ણ થતાં દરેકે નીચે મુજબ સંકલ્પ કરેલ : ''હમે હમારે મનકો સંતુલિત રખના હૈ, ઈસમેં હી હમારા આત્મવિશ્વાસ સમાયા હુઆ હૈ. વિશ્વ કી ઐક્યતા કે લીયે સ્વાસ્થ્ય કે લીયે ઔર શાંવર્તા કી વિશ્વ કે પ્રતિ, સમાજ કે પ્રતિ, મેરે કામ કે પ્રતિ, પરિવાર કે પ્રતિ જો કર્તવ્ય હૈ મૈં ઉન્હે પૂરા કરનેકા નિશ્ચય કરતા હું.'' ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમની ઉજવણી કરતાં પહેલાં શાળા કક્ષાએ ધોરણ-૯થી ૧૨ની તમામ વિદ્યાર્થિનીઓ અને શિક્ષકોને તા. ૧૬ અને ૧૭ના રોજ LED પર યોગ નિદર્શન બતાવવામાં આવેલ. તેમજ તા. ૧૯ અને ૨૦ એમ બે દિવસ સુધી તમામ વિદ્યાર્થિનીઓને એક-એક વર્ગ પ્રમાણે પ્રાયોગિક રીતે યોગનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યાશ્રી સુધાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના ઉ.મા. વિભાગનાં વ્યાયામ શિક્ષિકા શ્રીમતી ઉર્વશીબહેન આર. જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૧-૬-૧૫ના રોજ નિષ્ણાત યોગગુરુ પ્રો. મનુભાઈ એ. પટેલ દ્વારા યોગ અને પ્રાણાયામના મૂલ્ય અને તેનાથી થતા ફાયદાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. પ્રેક્ટિકલ જ્ઞાન દ્વારા સૌએ ઉત્સાહભેર યોગદિવસને વધાવી લીધો હતો. આ ઉપરાંત તા. ૩-૭-૧૫ના રોજ ''વર્ષાઋતુ ગીતગાન સ્પર્ધા''નું આયોજન કરવામાં આવતાં ધો. ૧૧ અને ધો. ૧૨ કૉમર્સના ૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## શૈક્ષણિક મુલાકાત

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ-૬ની ૩૬૦ વિદ્યાર્થિનીઓ તથા સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોએ તા. ૭-૭-૧૫ના રોજ શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબાની શૈક્ષણિક મુલાકાત લીધી હતી, જેમાં ગ્રંથાલય, સંગ્રહાલય આદિનાથપ્રભુ જિનાલય ઉપરાંત ભોજપત્રો, તામ્રપત્રો, શિલાલેખ, વિવિધ પ્રાચીનલિપિઓ, જૈનધર્મનાં પુસ્તકોની પ્રદર્શની નિહાળી હતી. આ ઉપરાંત ધોરણ-૮ની ૩૫૦ વિદ્યાર્થિનીઓએ તા. ૨૨-૭-૧૫ના રોજ કેમ્પસમાં સ્થિત એમ.એસ.સી. બાયોટૅકનોલૉજી વિભાગની મુલાકાત લીધી હતી. આ વિદ્યાર્થિનીઓએ તેમના વિજ્ઞાન વિષયક અભ્યાસક્રમને ધ્યાનમાં લઈ નેટહાઉસ, મશરૂમ ઉછેર, ફૂગ, બેક્ટેરિયા પાડવાનું મશીન, સૂક્ષ્મદર્શકયંત્ર, વાઈરસ, જીવાણુ, વગેરેની સ્લાઈડ સંબંધી માહિતી મેળવી હતી. આ પ્રસંગે માર્ગદર્શન માટે વિભાગીય વડા પ્રો. શર્મા, પ્રા. બુશરા મેડમ તથા પી. જી.ની વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. મુલાકાતનું આયોજન વિજ્ઞાન શિક્ષકશ્રી ચંદ્રકાન્તભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સમર કૅમ્પ

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર દ્વારા બાળકોની સર્જનાત્મક શક્તિ ખીલે અને તેમનો બૌદ્ધિક / માનસિક વિકાસ થાય તે હેતુથી ઉનાળુ વૅકેશનના પ્રારંભમાં તા. ૫થી ૯/૫/૧૫ દરમિયાન સમર કૅમ્પ યોજવામાં આવ્યો હતો, જેમાં કુલ ૩૦ પ્રવૃત્તિઓમાં ૪૨૫ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રિ-પ્રાયમરી વિભાગમાં આઉટડોર ગેમ્સ, ટોય હાઉસ અને ઇન્ડોર ગેમ્સમાં જુદીજુદી બાર પ્રવૃત્તિઓ, પ્રાથમિક વિભાગ (ધોરણ ૧થી ૪)નાં વિદ્યાર્થીઓએ ડાન્સ, પઝલ, કોયડા જેવી જુદી-જુદી નવ પ્રવૃત્તિ અને ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક તથા ઉ.મા. વિભાગ (ધોરણ ૫થી ૧૨)નાં વિદ્યાર્થીઓએ રોપ-વે ઍન્ડ ટ્રેકીંગ, રાયફલ શૂટિંગ, કરાટે, રોબોટિક્સ, ચેસ, કૅરમ, ટેબલ ટેનિસ જેવી જુદી-જુદી બાર પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર બાળકોને લાવવા-લઈ જવાની વ્યવસ્થા સંસ્થા દ્વારા નિઃશુલ્ક કરવામાં આવી. સમર કૅમ્પનું ઉદ્ઘાટન તા. ૫-૫-૨૦૧૫ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રેસિડેન્ટશ્રી ડૉ. કનુભાઈ ડી. પટેલના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના ચૅરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ તથા કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. વીણાબહેન પટેલ અને કૌશલ્યાબહેન પટેલની પ્રેરક ઉપસ્થિતિએ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સમર કૅમ્પ સંયોજક શેઠ સી. એમ. હાઈસ્કૂલના પ્રિ. બચુભાઈ પટેલ અને વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓએ આ આયોજનમાં સંપૂર્ણ સહકાર આપી સમર કૅમ્પ સફળ બનાવ્યો હતો.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર

**વર્ષ : ૫, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૫, સળંગ અંક : ૨૮**

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**

ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

## મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટર
## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું ગૌરવ
## I. R. S. થયાં



### કુમારી રાજતનિલ નીતિરાજસિંહ સોલંકી

મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટર, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનાં વિદ્યાર્થિની કુમારી રાજતનિલ નીતિરાજસિંહ સોલંકી (જ. તા. 27-12-86)એ ચાલુ વર્ષે યુ.પી.એસ.સી., નવી દિલ્હી દ્વારા લેવાયેલ ઇન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષા ઑલ ઇન્ડિયા રેન્ક – AIR - 367મા ક્રમે પાસ કરીને I. R. S. માટે પસંદ થયાં છે. કુમારી રાજતનિલે ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડિયાદમાંથી કમ્પ્યૂટર એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી (B. E. Comp.) 2007માં મેળવ્યા બાદ સ્પીપા, અમદાવાદમાંથી સિવિલ સર્વિસની પરીક્ષા માટે વર્ષ 2007-2010માં પ્રશિક્ષણ મેળવ્યું હતું. આ ઉપરાંત મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટરમાંથી પણ માર્ગદર્શન મેળવ્યું હતું, તેમજ સેન્ટર દ્વારા આયોજિત ટેસ્ટ સિરિઝનો પણ લાભ લીધો હતો. તેમણે વૈકલ્પિક વિષય તરીકે ગુજરાતી સાહિત્ય પસંદ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે કુ. રાજતનિલનું વતન પાટણ છે અને તેમના પિતા I.P.S. ઑફિસર (IGP IB, Gandhinagar) છે. કુ. રાજતનિલે જણાવ્યું કે બાલ્યવયથી જ સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરવી એ તેમનું સ્વપ્ન અને આખરી ધ્યેય રહ્યો છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર કુમારી રાજતનલિ સોલંકીને તથા તેમનાં માતા-પિતાને ઉચ્ચતમ સિદ્ધિ હાંસલ કરવા માટે હાર્દિક અભિનંદન પાઠવે છે.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 5, Issue No. 4 July-August 2015**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



તા. ૨૧ જૂન, ૨૦૧૫ના રોજ 'વિશ્વયોગ દિન'ની ઉજવણી નિમિત્તે શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ યોગાસન કરી રહી છે તેનું દશ્ય

